# કલ્યાણ

આર્ય સન્સ્કૃતિનું સંદેશવાહક

સંપાદકો : કીરચંદ જે. શેઠ ● મનોજકુમાર શેઠ

વર્ષ : ૫૧ • અંક - ૯ • ડીસેમ્બર ૧૯૯૪ • માગશર ૨૦૫૧

# કલ્યાણ

• વર્ષ : ૫૧ • અંક : ૯
• ડિસેમ્બર : ૧૯૯૪
• માગશર : ૨૦૫૧

• માનાર્હ સંપા૦ કીરચંદ જે. શેઠ, મનોજકુમાર કે. શેઠ
• મુંબઇના માનાર્હ કાર્યકર : કાંતિલાલ સુખલાલ શાહ
સંદીપ મેન્શન, એફ-૧, ભાંગવાડી, કાલબાદેવી, મુંબઇ-૨

किं भोगसुखैः परिणाम-दुःखैः

## વિપાકો દુઃખના જેના, સર્યું એ ભોગસુખથી

## (૨૨૫)

ભૂખનું દુઃખ દૂર કરવું, એ જેટલી મહત્ત્વની બાબત છે, એથી કેઈ ગણી વધુ મહત્ત્વની બાબત ભૂખનું આ દુઃખ દૂર કરવા કેવું ભોજન આવકારવું, એ છે ! ભૂખનું દુઃખ દૂર કરવા કાજે સામે દૂધપાકના પ્યાલા ભરેલા પડ્યા હોય, પણ એ જો વિષમિશ્રિત હોય, તો કોઈ એની પર નજર પણ કરતું નથી, આની સામે જો બાજરાના સૂકા રોટલાનું નિર્વિષ ભાણું પીરસાયું હોય, તોય ભૂખનું દુઃખ દૂર કરવા એને હોંશ અને હૈયાથી આવકાર આપવામાં આવતો હોય છે.

માનવ-માત્રની આ તાસીર જ એ સત્યની/સચ્ચાઈની વધુ પ્રતીતિ કરાવી જાય છે કે, ભૂખના દુઃખને દૂર કરવું એ જરૂર મહત્વનું છે, પણ એથીય વધુ મહત્વની ચીજ આહાર-ભોજનના પરિણામની વિચારણા છે ! એથી જ ઝેરમિશ્રિત દૂધપાકથી ભૂખનું દુઃખ દૂર થતું હોવા છતાં, આના વિપાક રૂપે આવી પડનારા મોતના મહાદુઃખનો વિચાર જ માનવ પાસે એ દૂધપાકને જાકારો અપાવીને સૂકા રોટલાને આવકાર અપાવે છે.

આપણી સમક્ષ બે જાતના સુખ પ્રત્યક્ષ છે : એક ભોગસુખ, બીજું ત્યાગ સુખ ! સંસારી ભલે ભોગસુખને જ સુખ માને. પણ ત્યાગ દ્વારાય એક અનુપમ સુખ અનુભવાય છે, આ હકીકત છે. આની વિચારણાને હાલ બાજુ પર રાખીને પ્રસ્તુતમાં ઊંડાણથી

પૂજ્ય આચાર્યદેવ
શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વિચારવા જેવું એ છે કે, ભોગસુખ સરસ જણાવા છતાં વિષમિશ્રિત દૂધપાકની સાથે સમાનતા ધરાવે છે, એથી એના વિપાક રૂપે દુઃખોનો ભોગવટો અવશ્યંભાવિ બની જતો હોય છે. ત્યાગસુખ દેખીતી રીતે રોટલાના ભાણા સમું નિરસ ભાસે છે, પણ આના પ્રભાવે સાચા સુખની સૃષ્ટિનું અવતરણ અવશ્યંભાવિ બને છે.

સુભાષિતે આ જ વાતને બીજી રીતે રજૂ કરી છે કે, એવા ભોગસુખોથી સર્યું, જે પરિણામે દુઃખોની વણઝારને ખેંચી લાવનારા હોય ! કણ જેટલી સુખ-મજાની ટન જેટલી દુઃખ સજા ! ભોગ-સુખોના ભાલે લાગેલી આ એક એવી કાળી-ટીલી છે કે, જેને કોઈ જ ધોઈ શકે એમ નથી. ભોગનું કોઈ પણ એવું મોજથી ભોગવાતું સુખ મળવું અશક્ય છે, જે પરિણામે દુઃખોમાં પલટાતું ન હોય ! માથાનો દુઃખાવો દૂર કરી આવતી દવા, જો હાર્ટ-છાતીની મજબૂતાઈને તોડી નાખવામાં નિમિત્ત બનીને એક દહાડો 'હાર્ટફેઈલ'નો વિપાક નોંતરી લાવતી હોય, તો આવી દવાને કયો ડાહ્યો માણસ આવકારે ? તત્કાળ દર્દ દૂર કરવા છતાં 'રીએક્શન'નો વિપાક આણનારા 'ઈંજેક્શન'થી આરોગ્ય-પ્રેમીઓ સો ગાઉ દૂર રહેતા હોય છે. તો પછી આત્માના આરોગ્યને ઈચ્છનારાઓ દુર્ગતિ-દુઃખોનું 'રીએક્શન' લાવનારા ભોગસુખોને ભેટી પડવાનું ભોળપણ દાખવે ખરા ?

ભોગનું સુખ 'રીએક્શન' રહિત નથી, જ્યારે ત્યાગના સુખને કોઈ 'રીએક્શન' અભડાવી શકતું નથી. લોભનું સુખ, મૂર્ચ્છા-ગૃદ્ધિ, સાચવવાની તકેદારી, ચોરીનો ભય અને વધુ ને વધુ મેળવવાની નિત્ય-યૌવના તૃષ્ણા વગેરે કેટલા બધા દુઃખોથી વીંટળાયેલું-ઘેરાયેલું છે ! જ્યારે લોભત્યાગના સુખને આમાંનાં કોઈ પણ દુઃખનો ઓછાયોય અભડાવી શકે એમ છે ખરો ?

ક્રોધ-માન-માયા-લોભ : આ ચાર ચીજો દ્વારા થતા સુખાનુભૂતિના આભાસની આસપાસ-ચોપાસ દુઃખોનો દરિયો ઘૂઘવી રહ્યો છે, જ્યારે ક્ષમા-નમ્રતા-સરળતા સંતોષ: આ ચીજો જે નક્કર સુખનો ભોગવટો કરાવી જાય છે, એને દુઃખનો એકાદ-અંશ પણ અભડાવી શકવા સાવ જ નામર્દ છે, આ સત્યનો કોણ ઈન્કાર કરી શકે એમ છે ?

ભર્તૃહરીનું પેલું વૈરાગ્ય-ગાન કાન આગળ ગુંજી ઉઠે છે : ભોગમાં રોગનો, વંશ-વેલામાં એની વૃદ્ધિ અટકી જવાનો, ધનમાં રાજાના કરવેરાનો, માનમાં દીનતાનો, બળમાં શત્રુનો, રૂપમાં જરાનો, વિદ્વત્તામાં વિવાદનો, ગુણમાં નિંદાનો અને કાયામાં મૃત્યુનો ભય રહેલો છે. આવી આ બધી જ ચીજો ભયની ભૂતાવળથી ઘેરાયેલી છે. આમાં નિર્ભય જો કોઈ હોય, તો તે એક વૈરાગ્ય છે.

વૈરાગ્યને વરેલી નિર્ભયતા જો બરાબર સમજાઈ જાય, તો પછી દુઃખમાં પરિણમનારા 'ભોગ-સુખ'માં આપણને થતી ભોગ અને સુખની ભ્રમણાનો ભાંગીને ભૂક્કો થઈ ગયા વિના ન રહે !

*વહી ગયેલી વાર્તા : મિત્ર મિત્રાનંદના કપાળે લખાયેલું કમોત ટાળવા અમરદત્ત પણ એની સાથે ઉજ્જયિની છોડીને પાટલિપુર આવ્યો. પણ પાટલિપુરમાં અમરદત્ત એક નવી જ આપત્તિમાં અટવાયો. ઉદ્યાનમાં રહેલી એક પૂતળી પાછળ એ પાગલ બન્યો. પથ્થરની પાછળ સુધબુધ ખોઈ બેઠેલા મિત્રને જોઈને મિત્રાનંદ રડી ઉઠ્યો. એના આંસુ લૂંછવા એ ઉદ્યાનના માલિક શેઠ ત્યાં જ હાજર હતા. બધી વાત સાંભળીને એમણે મિત્રાનંદને કહ્યું : આ મંદિરનો નિર્માતા હું છું. કોંકણ દેશમાં આવેલ સોપારકપુરના શિલ્પી સૂરદેવે આનું નિર્માણ કર્યું છે. તું જો શિલ્પી પાસે પહોંચી જાય, તો આ પૂતળીમાં કઈ સ્ત્રીનો આકાર અવતરિત કરાયો છે, આ તને જાણવા મળે. તો અમરદત્તની અમર આશા ફળીભૂત બનવાની શક્યતા ગણાય. એ શેઠનું નામ રત્નસાર હતું. રત્નસાર શેઠે અમરદત્તના આધાર બનવાની જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી અને મિત્રની મનોવ્યથા મિટાવવાની મર્દાનગી સાથે મિત્રાનંદ એકલો કોંકણ દેશ તરફ જવા રવાના થયો.*

## મિત્રની મનોવ્યથા મિટાવવા, મિત્રની મર્દાનગી
### પ્રકરણ - ૪

મિત્ર અમરદત્તની મનોવ્યથાને મિટાવવા કાજેની મર્દાનગીથી થનગનતા મિત્રાનંદે જ્યારે પાટલિપુરનો ત્યાગ કર્યો, ત્યારે એની આંખ સામે દૂરદૂરનો કોંકણ દેશ અને એનું સોપારક નામનું બંદર એક સ્વપ્નની જેમ પ્રતિભાસિત થઈ રહ્યું હતું. તેમજ એના કાનમાં વિદાય વેળાએ અમરદત્તે કહેલા શબ્દો ગુંજી રહ્યા હતા. ત્યારે કોલ માંગતા અમરદત્તે કહ્યું હતું કે, મિત્રાનંદ, તને આમ એકલો અટૂલો મોકલતા મારો જીવ ચાલતો નથી. પણ શું થાય, કટોકટી જ એવી ખડી થઈ છે કે, વિયોગાવસ્થાને વધાવવી પડે છે. પણ છેલ્લે છેલ્લે એટલું વચન માંગી લઉં છું કે, બે મહિનાની અંદર તું પુનઃ પાટલિપુર આવી જ જજે. જો બે મહિના ઉપર એક ઘડી પણ મોડો આવીશ, તો નક્કી જાણજે કે, ભડભડતી ચિંતામાં પડીને હું મૃત્યુ પામી ચૂક્યો હોઈશ !

અમરદત્તે વિદાય વખતે કહેલા આ શબ્દો મિત્રાનંદ ભૂલવા માંગે, તોય ભૂલી શકે એમ ન હતો. એથી પોતાનો પ્રવાસ ઝડપી બનાવ્યા વિના એને ચાલે એમ જ ન હતું. કોંકણ દેશ તરફ જતા રસ્તામાં જોવા લાયક અનેક સ્થળો અને ગામ-નગરો આવતા હતા, પણ એને જોવાનો અત્યારે સમય ન હોવાથી સામાન્ય રીતે મહિના પછી જ્યાં પહોંચી શકાય, એ કોંકણ દેશમાં મિત્રાનંદ પંદર દિવસમાં જ પહોંચી ગયો. સોપારક પ્રસિદ્ધ બંદર હતું, એથી કોંકણ દેશમાં પહોંચ્યા બાદ સોપારકને શોધી કાઢતા મિત્રાનંદને બહુ મુશ્કેલી ન પડી.

રસ્તામાં વિઘ્નો અને આપત્તિઓ ઠીક ઠીક આવી. પણ મિત્ર કાજે એ બધું વેઠી લેતા મિત્રાનંદે એક જાતનો આનંદ અનુભવ્યો. એ વખતે એને એવો વિચાર આવતો કે, અમરદત્તે મારી ખાતર જ કેટલું બધું વેઠ્યું છે ? કમોતે મરવાની આગાહી મારા માટેની હતી, એને તો ઉજ્જયિનીમાં કોઈ ભય ન હતો. આમ છતાં મારી ખાતર એશ-આરામનું જીવન છોડી દઈને વનવગડાની વાટે મારી સાથે આવનાર અમરદત્ત માટે હું આ જે દુઃખો વેઠું છું, એ તો કોઈ હિસાબમાં જ ન ગણાય, એટલા ગૌણ છે.

આ જાતના વિચારો આવતા જ, કમોતે મરવાની જે આગાહી સાચ જ ભૂલાઈ ગઈ હતી, એ એકાએક તાજી થઈ જતા એકવાર તો મિત્રાનંદના શરીરમાં ધ્રૂજારી ફરી વળી. એની ઠીકઠીક પ્રસન્નતા એ ગોઝારી-આગાહીની યાદ આવતા જ વેરવિખેર થઈ ગઈ. પણ સોપારકમાં પ્રવેશતા જ અને પોતાના કર્તવ્યનું ભાન થતા જ મિત્રાનંદ પુનઃ પ્રસન્ન બની ઉઠ્યો અને ઝડપભેર પોતાનું કાર્ય પતાવવા એ કામે વળગ્યો.

સુંદર વસ્ત્રોમાં સજ્જ બનીને મિત્રાનંદ સૌ પ્રથમ તો સૂત્રધાર સૂરદેવના ઘરે પહોંચ્યો. મિત્રાનંદનો પહેર-

વેશ, અને એના હાથમાં રહેલું ભેટણું જોઈને શિલ્પકાર સૂરદેવને થયું કે, આ કોઈ શ્રીમંત શ્રેષ્ઠિપુત્ર જણાય છે ! એથી શિલ્પીએ પણ એનો સુંદર સત્કાર કર્યો. મિત્રાનંદ સીધી રીતે જ વાત જાણવા માંગતો ન હતો ચાતુરીથી વાત જાણી લેવાની એની યોજના હતી. એ યોજના મુજબ એણે વાતચીત શરૂ કરી :

''સૂત્રધાર સૂરદેવ ! તમારી નામના કામના બહુ સાંભળી છે. હું એક મંદિરનું નિર્માણ કરવાની ભાવના રાખું છું. એથી જ દૂરદૂરથી હું અહીં આવું છું. મારે એક બેનમૂન મંદિરનું નિર્માણ કરવું છું. એ માટે જ પાટલિપુરથી છેક સોપારક સુધીનો પ્રવાસ મેં ખેડ્યો છે. તમારી પાસે એવા કોઈ મંદિરની પ્રતિકૃતિ છે કે, જેના દર્શને સૌ કોઈ ખુશ થઈ જાય !''

પાટલિપુરનું નામ આવતા જ સૂરદેવ ખુશ થઈ ગયો. એને એવો વિશ્વાસ હતો કે, પાટલિપુરથી આવનાર આ અતિથિએ મેં બનાવેલું મંદિર જોયું ન હોય, એ બને જ નહિ ! સાચેસાચ એ મંદિર એવું અદ્ભુત હતું કે, પાટલિપુર આવનારો કોઈ પણ પ્રવાસી ભાગ્યે જ એના દર્શનથી વંચિત રહેતો. સૂરદેવે કઇક ગૌરવ સાથે પૂછયું : શું પાટલિપુરથી તમે આવો છો ? અને શ્રેષ્ઠિ રત્નસારે બંધાવેલા જિનમંદિરના દર્શન તમે નથી કર્યા ?

મિત્રાનંદે કહ્યું : પાટલિપુરના એ મંદિરના દર્શન કર્યા છે, એથી જ તો એના શિલ્પકારની શોધમાં મેં આ રીતે ગામોગામનો પ્રવાસ આરંભ્યો છે. અદ્ભુત એ મંદિર છે. એના શિલ્પકારનો મને ભેટો થઈ જાય, તો તો મારો બેડો પાર ! મારે એવું જ મંદિર બંધાવવું છે.

સૂત્રધારની છાતી ગજ ગજ ફુલાઈ ગઈ. એણે કહ્યું : એ મંદિરનું નિર્માણ મેં જ કર્યું છે. એ કાર્ય પૂર્ણ થયાને હજી વર્ષ પણ પૂરું થયું નથી. શેઠ રત્નસારે પાણીની જેમ પૈસો વહાવ્યો છે, પછી તો એ મંદિરમાં અદ્ભુતતા આવે જ ને ?

મિત્રાનંદે આંખ વિસ્ફારિત કરતા કહ્યુંઃ શું પાટલિપુરના એ મંદિરનું નિર્માણ તમે જ કર્યું છે ? તો તો મારો આંટો સફળ ! અને મારી આંખ તમારા દર્શને ધન્ય બની ! રત્નસાર શેઠ ઉદાર હશે, એમાં ના નહિ. પણ એ મંદિરની અદ્ભુતતાનો ખરેખરો યશ તો તમારી શિલ્પકળાને જ આભારી છે. પૈસો કંઈ શિલ્પકળાને પેદા કરી શકતો નથી. શિલ્પકળા તો એક સિદ્ધિ છે. કાળજામાં કંડારાયેલી એ સિદ્ધિને પથ્થર પર અંકિત કરાવવામાં પૈસો નિમિત્ત બની જાય ખરો, પણ આ સિદ્ધિની પ્રાપ્તિ તો સાધનાથી જ થાય. આવા સાધક તરીકે તમને મારા શતશત પ્રણામ !

સૂરદેવના ચરણને છબીને પોતાને કૃતાર્થ માનતો મિત્રાનંદ ઊભો રહ્યો. શિલ્પકારે કહ્યું : હું તો નિમિત્ત-માત્ર છું. એ મંદિર-નિર્માણનું સંપૂર્ણ શ્રેય તો શેઠ રત્ન-સારના શિરે જ છે. બોલો, એ મંદિર તમને ગમ્યું ખરું ?

મિત્રાનંદે કહ્યું : ગમ્યું શું ? એ મંદિર તો મારા મનમાં જ વસી ગયું છે ! શી બાંધણી ? શું શિલ્પાંકન ! કેવી કોરણી અને કેવી ઊભણી ! એમાંય પૂતળીઓમાં તો જાણે પ્રાણ પૂરવા સિવાય કંઈ જ બાકી રાખ્યું નથી ? હા, પણ એક વાત પૂછું ?

શિલ્પકાર મિત્રાનંદ પર ખુશ ખુશ હતો. એણે કહ્યું : એક જ શા માટે, જેટલી વાત પૂછવી હોય, એટલી પૂછી નાખો ને ? તમારા જેવો શિલ્પવિદ્યાનો રસિક શ્રોતા મને પાછો ક્યારે મળવાનો હતો ?

મિત્રાનંદ હવે મૂળ મુદ્દા પર આવ્યો. એણે પૂછ્યું : આમ તો પૂરા મંદિરમાં શિલ્પ-વિદ્યા સાકાર થઈ છે. પણ એમાંય મંદિરના પરિસરમાં જે પૂતળીઓનું રેખાંકન થયું છે, એ તો અજોડ છે. એ રેખાંકન શું એક કલ્પનાસૃષ્ટિ જ છે કે પછી કોઈ વાસ્તવિકતાનો શિલ્પાવતાર છે. મારે મન તો કલ્પનાસૃષ્ટિ હોય કે વાસ્તવિકતા હોય, એથી કશો જ ફરક પડતો નથી ! બંને પૂરા દિલથી ચાહવા જેવી ચીજો છે. છતાં જે પ્રશ્ન જાગ્યો, એ રજૂ કરી રહ્યો છું.

મિત્રાનંદે પ્રશ્ન એવી કુશળતાથી અને શિલ્પીનો પ્રેમ સંપાદન કર્યા પછી પૂછ્યો હતો કે, સૂરદેવને કંઈ જ છૂપાવવાનું મન ન થાય. એણે કહ્યું : મિત્રાનંદ ! એ પૂતળીમાં મેં કલ્પનાને વિહાર કરાવ્યો નથી. પણ એક વાસ્તવિકતાને જ શિલ્પાવતરિત કરી છે. અવંતિપુરીનું નામ તો તમે સાંભળ્યું જ હશે ?

અવંતિપુરી ! આ શબ્દોચ્ચાર થતાની સાથે જ મિત્રાનંદની સમક્ષ માલવદેશ...ઉજ્જયિની નગરી.. સાગરશેઠ .. આદિ કેટકેટલું સાંભરી આવ્યું. પણ એ સ્મરણસૃષ્ટિને નજર આગળથી દૂર કરી દઈને એણે કહ્યુંઃ અવંતિપુરી જ નહિ, ત્યાંના રાજવી મહાસેનનું નામ

પણ ઠીક ઠીક વાર સાંભળ્યું છે.

સૂત્રધારે રહસ્ય ખુલ્લું કરતા કહ્યું : બસ આ મહાસેન રાજાની કુમારી રત્નમંજરીનું જ પ્રતિબિંબ મેં પૂતળીમાં ઊતાર્યું છે. લોકો તો કહે છે કે, રત્નમંજરી અને એ પૂતળીમાં કોઈ જ તફાવત નથી ! સિવાય પ્રાણપ્રતિષ્ઠા ! પૂતળી નિષ્પ્રાણ છે, જ્યારે રત્નમંજરી સપ્રાણ છે.

આ બધી વાતચીતમાં બે ઘડી ક્યાં પૂરી થઈ ગઈ. એનો ખ્યાલ પણ ન રહ્યો. મિત્રાનંદનું કાર્ય હવે પૂર્ણ થઈ ગયું હતું. એણે વાતને સમેટતા કહ્યું : મંદિર તો મને ખૂબ જ પસંદ પડ્યું છે. બરાબર એવું જ મંદિર હું નિર્માણ કરાવવા માંગુ છું. સ્થળ/કાળનો નિર્ણય હવે થવાનો છે. બાકી મુખ્ય સૂત્રધાર તરીકેનો કળશ તમારા શિરે ઢોળીને હું વિદાય થાઉં છું. બધું નક્કી થયા બાદ હું તમને તેડવા આવીશ. તમારાં પરિચયથી આજે મેં જે પ્રસન્નતા અનુભવી છે, એ વર્ણવી શકાય એવી નથી.

શિલ્પકાર અને મિત્રાનંદ છૂટા પડ્યા. મિત્રાનંદના આનંદનો પાર ન હતો. ધાર્યા કરતા ખૂબ જ સહેલાઈથી અને ધારણા કરતા ખૂબ જ વહેલાં શિલ્પાંકિત સુંદરીનાં નામ-ઠામ મળી ગયાં હતાં. એથી હવે અવંતિપુરી તરફ જવાની તૈયારી કરવાની હતી. આ કાર્ય એક બે દિવસમાં પતાવીને મિત્રાનંદે અવંતિ તરફ પ્રયાણ આદર્યું.

સોપારક એક પ્રસિદ્ધ બંદર હતું. એના સાગર તટે ધમધોકાર વેપાર-વણજ ચાલતા હતા. દેશ પર-દેશના વહાણોની અવરજવર ત્યાં દિનરાત ચાલુ જ રહેતી હતી. આવતી વખતે મિત્રાનંદ માટે આ બધું જોવાનું શક્ય બન્યું નહતું. કેમકે શિલ્પાંકિત સુંદરીના નામઠામ મેળવવાની ચિંતાથી એનું ચિત્ત આકુળવ્યાકુળ હતું. પણ હવે પાછા ફરતી વખતે તો આવી કોઈ ચિંતા નહતી. એથી એ સાગરતટનું સૌન્દર્ય માણતો માણતો મિત્રાનંદ અવંતિ તરફ આગળ વધતો ગયો.

થોડા દિવસોના પ્રવાસ બાદ માલવદેશની હદ શરૂ થઈ, મિત્રાનંદે નામાંતર-વેશાંતર કરી લીધું. જેથી પોતાને કોઈ ઉજ્જયિનીના વાસી અને સાગરશ્રેષ્ઠિના પુત્ર તરીકે ઓળખી ન જાય. એ અંધારી રાતે પાટલિપુરના પંથે અશ્વ દોડાવી મૂક્યા પછી ઉજ્જયિનીમાં શું શું થયું ? એ જાણવાની ઉત્કાંઠા જાગે, એ સહજ હોવા છતાં એ ઉત્કંઠાને વશ થયા વિના મિત્રાનંદે અવંતિ તરફનો પ્રવાસ લંબાવ્યો. આમ છતાં ઉડતા સમાચાર દ્વારા એ એટલું જાણી શક્યો કે, પોતાની વિદાય બાદ ઉજ્જયિનીમાં અને ખાસ તો માતપિતાના ઘરે લોહીના જે આંધણ મૂકાયા હતા, એમાં દિવસેદિવસે તપારો વધતો જ જતો હતો. અને પોતાની સોધખોળ ચાલુ જ હતી.

થોડા વધુ દિવસોના પ્રવાસ પછી મિત્રાનંદ એક દહાડો અવંતિપુરીના પાદરે આવી ઊભો. આ પૂર્વે તો એ સુંદરીના નામકામ મેળવવાના જ મનોરથ હતા. પણ હવે તો સાક્ષાત સુંદરીને મેળવીને પાટલિપુર લઈ જવાનો મિત્રાનંદનો નિશ્ચય હતો. આ ખૂબ જ કઠિન કાર્ય હતું. છતાં ''સાહસેન સિદ્ધિ''માં માનનારા મિત્રાનંદે સાહસભરી યોજનાઓ ઘડવા માંડી. સૌ પ્રથમ તો અવંતિના પાદરે આવેલ એક દેવીમંદિરના આંગણામાં રહેલી ધર્મશાળામાં રહેવાનું એણે નક્કી કર્યું. એ દિવસોમાં મારી-મરકીનો ઉપદ્રવ જોરદાર હતો. એથી સ્વાસ્થ્ય-ચિંતા કર્યા વિના ચાલે એમ ન હતું. પણ મિત્રાનંદ તો મિત્રોપકાર કરવા નીકળ્યો હતો. એથી કાર્યસિદ્ધિ થતી હોય, તો શરીર સામે જોવાની એને દરકાર જ નહોતી.

દેવી મંદિરમાં આવેલ ધર્મશાળાના આંગણામાં મિત્રાનંદે પ્રવેશ કર્યો, ત્યારે સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. અને નગરનાં દ્વાર બંધ થવાની પળ પણ નજીક હતી. મિત્રાનંદ હજી ઠરીને બેસવાની તૈયારી કરતો હતો, ત્યાં જ એક ઘોષણા એના કાને અથડાઈ : શેઠ ધનદાસનો ધનપ્રિય નામનો પુત્ર અકાળે મૃત્યુ પામ્યો છે. આખી રાત સુધી એના શબના સંરક્ષણની જવાબદારી જે સ્વીકારશે અને બરાબર અદા કરશે, એને શેઠ ધનદાસ ૧ હજાર સુવર્ણમુદ્રાઓ પારિતોષિક રૂપે આપશે.

આ ઘોષણા સાંભળીને મિત્રાનંદને નવાઈ લાગી. એણે ધર્મશાળાના દ્વારપાળને પૂછ્યું કે, આ શું ? મૃતકના રક્ષકને આટલું બધું જંગી પારિતોષિક ? આનું કોઇ કારણ ?

દ્વારપાળે બધી વિગત જણાવતા કહ્યું : અવંતિમાં થોડાદિવસોથી મારી-મરકીનો ઉપદ્રવ ચાલે છે. એથી કોઈ મરી જાય, તો એના મૃતકને રાતે ઘરમાં રાખવાથી

ભૂતપ્રેત પિશાચ-વેતાળ આદિના ઉપદ્રવોની શંકા રહે છે. ધનપ્રિય સાંજે મર્યો અને સૂર્યાસ્ત સુધીમાં તો નગરના દ્વાર બંધ થઈ જાય ! એથી રાતે એના દેહનો અગ્નિદાહ ન થઈ શકે. માટે કોઈ સાહસિક જ મૃતક-રક્ષાનું કાર્ય સંભાળી શકે, એ સાહસિકને લોભાવવા આવું જંગી પારિતોષિક તો રાખવું જ પડે ને !

આ વિગત સાંભળતા જ મિત્રાનંદની મર્દાનગી અને કુતુહલવૃત્તિ જાગી ઉઠી. વળી એને વધુ સુવર્ણમુદ્રાઓની પણ આવશ્યકતા હતી. કેમકે રત્નમંજરીને મેળવવાની યોજના સહેલી નહતી ! એમાં સુવર્ણમુદ્રાઓ વેર્યા વિના ચાલે એમ ન હતું. એથી મિત્રાનંદે મૃતકની રક્ષા માટેની ઘોષણા સ્વીકારી લીધી અને એ તરત જ શેઠ ધનદાસના ઘરે જઈ પહોંચ્યો. શેઠે એને પાંચસો સુવર્ણમુદ્રાઓ આપતા કહ્યું : તું કર્તવ્યના પાલનમાં ઉત્તીર્ણ થઈશ, પછી બાકીની ૫૦૦ સોનામહોરો સવારે આપીશ. માટે જા, મૃતકનું રક્ષણ બરાબર કરજે. કોઇ ભૂતપ્રેત આવે, તો ડરી જઈને આ શબ ભૂતપ્રેતને આપી ન દેતો.

મિત્રાનંદને પોતાની સમશેર પર વિશ્વાસ હતો. સાહસિકતા અને સમશેરના બળે ગમે તેવા ભૂત-પ્રેતોને ભગાડી મૂકવાના અડગ-નિરધાર સાથે એણે મૃતક રક્ષાનું કાર્ય સંભાળ્યું. મધરાતે ઉપદ્રવો આવવા છતાં એની નીડરતા અને નિર્ભયતા વિજયી નીવડી. સવારે ધનપ્રિયનું મૃતક એના પિતા ધનદાસને સોંપીને મિત્રાનંદે બાકીની પાંચસો સોનામહોરોની માંગણી કરી. ધનદાસ નામથી જ નહિ, કામથી પણ ખરેખરો ધનનો દાસ હતો. એણે સોનામહોરો આપવાની ચોખ્ખી 'ના' તો ન પાડી, પણ આજ કાલ કરતા ત્રણ ચાર દિવસ કાઢી નાખ્યા. અંતે એક દિ' છેલ્લી માંગણી કરતા મિત્રાનંદે કહ્યું : શેઠ ધનદાસ, તમે તો ''ગરજ સરી એટલે વૈદ વેરી'' જેવું કર્યું. પાંચસો સોનામહોરની આ છેલ્લી જ માંગણી કરવા તમારી પાસે આવ્યો છું. આજે જો તમે સુવર્ણ મુદ્રાઓ નહિ આપો, તો પછી રાજદરબારમાં હું તમારી પાસે આ વસૂલાત કરીશ, એટલું નોંધી રાખજો. આમ, મારા જેવા પરદેશીને આ રીતે આંટાફેરા મરાવતા તમારે શરમાવું જોઈએ.

આ માંગણી પણ શેઠધનદાસે સાંભળી-ન-સાંભળી કરી, એથી વધુ છંછેડાયેલો મિત્રાનંદ જેના કારણે રત્નમંજરીની પ્રાપ્તિ સહેલી બને અને ધનદાસ પાસેથી લેવાની ૫૦૦ સોનામહોરો રાજસભામાં મળી જાય, એની કોઈ બાજી ગોઠવવાનું મનોમન વિચારી રહ્યો. થોડીઘણી વિચારણાને અંતે એને એમ લાગ્યું કે, આ માટે તો રાજમહેલમાં પ્રવેશ મેળવવો જ પડે. આ પ્રવેશ મેળવવાનો ઉપાય ગોતવા કોઈ વેશ્યાનું આતિથ્ય સ્વીકારવાનું એણે નક્કી કર્યું.

અવંતિપુરીમાં વસંતતિલકા નામની વેશ્યા ખૂબ જ પ્રખ્યાત હતી. એની પ્રખ્યાતિ અને કળાની વાતો સાંભળ્યા બાદ મિત્રાનંદને થયું કે, ચોક્કસ આ વેશ્યાનો પ્રવેશ રાજમહેલમાં હોવો જ જોઈએ. એથી એણે વસંતતિલકાના અતિથિ બનવાનું નક્કી કર્યું. આ માટે સુંદરવેશ સજીને મિત્રાનંદ એ જ સાજે વસંતતિલકાના આવાસે પહોંચ્યો. વસંતતિલકાની માતાના હાથમાં ચારસો સોનામહોરો મૂકીને એણે પ્રવેશ યાચ્યો. રૂપેરંગે તો એ પૂરો જ હતો. વધારામાં પૈસાની પણ એણે રેલ-મછેલ કરી હતી. એથી વસંતતિલકાના આવાસમાં એને તરત જ પ્રવેશ મળી ગયો.

વસંતતિલકાને એની માતાએ સૂચના આપી દીધી કે, આ મિત્રાનંદને બરાબર વશમાં રાખવા જેવો છે. કેમકે પૈસાનો આની પાસે ઢગલો છે. અને આપણે તો સંપત્તિના જ સગા છીએ. વધારામાં મિત્રાનંદ રુપરુપનો અંબાર પણ છે. આ સૂચના મળતા વસંતતિલકા સાવધ બની ગઈ. એને થયું કે, એવું કામણ કરું કે, આ મિત્રાનંદ મારી પક્કડમાંથી છટકી જ ન શકે. પાંજરામાં પાળેલો પોપટ જેમ પિંજરાનું બારણું ખુલ્લું હોય, તોય ઉડવાનું નામ ન લે અને કદાચ ઉડે તોય પાછો આવીને એ જ પાંજરામાં ભરાઈ જાય ! આ જ રીતે આ મિત્રાનંદને પ્રેમીપંખીડું બનાવીને જંપુ, તો જ હું વસંતતિલકા ખરી !

વસંતતિલકાના આવાસમાં તો મિત્રાનંદને પોતાનું કાર્ય પૂર્ણ કરવા જ પ્રવેશ કરવો પડ્યો હતો. બીજો કોઈ ઉપાય જ ન જણાતા કાર્યસિદ્ધિ માટે એણે વેશ્યાનો આશરો લીધો હતો. બાકી એને એ વાતનો પૂરેપૂરો ખ્યાલ હતો કે, વેશ્યા એક એવી અગ્નિજ્વાળા છે કે, રૂપ-રંગના ઈંધણથી જે ભડભડ બળતી જ રહે છે અને કામી લોકો જેમાં પોતાનું ધન અને યૌવન હોમી દઈને દીનહીન અને દરિદ્ર બની જતા હોય છે. એથી

પૂરી સાવધાની સાથે જ મિત્રાનંદ વસંતતિલકાના આવાસમાં પ્રવેશ્યો હતો.

રાતનો પ્રારંભ થતા જ વસંતતિલકા મિત્રાનંદ પાસે સાજ શણગાર સજીને આવી અને એણે રંગરાગ માટે આમંત્રણ આપ્યું. રાતનો સમય હતો, એકાંત વાસ હતો અને વેશ્યાનો મહેલ હતો. ભલભલાનું ચિત્ત ચલાયમાન થઈ જાય, એવી એ પળ હોવા છતાં પોતાની પવિત્રતાને અણીશુદ્ધ જાળવવાના આશયથી જ મિત્રાનંદે કહ્યું : હમણાં તો મારો ધ્યાનનો સમય છે, માટે વિક્ષેપ ન કરવા વિનંતિ.

આટલું કહીને મિત્રાનંદ જાણે યોગીની જેમ ધ્યાનમગ્ન બની ગયો. બે ત્રણ ઘડી બાદ પ્રેમપ્રાર્થના માટે વસંતતિલકા પુનઃ ત્યાં આવી. પણ મિત્રાનંદ તો મૌન જ રહ્યો. થોડા સમય બાદ વળી વેશ્યાએ પ્રાર્થના કરી. પણ મિત્રાનંદનું મૌન ખંડિત ન થયું. થોડી થોડી ઘડીઓ બાદ આ જ રીતનું પુનરાવર્તન થતા વસંતતિલકા થાકી ગઈ. રાત પૂરી થતા સવારે એણે પોતાની માતા આગળ રાતની બધી જ વાત કહી સંભળાવી. માતાએ એણે કહ્યું : વસંતા ! હારતી નહિ, ધીરજ રાખીને કામ લેજે. આ પંખીડું આબાદ સંપડાવવા જેવું છે. માતા પુત્રી બંનેને તો સંપત્તિની જ પડી હતી. એથી બંનેએ મિત્રાનંદ સપડાઈ જાય, એવા વ્યૂહ વિચાર્યા.

બીજી રાતે તો વસંતતિલકાએ ગઈરાત કરતા વધુ પ્રેમ પાશ ફેંક્યા. પણ મિત્રાનંદ યોગી બનીને બેસી ગયો. વસંતતિલકાએ ભોગના પાશ ફેંકવાના ચાલુ જ રાખ્યા, પણ મિત્રાનંદનો યોગ અતૂટ રહ્યો. આમ ને આમ બે ત્રણ રાત વહી જતાં અંતે વસંતતિલકા થાકી. એથી એની માતા પણ ગુસ્સે ભરાઈ. અને પુત્રી પરનો ગુસ્સો મિત્રાનંદ પર ઠાલવતા એણે કહ્યું :

''મિત્રાનંદ : તું તો પુરુષ છે કે પથ્થર ! રાજાને માટે પણ દુર્લભ એવી મારી પુત્રીની સામે તને યોગી બનવાનું સૂઝે છે ? યોગના ધતીંગ કરવાના સ્થાન ઘણા છે. આ તો વેશ્યા નિવાસ છે. અહીં તો યોગી આવે, તોય ભોગી બની જાય ! એક તું જ એવો ભોળો ભોગી આવ્યો કે, જે અહીં આવીને યોગી બની ગયો હોય ! આ રીતે મારી પુત્રીને હેરાન પરેશાન જ કરવી હોય, તારે આજથી અહીં આવવાની જરાય જરૂર નથી.''

આ સાંભળીને મિત્રાનંદને થયું કે, બાજી ઊંધી ન વળવી જોઈએ. સામેથી ગુસ્સો ઠલવાતો હતો. છતાં શાંતિ જાળવતા એણે કહ્યું : યોગી બનવા અહીં કોઈ આવે ખરું ? હું પણ ભોગ માટે જ અહીં આવ્યો છું. પણ પળ હજી પાકી નથી. સમય આવતા જ હું વસંતતિલકાને જરૂર રાજી રાજી કરી દઈશ. પણ મને એક વાતનો જવાબ આપશો ?

મિત્રાનંદની વાત સાંભળતા વેશ્યામાતાનો ગુસ્સો શમી ગયો. એણે કહ્યું : ખુશીથી પૂછો. હું જો જાણતી હોઈશ, તો તરત જ જવાબ આપીશ. પણ મને ખ્યાલ નહિ હોય, તો પૂછપરછ કરીને પણ જવાબ મેળવી આપવા હું બંધાવું છું. આપના જેવાની આવી સેવા કરવાનો લાભ કંઈ અમને વારંવાર મળતો નથી.

બળબળતા અગ્નિને પળ પછી જ પાણીમાં પલટાઈ ગયેલો જોઈને મિત્રાનંદને કંઈ બહુ આશ્ચર્ય ન થયું. કેમકે વેશ્યાની તાસીર એ જાણતો હતો. એણે ધીરે રહીને પ્રશ્ન કર્યો :

''આખી અવંતિપુરીમાં વસંતિતિલકાની જે નામના કામના છે, એથી મને એમ લાગે છે કે, અહીંની સર્વશ્રેષ્ઠ રૂપસ્વામિની આ જ હોવી જોઈએ. હવે મારે એટલું જ જાણવું છું કે, વસંતિતિલકાનું ગમનાગમન રાજ મહેલમાં ચાલુ છે ખરું ? અથવા રાજમહેલમાંથી અહીં કોઈનું ગમનાગમન થયા કરે છે ખરું ?''

વેશ્યામાતાએ કહ્યું : આટલો સહેલો સવાલ છે ? રાજાની ચામરધારિણી સેવિકા મારી આ પુત્રી જ છે. એથી વસંતતિલકાને રાજમંદિરમાં રોજ જવા આવવાનું તો થાય જ ને ?

મિત્રાનંદ મનોમન ખુશ થઈ ગયો. એણે પુનઃ પૂછ્યું : રાજકુમારી રત્નમંજરીને વસંતતિલકા ઓળખે છે ખરી ?

જવાબ મળ્યો : રત્નમંજરી તો વસંતતિલકાની સખી છે. બોલો, હવે શી આજ્ઞા છે ?

મિત્રાનંદ મનોમન પ્રસન્ન બની ઉઠયો. પોતાની યોજના પાર પડવાની તૈયારી હોય, એવી આનંદાનુભૂતિ માણતા એણે કહ્યું :

''રત્નમંજરીને આટલો સંદેશ પહોંચાડવાનો છે કે, તમે જેની પર પ્રેમસંદેશ પાઠવ્યો હતો, ગુણો સાંભળીને તમે જેના રાગી બન્યા હતા, એ અમરદત્તનો અંગત મિત્ર અહીં અવંતિમાં આવ્યો છે.''

આ સંદેશ રત્નમંજરીને પહોંચાડવાની જવાબદારી વસંતતિલકાએ સ્વીકારી અને મિત્રાનંદ જુદી જ કોઈ સ્વપ્નસૃષ્ટિમાં પહોંચી ગયો. [-ક્રમશઃ

# કેવી ખુમારી ને કેવી ખાનદાની !

શ્રી શ્રમણપ્રિયદર્શી

અવતાર નારીનો મળવા છતાં એ નારીદેહમાં વિલસનારો આત્મા કદીક પરાક્રમમાં પુરુષથીય ચાર વેંત ચડી જાય, એવો હોય છે. તો કદીક પુરુષના દેહમાં કાયરતા કબર કરીને રહી હોય, એવું પણ બની શકે છે. આ બધા ખેલ કર્મના છે.

માંગરોળના મહોલ્લે મહોલ્લે ગવાતા શેઠાણી અમૃતકુંવર એક એવા જાજરમાન નારી હતાં કે, પરાક્રમ, પ્રતિભા, પ્રભાવ અને પુણ્યાઈમાં ભલભલા પુણ્યવાન પુરુષથીય ચડી જાય ! એઓ રાજયોગ અને રાજતેજ લઈને જન્મેલાં, માંગરોળ આસપાસના અનેક ગામોમાં જેમની કીર્તિકથા ફેલાયેલી હતી, એ શેઠ પદમશી હેમચંદના કુળમાં ચાર ચાંદ લગાડનાર એમના સુપુત્ર કપુરચંદ શેઠ પણ પુણ્યશાળી પુરુષ હતા. એમના ઘરે શેઠાણી અમૃતકુંવરનાં પગલાં કોઈ એવી પુણ્યપળે થયા હશે કે, જેથી શેઠ કપુરચંદ, અમૃતકુંવર સાથે લગ્નગ્રંથિથી જોડાયા પછી બધી રીતે વધુ પ્રમાણમાં આગળ આવતા ગયા !

શેઠ શેઠાણીનો પ્રભાવ થોડા જ વખતમાં એ રીતે ફેલાયો કે, માંગરોળની ગાદી શોભાવતા શેખ બડામિયાં પણ એમની અદબ જાળવતા. એ પણ મનથી એમ માનતા કે, આ શેઠ શેઠાણી પણ માંગરોળની મહાનતાના જ એક અવિભાજ્ય અંગ સમા છે.

શેઠનો વેપાર વણજ ખૂબ જ ફેલાયેલો હતો. મહાજનમાં એઓ આગેવાન ગણાતા હતા. આસપાસના પ્રદેશમાં એમની હાકધાક વાગતી હતી. શેઠને આ દરજ્જે પહોંચાડવામાં શેઠાણીનો ફાળો પણ નાનો સૂનો ન હતો ! એ શેઠાણીનો દેહ જ નારીનો હતો. બાકી તો જાણે એમનામાં પ્રચંડ પુરુષાતન વિલસતું હતું. એથી ઘરના કારભાર ઉપરાંત વેપારવણજનું ધ્યાન પણ એઓ રાખતાં. શેઠ પણ એમની સલાહ માન્ય રાખતા. એટલું જ નહિ, પણ લગભગ ઘરપેઢીની તમામ જવાબદારીનું મુખ્ય સંચાલન શેઠાણી જ કરતાં.

શેઠાણીમાં કુનેહ હતી, કોઠાસૂઝ હતી અને કૌવતના તો એઓ ભરપૂર ભંડાર જ હતા. આને સૂચવતો સં. ૧૮૯૦ની સાલમાં પોષમહિને બનેલો એક પ્રસંગ જાણવા જેવો છે.

શેખ બડામિયાંના હાથમાં માંગરોળનું સુકાન હતું. મુસ્લિમધર્મી હોવા છતાં એમનામાં કટ્ટરતા ન હતી, એથી હિન્દુમુસ્લિમ પ્રજા એમને પૂરા પ્રેમથી ચાહતી. પરંતુ એમને જે દીવાન મળ્યો હતો, એ જરા વિચિત્ર હતો. અને આ દીવાનથી શેઠ કપુરચંદની પુણ્યાઈ-પ્રતિષ્ઠા ખમાતી નહતી. એથી એ શેઠને હેરાન કરવાની તક જ ગોત્યા કરતો હતો. અધૂરામાં પૂરુ દીવાને શેઠ પાસેથી લાખ રૂપિયા કરજે લીધા હતા અને એ કરજ ચૂકતે કરવાની સમયમર્યાદા પણ પૂરી થવા આવી હતી. શેઠે તો લાખ રૂપિયાની ઉઘરાણીને હજી સુધી ક્યારે યાદ પણ કરી નહોતી. પરંતુ દીવાનને એમ થતું હતું કે, હવે સમયમર્યાદા પૂરી થવાની તૈયારી છે, એથી ઉઘરાણી આવવાની જ. એથી દીવાન એવી કોઈ તરકીબ વિચારી રહ્યો કે, જેથી શેઠ લાખ રૂપિયાની માંડવાળ કરી નાખે.

દીવાન રાતદિવસ જાતજાતની તરકીબ વિચારી રહ્યો હતો, એવામાં એક દહાડો એને એકાએક કંઈક યાદ આવી ગયું અને એથી ખુશ થતો થતો એ શેખ પાસે પહોંચી ગયો. થોડી આડી અવળી વાતો કરીને એણે ધીમેધી વાત મૂકી : શેખ સાહેબ ! આપે અશ્વો તો ઘણા જોયા હશે ? અશ્વોની જાતભાતની ઘણી વાતો પણ આપે ઘણીઘણી સાંભળી હશે ? પણ મને વિશ્વાસ છે કે, નવરત્ન અશ્વ તો આપે જાણ્યો પણ નહિ હોય, પછી જોવાની તો વાત જ ક્યાંથી સંભવે ?

'નવરત્ન અશ્વ ?' શેખ બડામિયાંએ સાશ્ચર્ય પ્રશ્ન કર્યો. દીવાનને પોતાની બાજી બરાબર રચાતી હોય, એમ લાગ્યું. એથી એણે કહ્યું : શેખ સાહેબ ! આ અશ્વની વિગતો તો એટલી બધી લાંબી અને આશ્ચર્યકારક છે કે, એ કહેવા બેસું તો પાર જ ન આવે. અવલોકન કરીને સગી આંખે અનુભવવાની ચીજ કંઈ કહેવાથી જાણી શકાય ખરી ?

દીવાનની આ વાત સાંભળીને શેખની પ્રતીક્ષા વધી ગઈ. એમણે પૂછ્યું : નવરત્ન અશ્વ આજે ભારતમાં વિદ્યમાન છે ખરો ?

દીવાને લાગ જોઈને બરાબર સોગઠી મારતા

કહ્યુંઃ શેખ સાહેબ ! ભારતની ક્યાં વાત કરો છો ! આ માંગરોળમાં જ આપણા કપુરચંદ શેઠના મહેલમાં નવરત્ન અશ્વ વિદ્યમાન છે. આપ હુકમ કરો, તો અબઘડી જ એ અશ્વને હાજર કરું. પછી આપ જીવનભર એની માલિકી માણવા પૂર્વક એની પર સવારી કર્યા જ કરજો ને !

શેખ બડામિયાં ખુદામાં માનનારા હતા. એમણે કહ્યું : દીવાન ! મારે તો એ અશ્વ જોવો જ છે. મારે કંઈ એના માલિક પણ નથી બનવું કે એની પર મારે મુસાફરી પણ નથી કરવી. આ તો જાણ્યા કરતા જોયું ભલું !

શેખ બડામિયાંએ આમ ઢીલું મૂક્યું, એટલે દીવાને કહ્યું : ના, ના. શેખ સાહેબ ! આમ તે હોતું હશે ? સર્વશ્રેષ્ઠ ચીજ તો રાજ દરબારે જ શોભે. આપ ના પાડો, એ બરાબર છે. પણ હું તો એક સૈનિકને મોકલીને એ અશ્વની રાજ્ય માટે માંગણી કરી જ નાંખુ છું.

અશ્વની માંગણી કરવાની શેખ બડામિયાંએ ચોખ્ખી ના કહી દીધી, છતાં એમની ઉપરવટ થઈનેય દીવાને એક સૈનિકને શેઠના ઘરે મોકલ્યો. સૈનિક બોલવા-ચાલવામાં હોશિયાર હતો. એ શેઠના ઘરે પહોંચ્યો. દીવાનખાનામાં શેઠાણી અમૃતકુંવર ગાદીતકિયે બેઠાં હતાં. સૈનિકે ઘરમાં પ્રવેશ કરીને પૂછ્યું : રાજ્યના એક ખાસ કામ માટે આવ્યો છું, મારે શેઠ કપુરચંદજીને મળવું છે.

જવાબ મળ્યો : શેઠ તો પેઢીએ બેઠા હશે. પણ બધો કારબાર શેઠાણી જ ચલાવે છે. માટે તમે શેઠાણીને મળીને બધી વાતચીત કરી શકો છો.

સૈનિક શેઠાણી સમક્ષ હાજર થયો. શેઠાણીનું જાજરમાન વ્યક્તિત્વ જોતા જ એ ઠરી ગયો. ધીમે રહીને એણે વાત મૂકી : શેઠાણી બા ! રાજ્યના કામ માટે દીવાનનો એક સંદેશ લઈને હું આવું છું. આપને અત્યારે સમય તો છે ને ?

શેઠાણીએ આદરભાવ વ્યક્ત કરતા કહ્યું : રાજ્યે અમને યાદ કર્યા, એ અમારું અહોભાગ્ય ગણાય. શેખ બડામિયાં સાહેબના અંતરમાં અમારું સ્થાન છે, આ અમારાં માટે આનંદની વાત ગણાય. બોલો, રાજ્યની શી સેવા અમારે કરવાની છે ?

શેઠાણીની વિવેક પૂર્વકની વાત કરવાની આવી રીત ભાતથી સૈનિકનાં મન ઉપર એવો પ્રભાવ પડ્યો કે, સીધે સીધી જ અશ્વની માંગણી કરવાની માંડવાળ કરીને એણે આડકતરી રીતે અશ્વની વાત કઢાવવા કહ્યું : શેઠાણી બા ! એક સવાલ પૂછું ? શેખ સાહેબ પાસે ન હોય, આખા માંગરોળમાં પણ ન હોય અને આપની પાસે હોય, એવી લાખેણી ચીજ કઈ ?

શેઠાણીએ જરાય ગભરાયા વિના જવાબ વાળ્યોઃ આવી લાખેલી ચીજ તરીકે તો 'નવરત્ન અશ્વ'નું જ નામ દેવું પડે.

સૈનિકે આ સાંભળીને વળતી જ પળે કહ્યું : શેઠાણી બા ! આ લાખેણી ચીજ ક્યાં હોય, તો વધુ શોભે ? પ્રજાને ત્યાં રહેલી આવી ચીજ રાજાને ત્યાં હોય, તો સોનાની વીંટીમાં જડેલા રત્નની જેમ બંને શોભી ઉઠે. આટલી ટકોરમાં બધું આવી જાય છે. કેમકે આપ તો ચકોર છો. અને ચકોરને તો વધુ ટકોર કરવાની હોય જ નહિ ને ?

આ સાંભળીને શેઠાણીની નજર સમક્ષ દીવાન અને દીવાનને ધીરેલા લાખરૂપિયાની પૂરી થવા આવેલી મુદત : આ બંને ખડા થઈ જતા એમને એમ ચોક્કસ લાગ્યું કે, શેખ સાહેબ તો કદી આવી માંગણી કરે ન નહિ ! નક્કી આ દીવાનની મેલી રમત હોવી જોઈએ. લાખ રૂપિયા ચૂકવવામાંથી છટકી જવા માટેની મેલી રમતનોં જ આ એક કપટ-દાવ હોવો જોઈએ. શેઠાણીની નજર સમક્ષ દીવાન, એનો ખટપટી સ્વભાવ, એણે કરજ તરીકે લીધેલી લાખ રૂપિયાની ચૂકવણીની પૂરી થવા આવેલી મુદત : આ બધું ખડું થઈ ગયું. એથી એમણે પૂરી નિર્ભયતાથી જવાબ આપ્યો :

સોનાની વીંટીમાં રત્ન શોભે, એ જેટલી સાચી વાત છે, એથી કેઈ ગણી સારી વાત એ છે કે, એ રત્ન સ્વોપાર્જિત હોવું જોઈએ. અથવા સમર્પિત હોવું જોઈએ. બાકી માંગીને મેળવેલું કે બળથી બચાવી પાડેલું રત્ન તો ઉપરથી સોનાના સૌન્દર્યનો નાશ કરે ! તમે જો ચકોર હો, તો આટલી ટકોરમાં મારે જે કહેવાનું છે એ બધું જ આવી જાય છે. અને જો ચકોર ન હો, તો તમારી સાથે વધુ માથાકુટ કરવાનો કોઈ અર્થ નથી : અમને તો એવો આકંઠ વિશ્વાસ છે કે, અમારા શેખ સાહેબ કદી આવી ઈચ્છા કરે જ નહિ.'

સૈનિકના ચિત્તને ચોટ વાગે એવો આ જજવાબ

હતો, પણ આવો જવાબ આપ્યા વિના ચાલે એમ જ નહોતું. એથી સૈનિકે પણ જરા વધુ છૂટછાટ લેતા કહ્યું કે, એટલે શું દીવાને જાતે જ આવો સંદેશ મોકલ્યો છે, એવું આપનું કહેવું છે ? શેખ સાહેબ પર આપને વિશ્વાસ છે, એ સારી વાત છે, પણ એથી કંઈ દીવાન પર આવો આરોપ મૂકવાનો આપને પરવાનો મળી જતો નથી ! માટે આપના હિત ખાતર હું કહું છું કે, દીવાનના આ સંદેશાને રાજાનો જ સંદેશો માનીને નવરત્ન અશ્વ આપે જો સમર્પિત કરી દેશો, તો આપના કથન મુજબ સોનાની વીંટી રત્નથી શોભી ઉઠશે.

શેઠાણી અમૃતકુંવર એમ કંઈ સૈનિકની વાતમાં આવી જાય, એવા નમાલાં ન હતાં. દીવાન પાસે ભલે ગમે તેવી સત્તા હતી, પણ પોતાની પાસે સત્યનું સામર્થ્ય હતું અને એથી દીવાનની સામે બાથ ભીડતા પણ ડરવા જેવું નહતું. એથી નીડરતા પૂર્વક છેલ્લો જવાબ વાળતા એમણે સાફસાફ સંભળાવી દીધું :

'દીવાનની બીક બતાવીને શું તમે મને ડરાવવા માંગો છો. અને શું નવરત્ન અશ્વને તજો બથાવી પાડવા ઇચ્છો છો ? આ કદી નહિ બની શકે. દીવાન ભલે ગમે તેવી સત્તા ધરાવતા હોય. પણ અમારા તો એ કરજદાર છે. લાખ રૂપિયાનું કરજ એના માથે છે. આ રીતે અશ્વની માંગણી કરાવરાવીને, લાખ રૂપિયાની માંડવાળ કરાવવા, એ દીવાન અમને વિવશ બનાવવા માંગતા હોય, તો એ ખાંડ ખાય છે ખાંડ ! અમે અમારી ભક્તિથી અશ્વને સમર્પિત કરીએ, એ અમારી મરજીની વાત છે. બાકી આ રીતે દીવાન અશ્વ પડાવી લેવા માંગતા હોય, તો અમે કંઈ નમાલા નથી, આટલું સાફ સાફ સાંભળી લો.'

સૈનિક માટે લાખ રૂપિયાની વાત નવી જ હતી. એણે કહ્યું : શેઠાણી ! તમે વિવેક ચૂકી રહ્યા છો. અશ્વ ન આપવો હોય, તો એના માઠા પરિણામ ભોગવી લેવાની તૈયારી સાથે તમે સ્પષ્ટ ના સુણાવી શકો છો. પણ આ રીતે દીવાન પર આક્ષેપ-આરોપ મૂકવાથી તો બાજી વધુ બગડશે. માટે આવા આરોપ બદલ માફી માંગી લઈને બાજી સુધારી લેવાની તમને મારી સલાહ છે.

શેઠાણી હવે તાડૂક્યાં : મને સલાહ આપતા પૂર્વે તું તારા દીવાન પાસે જઈને લાખ રૂપિયાના કરજની વાત પાકી કરી આવ. પછી મને સલાહ આપવા આવજે. આમાં આરોપની કોઈ વાત જ ક્યાં છે ! જે હકીકત છે, એની જ મેં રજૂઆત કરી છે. માટે મારી તને સલાહ છે કે, આ વાત પર પડદો પાડીને તું વિદાય થઈ જા, તો સારું !

સૈનિકને થયું કે, આ રીતે હું ચાલ્યો જાઉં, તો તો મારા દીવાનનો દરજ્જો કલંકિત થયો ગણાય. અને આ તો કોઈ રીતે ન જ ચલાવી લેવાય. એથી લાલઘૂમ થઈને એ જરા આગળ ધસી આવ્યો. એટલામાં તો શેઠાણીએ સાદ દીધો : બહાર કોણ હાજર છે ?

આ સાદ પડતા જ ચાર પાંચ આરબ ચોકીદારો હાથ જોડીને શેઠાણી સમક્ષ ખડા થઈ ગયા. એમને હુકમ આપતા શેઠાણીએ કહ્યું : આ બિચારો સૈનિક અહીં ક્યાંકથી ભૂલો પડ્યો છે. માટે આને બહાર કાઢો અને દીવાનના ઘરના રસ્તે ધક્કો મારીને મૂકી આવો.

ઘા પર મીઠું ભભરાવતા જેવી વેદના થાય, એવી વેદના અનુભવતો સૈનિક અપમાનિત અંતરે હડધૂત થઈને ચાલ્યો ગયો. દીવાનને ત્યાં પહોંચીને એણે મીઠું મરચું ભભરાવીને બધી વાતો દીવાન સમક્ષ કહી બતાવી. એથી બળતામાં ઘી હોમાય અને જેવો ભડકો થાય, એવા ભડકાથી વાતાવરણ ભભૂકી ઉઠે, એ સહજ હતું.

ઘરમાં ભભૂકી ઉઠેલાં વાતાવરણની વિગત શેઠ કપુરચંદના કાને અથડાતા જ એઓ હાંફળા-ફાંફળા થતા ઘરે આવ્યા. ઘરમાં પણ ભારેલા અગ્નિ જેવું જ વાતવરણ જણાતું હતું, છતાં શેઠાણીના મોં પર એ જ નિર્ભયતા વિલસી રહી હતી. શેઠના મોં પર ખેંચાયેલી ભયની રેખાઓ જોઈને નિશ્ચિંત રહેવા સૂચવતા શેઠા-ણીએ ટૂંકમાં બધી વિગત જણાવ્યા બાદ છેલ્લે એટલું જ કહ્યું કે, એક અશ્વને આપવા - ન - આપવાનો જ આ સવાલ નથી ! આ રીતે આજે અશ્વ આપી દઈને દીવાનની દાદાગીરીને વશ બની જઈશું, તો કાલે ઉઠીને બધું જ ખોવાનો વખત આવશે અને કદાચ આપણે આપણા ધર્મસ્થાનો પણ નહિ સાચવી શકીએ. માટે ઊભા થતા રોગની જેમ આ દાદાગીરીને ડામી દેવા જ મેં આ રીતના કડક પગલાં ઉઠાવ્યા છે.

શેઠને અને પૂરા મહાજનને શેઠાણીની શૌર્યવૃત્તિ અને બુદ્ધિ પર વિશ્વાસ હતો. શેઠાણીએ બીજા દિવસની બપોરે પોતાના મુખ્ય મુનીમ દેવકરણ કંપાણીને બોલા-

વીને વર્તમાનની સુરક્ષા-વ્યવસ્થા અંગે પૂછપરછ કરી, તો જાણવા મળ્યું કે, લગભગ સો જેટલા આરબ ચોકી-દારો હાજર હતા અને બીજા સોને હાજર કરી શકાય એમ હતા. તેમજ એટલા પ્રમાણમાં શસ્ત્રસરંજામ પણ તૈયાર હતો. એથી દીવાન કદાચ અચાનક હલ્લો લઈ આવે, તોય એને પહોંચી વળાય એમ હતું. વધારામાં દેવકરણ કંપાણીએ એ વાત પણ કરી કે, આજે સવારે જ મને દીવાને બોલાવ્યો હતો, ને કહ્યું હતું કે, રાજ્યની સામે પડવામાં મજા નથી. માટે મારું લાખ રૂપિયાનું કરજ માફ કરવા શેઠાણીને સમજાવો, તો આ મામલો અત્યારે જ શાંત થઈ જાય.

આ બધી વાતો સાંભળીને શેઠાણીએ હવે પછીનો વ્યૂહ કઈ રીતે ગોઠવવો, એ મુનીમજીને સમજાવી દીધું હતું અને સૌ સાબદા બની ગયા હતા. દેવકરણ કંપાણી તરફથી પણ સંતોષકારક જવાબ ન મળતા છંછેડાયેલા દીવાને મધરાતના અંધારાનો લાભ લઈને બરાબર બારના ટકોરે શેઠના મહેલ પર હલ્લો લઈ જવાનું નક્કી કર્યું, આ બધી વ્યૂહરચના એણે શેખ બડામિયાંને અંધારામાં રાખીને જ કરી હતી. વ્યૂહ મુજબ હલ્લાની આગેવાની લઈને દીવાને શેઠના મહેલ પર છાપો માર્યો, પણ એ મહેલની આગળ તો આરબોની ટુકડી ખડે પગે તલવારો તાણીને ઊભી હતી. એને જોતા જ દીવાનનું સ્વપ્ન ભાંગીને ચૂરચૂર થઈ ગયું. પણ એમ કંઈ પારોઠના પગલા ભરાય ખરાં ? એણે બંદૂકના ધડાકા કર્યા, તો સામેથી પણ પ્રચંડ ધડાકા થયા.

આ ધડાકાના નાદે આખું માંગળરોળ જાગી ઉઠ્યું. શેખ બડામિયાને જ્યારે વાતની કઈક ગંધ આવી, ત્યારે પળનોય વિલંબ કર્યા વિના એઓ શેઠના મહેલ આગળ આવી ઊભા. હવે દીવાનનું શું ચાલે ?

બડામિયાંએ શેઠ સમક્ષ ઝૂકી જઈને કહ્યું : મારા રાજ્યમાં આપને આટલું કષ્ટ પડ્યું અને સુરક્ષા માટે આપને આટલી હદે જાનનું જોખમ વેઠવું પડ્યું, એ બદલ હું દિલગીર છું. આ બધા કારસ્તાન દીવાનના છે, એની મને તો અબઘડી જ ખબર પડી. શેઠાણી બા ક્યાં છે ? મારે એમનીય માફી માંગવી છે.

પુરુષના પહેરવેશમાં આરબસેનાની મોખરે રહેલા શેઠાણી વળતી જ પળે હાજર થયાં. શેખે એમને કહ્યું : આપનું રણચંડી સ્વરૂપ જોઈને હું ધન્ય બન્યો છું. આવા નારીરત્નને હું મારા રાજ્યનું ગૌરવ સમજુ છું. મારી બેદરકારીથી આપને જે તકલીફ સહન કરવી પડી, એ બદલ હું ખરા દિલથી માફી ચાહું છું.

જેની ખુમારી જોવાઈ ગઈ હતી, એ શેઠાણીની ખાનદાનીનો અનુભવ થવાનો હજી બાકી હતો. એ અનુભૂતિની ધન્ય પળ પણ આવી લાગી. શેઠાણીએ કહ્યું : આપ તો અમારા માલિક છો. માલિકને તો સર્વસ્વનું સમર્પણ કરવામાંય આનંદ જ હોય ! બાકી માલિકનો ચહેરોમહોરો ધરીને કોઈ ઠંગવા કે લૂંટવા આવે, તો એને કાણી કોડી પણ ન અપાય. અમારા મહેલને આંગણે 'નવરત્ન અશ્વ' જેટલી શોભા પામે, એથી વધુ શોભા તો એ રાજભવનના આંગણે જ પામે ! માટે આ અશ્વનું સમર્પણ સ્વીકારીને અમને યત્કિંચિત સેવાનો લાભ આપવા હું વિનવું છું.

શેખ સાહેબે ઘણી આનાકાની કરી, પણ શેઠ-શેઠાણીના ભક્તિભર્યા અત્યાગ્રહ આગળ એમને નમતું જ તોળવું પડ્યું. એ મધરાતે જ નવરત્ન અશ્વ પર બેસા-ડીને શેખસાહેબને વિદાય કર્યા, ત્યારે જ શેઠશેઠાણીના હૈયાએ હાશ અનુભવી.

જ્યારે 'અથ'થી 'ઇતિ' સુધીની વિગત શેખસા-હેબના જાણવામાં આવી, ત્યારે એમણે દીવાનને પદભ્રષ્ટ કરવાના નિર્ણય સાથે દીવાનની લેણી રકમ રાજ્ય તરફથી ચૂકતે કરવાનો નિર્ણય લીધો. પણ આ શેઠ શેઠાણી તો શેઠ શેઠાણી જ હતા ! દીવાનનું પાપ ભરાઈ ગયું હતું અને એ એના પાપે જ પદભ્રષ્ટ થઈ રહ્યો હતો, એથી શેખ સાહેબના પ્રથમ નિર્ણય અંગે તો શેઠશેઠાણીને કશું જ બોલવા જેવું નહતું, પણ બીજા નિર્ણયને સવિનય અમાન્ય કરતા એમણે કહ્યું : શેખસા-હેબ ! આપની ઉદારતા બદલ તો આનંદ ! પણ રાજ્યનું ધન આ રીતે લેવા અમારો જીવ ચાલતો નથી. દીવાનનું લેણું અમે માફ કરીએ છીએ.

એક નારીની ખુમારી ને ખાનદાનીની આ વાત જેમ જેમ ફેલાતી ગઈ, એમ એમ સૌ બોલવા લાગ્યા કે, માંગરોળના આંગણે શેઠાણીબાના ખોળિયે તો કોઈ દેવતાએ અવતાર લીધો છે. એના તો દર્શન થાય, તોય પાવન થઈ જવાય.

કાળના અનેક પડળ આ ઘટના પર છવાઈ ગયા હોવા છતાં માંગરોળના મિનારે અને કાઠિયાવાડના કિનારે આ શેઠશેઠાણીની કીર્તિ-પતાકાઓ આજેય ફરકી જ રહી છે.

# હંસા ચરો મોતીનો ચારો

સંકલક : પૂ.આ૦ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

○ આજનું શિક્ષણ હજી કદાચ પથ્થર જેવા શરીરને કે એની ક્રિયાઓને ઘાટ આપવામાં સફળ થતું હશે, પણ હીરા જેવા આત્માને એ બેડોળ બનાવી દે છે, એનું શું ? પથ્થરને ઘાટ મળે, એ લાભ મહત્ત્વનો ગણાય કે હીરો બેડોળ બને, એ નુક્સાન વધુ શોચનીય ગણાય ?

○ જીવનને સંતોષના સૌન્દર્યથી મઢી દેવાની આ પણ એક દૃષ્ટિ છે : આપણને જે પસંદ હોય, એ મળી શકતું ન હોય કે એ મળવાની સંભાવનાય ન હોય, ત્યારે મનગમતું મેળવવા ધમપછાડાં કર્યા કરવા કરતા, જે કંઈ મળ્યું હોય, એને મન-ગમતું કરી લેવામાં જ ડહાપણ નથી શું ?

○ આજના માનવ-મૃગો સુખનું મૃગજળ પામવા પૈસાના પગ ઉછીના લઈને આંધળી-દોટ મૂકી રહ્યા છે. આ દોટ સમજણ પૂર્વક જેટલી વહેલી બંધ થશે, એટલું જ વધુ સુખ માનવ-મૃગ મેળવી શકશે.

○ સંસારમાં જે માણસ બહુ રાજી રહે, એની કર્મની કોર્ટમાં હરરાજી થયા વિના ન રહે.

○ બંધન અને સ્વતંત્રતા અરસ-પરસ સંકળાયેલા છે : સ્વતંત્રતા ગમે તેટલી ગમતી હોય અને બંધન ગમે તેટલું કઠનું હોય, પણ સ્વતંત્રતા મેળવવા, માણવા અને સાચવવા બંધન સ્વીકાર્યા વિના ચાલે એમ જ ક્યાં છે ? બંધન પણ મુક્તિ માટે જરૂરી છે. સ્વાતંત્ર્યની રક્ષા કોટ-કિલ્લાના બંધન વિના શક્ય નથી. પાણીની સુરક્ષા પાળ વિના અશક્ય છે.

○ પહેલાં જ્ઞાન મેળવવાનો અધિકાર યોગ્યતા પર હતો. એથી ભણેલો સમાજ ઓછો હોવા છતાં વધુ સુરક્ષિત અને સંસ્કારી હતો. આજે જ્ઞાન મેળવવાનો અધિકાર પૈસા પર છે, એથી કહેવાતું જ્ઞાન વધવા છતાં સમાજમાં અસુરક્ષા અને અસંસ્કારનો વધારો થઈ રહ્યો છે.

○ કંજૂસ-માણસ તો લક્ષ્મીનો માત્ર ચોકીદાર જ ગણાય. લક્ષ્મીના સ્વામી તરીકેનું બિરુદ તો ઉદારના કપાળે જ શોભી શકે, એવું છે.

○ કલ્પના અને તરંગ જુદી જુદી ચીજ છે. કલ્પના કાગળના પતંગ જેવી છે. કલ્પનાનો પતંગ આકાશમાં ઉડતો હોવા છતાં એનો દોર માનવના હાથમાં હોય છે. તરંગ ગેસનો ફુગ્ગો છે. એય આકાશમાં ઉડે છે. પણ એનો દોર માનવના હાથમાં ન હોવાથી એ પટકાઈને વિનાશ પામે છે. જ્યારે પતંગ સુરક્ષિત રહી શકે છે.

○ નાના-નાના કાર્યોમાં બેદરકાર રહેનારો મોટા કાર્યમાંય સફળ ન બની શકે, નાનકડાં કાર્યો દિલ દઈને કરનારો જ કદીક મોટા-કાર્યો કરવામાં સફળ બની શકે છે.

○ આજની દુનિયામાં બધે જ દોડધામ જણાય છે. આવા અવસરે ધીમે ચાલવાની વાત કરીએ, તો કોને ગમે ? રોકેટ-યુગમાં ધીમા ચાલવાથી પાછળ પડી જવાની બીક માનવને દોડતો રાખે છે. પણ માનવે સમજવું જોઈએ કે, ધીમે ચાલવું, એટલે સંભાળીને ચાલવું ! જીવન-પથ સીધો-સપાટ નથી. ખાડા-ટેકરાં અને વળાંકોથી આ પથ ભરપૂર છે. આવી વિકટ-વાટમાં ધીમે ન ચાલે, તો કેવા અકસ્માતો સર્જાય ? આ માર્ગે તો ધીમે ચાલનારો જ આગળ વધી શકે. દોડનારો તો પટકાઈ પડે અને એના પગ ભાંગી ગયા વિના ન રહે.

○ જ્ઞાનનું પ્રથમ-કાર્ય તો અભિમાનનો ઘટાડો છે. જ્ઞાન-સાગરની અગાધતાનો સાચો ખ્યાલ આવે, તો જ્ઞાનના બિંદુ પર ગર્વ કોણ કરે ?

○ જ્ઞાન દીવા જેવું છે. આ દીવો પ્રકાશ આપતો રહેશે, તો એમાં જ્ઞાનનું નવું દિવેલ આવ્યા જ કરશે.

○ પંખી માત્રની જેમ જીવમાત્ર મુક્તિને જ ઝંખે, એવો નિયમ ન બાંધી શકાય. પાળેલા-પંખીને પિંજરમાંથી છૂટું મૂકી દેવામાં આવે, તોય એ આકાશમાં થોડાં ચક્કર લગાવીને પુનઃ પાંજરામાં આવીને બંધનને સ્વીકારી લે છે. માનવ અને પંખી આમ તો મુક્ત રહેવા જ સરજાયા છે. પણ એને પિંજરમાં આનંદ આવે, તો સમજી લેવું કે, એ સ્વતંત્રતાનો સ્વાદ ભૂલી બેઠા છે.

○ પ્રારબ્ધ અને પુરુષાર્થ : આ બેમાં આપણે પ્રારબ્ધથી અજ્ઞાત છીએ, જ્યારે પુરુષાર્થ કરવો એ તો આપણા હાથની વાત છે. વળી પુરુષાર્થનો સહારો લેવાથી જ પ્રારબ્ધથી જ્ઞાત બની શકાય છે.

# પ્રભુ ! તારા સ્મિતમાં સર્વ સમાયું

પૂ. મુનિરાજ શ્રી મોક્ષરતિ વિજયજી મહારાજ

**પ્રભુ ! તારું સ્મિત છે કામણગારું....**

ઓ ! જિન ! મારા ! સ્મિત પર તારા, પાગલ છે જગ સારું..
નિશદિન તારું સ્મિત નિરખી હું, સંકટદુઃખ વિસારું....
સાચું કહું ? આ સ્મિત મુજ મનને, સૌથી વધારે પ્યારું..
આ સ્મિત જોયું લાગે હવે તો, બીજું જોવું અકારું....
મોક્ષ જ છે સુખ-મય એમ સૌને, સમજાવે સ્મિત તારું..
પ્રભુ ! તારું સ્મિત છે કામણગારું....

●

(૨)

**પ્રભુ ! તારા સ્મિતમાં સર્વ સમાયું....**

સ્મિતમાં ઘૂઘવે સાત સમંદર, સ્મિતમાં ગગન છવાયું...
સ્મિતમાં છલકે માનસરોવર, સ્મિતમાં રત્ન છુપાયું...
સ્મિતમાં ચમકે સૂરજચંદા, સ્મિતમાં તેજ ફેલાયું....
સ્મિતમાં વરસે પુષ્કરવર્ષા, સ્મિતમાં વિશ્વ રચાયું....
ભક્તહૃદયમાં તારા સ્મિતથી, મોક્ષનું સુખ છલકાયું...
પ્રભુ ! તારા સ્મિતમાં સર્વ સમાયું....

●

(૩)

**પ્રભુ ! તારું સ્મિત છે ફૂલ મજાનું....**

રંગછટા તો અદ્‌ભુત જાણે, મેઘધનુષ છે નાનું....
રાતદિવસ બસ ખીલતું રહે છે, ચન્દ્ર ઊગે કે ભાનુ....
મનભમરો સ્મિત પાસે વસવા, શોધે છે બસ બહાનું....
અર્પણ છે આ સ્મિત-શોભા પર, સુખ સારી દુનિયાનું..
મોક્ષરતિને જો ન નચાવે, તો એ તુજ સ્મિત શાનું ?....
પ્રભુ ! તારું સ્મિત ફૂલ મજાનું....

●

(૪)

**પ્રભુ ! તારું સ્મિત આપે છે ખુશાલી....**

નિત નિત નિરખું નિત નિત પામું, મનની શાંતિ નિરાળી.
સ્મિત નિરખતાં મુજ અંતરમાં, પ્રગટે રોજ દીપાલી...
જે દિન તારું સ્મિત ના નિરખું, જીવન લાગે ખાલી...
અમૃત સિંચે સ્મિત દ્વારા તું, મુજ હૈયે થઈ માળી...
મોક્ષરતિના સ્મિતમાં તારું, સ્મિત લાવે છે લાલી...
પ્રભુ ! તારું સ્મિત આપે છે ખુશાલી....

●

(૫)

**પ્રભુ ! તારા સ્મિતની ઉકેલું ભાષા...**

સ્મિત સમજાવે કે સંસારે, કેવી સુખની આશા !...
સુખના મૃગજળ પાછળ દોડી, રહેશો કાયમ પ્યાસા...
મળશે સુખનો કણ પણ અંતે, મણ મણ દુઃખના તમાશા..
સુખ છે ખારું જળ તે પીતાં, વધતી રહેશે પિપાસા...
શાશ્વત સુખ મળશે જો કરશો, મોક્ષતણી અભિલાષા...
પ્રભુ ! તારા સ્મિતની ઉકેલું ભાષા...

●

*વગર બુદ્ધિએ જોરથી, થતું હોય જો કાજ*
*વાઘ વરૂ ને વાંદરો, કરત જગતમાં રાજ*

o

*જ્યાં જેનો જથ્થો વસે, તે સ્થળ તે બળવાન*
*બજારમાં બળ શાહનું, રાજાનું બળ રાન.*

o

*દુર્જનને ગુણ દીજીએ, કહે આપ અવકાર*
*પ્રથમ હણે દેનારને, મર્કટ કર તલવાર.*

# વિદ્વતાભર્યો વિનોદ

મરવા પડેલા પૈસાદાર બાપના કંજૂસ દીકરાઓ ચર્ચા કરી રહ્યા હતા કે, સ્મશાનયાત્રા ઓછા ખર્ચે કેમ કાઢવી. એકે કહ્યું : એમ્બ્યુલન્સ મંગાવીએ !

બીજાએ કહ્યું : 'ખટારો ચાલશે....!'

ત્રીજાએ કહ્યું : 'નનામી શું ખોટી છે ?'

મરણ પથારીએ પડેલા બાપથી રહેવાયું નહિ. તે બોલ્યા : 'મારા કપડાં અને જોડા આપોને, હું ચાલીને સ્મશાને પહોંચી જઈશ !'

૦૦૦

એક મુસાફરનો અંગૂઠો ડબ્બાના બારણામાં આવી જવાથી તે બૂમો પાડતો હતો. તે સાંભળી પાસેના કમ્પાર્ટમેન્ટમાં બિરાજેલા એક પારસી બોલી ઉઠ્યા : 'અરે દિવાના ! આટલી રાડો શાને પાડેચ ! ગયા ઈતવારે એક જણનું માથું ગાડી નીચે છૂદાઈ ગિયું તો બી તે ચૂં કે ચા ન કરતાં મૂંગો મરીયો.

૦૦૦

રેલ્વે મુસાફરીમાં એક કંજુસ માણસ દરેક સ્ટેશને ઉતરી જતો, દોડીને એ પછીના સ્ટેશનની ટિકિટ ખરીદી આવતો અને પછી ડબ્બામાં ચડી જતો. એક મુસાફરે ઉત્સુકતાથી એમ કરવાનું કારણ પૂછ્યું. એણે જવાબ આપ્યો : 'ભાઈ ! ડોક્ટરનું કહેવું છે કે મને હૃદયરોગ છે અને કોઈપણ ઘડીએ મારું મૃત્યુ થઈ જવાનો સંભવ છે, એટલે જ્યાં સુધી મારે જવાનું છે, ત્યાં સુધીની સળંગ ટિકિટ ખરીદું અને અધવચ્ચે જ મારું મરણ નીપજે, તો બાકીની મુસાફરીના મારા પૈસા જાયને !'

૦૦૦

બે ચોરો કાપડના એક સ્ટોર્સમાં ચોરી કરવા ગયા. સાડી ઉપર લગાડેલ ભાવની ચિઠ્ઠી જોઈ એક ચોર બોલી ઊઠ્યો. 'આ માળા લૂંટવા જ બેઠા છે ને !'

૦૦૦

ચાર અમીર ભાઈઓ હતા, પણ એમાંના ત્રણ ભારે કંજુસ. નાનો ભણવા માટે અમેરિકા ગયો. ત્રણ વર્ષ બાદ અભ્યાસ પૂરો કરી એ પાછો આવ્યો. ત્યારે એરોડ્રામ પર ત્રણે ભાઈઓ એને લેવા આવ્યા હતા. પણ ત્રણે ભાઈઓને એ ઓળખી શક્યો નહિ. ત્રણેની દાઢી પુષ્કળ વધેલી હતી.

નાનાએ પૂછ્યું : 'ભાઈઓ ! આ દાઢી શા માટે વધારી છે ?'

સૌથી મોટાએ જવાબ આપ્યો : વાહ ! આપણો સંયુક્ત અસ્ત્રો તો તું અમેરિકા લઈ ગયો હતો અને વળી પાછો પૂછે છે કે, દાઢી કેમ વધારી છે ?'

૦૦૦

શેઠ : ''અલ્યા ! કૂતરો તો મારો મર્યો, તેમાં તું આટલી બધી હાયવોય શા માટે કરે છે ?''

નોકર : ''કૂતરાને કોણ રડે છે શેઠ ! હવે એઠાં ઠામ કોણ સાફ કરી આપશે, તેને માટે હું તો રડુ છું !''

૦૦૦

એક મહાન નેતાની સફળતાના કેટલાક કિસ્સા સાંભળ્યા પછી આખરે એક પત્રકારે તેમને પ્રશ્ન કર્યો :

''તમારી સફળતાનું રહસ્ય શું છે ?''

''સાચા નિર્ણય પર કામ કરવું ?'' નેતાએ ઉત્તર આપ્યો.

''પણ તમે સાચા નિર્ણય કરો છો કેવી રીતે ?'' પત્રકારે પૂછયું.

''અનુભવને આધારે.''

''તમને અનુભવ ક્યારે મળે છે ?''

''ખોટા નિર્ણય પ્રમાણે કામ કરવાથી'' મહાનુભાવે ખુલાસો કર્યો.

૦૦૦

એક વકીલ એક લૂલા કેસમાં બચાવનું ભાષણ કર્યે જતો હતો. ત્યારે જજે કહ્યું, 'મિસ્ટર, બે કાળી વસ્તુથી એક ધોળી વસ્તુ પેદા થાય એમ સિદ્ધ કરો, તો હું

તમને આગળ દલીલ કરવા દઈશ.'

વકીલે કહ્યું, 'નામદાર, હું તેમ કરીશ. કાળો મરઘો અને કાળી મરઘી એક સફેદ ઈંડુ પેદા કરી શકે એમ હું જાણું છું.'

આ બુદ્ધિગમ્ય જવાબ પછી તેને આગળ ભાષણ કરવાની રજા મળી.

ooo

પપ્પા : બેટા, તારા ત્રાસથી મારા વાળ ધોળા થતા જાય છે.

મનીષ : પપ્પા, ત્યારે હવે મને ખબર પડી કે દાદાજીના વાળ કેમ ધોળા છે.

ooo

એક બિહારી ભૈયો આંબાના બગીચાનું રખોપું કરતો હતો. ખરા બપોરે કોઈ કેરી તોડતું હોય એવો તેને અણસાર આવ્યો. જઈને જોયું તો એક છોકરો કેરી તોડતો હતો. ભૈયાએ કહ્યું, ''એલા એય ! હેઠો ઉતર હેઠો. ઉગીને સમો નથી થયો ત્યાં કેરીઓ તોડવા લાગ્યો છે ? જોજે તારા બાપને ન કહી દઉં તો ?''

છોકરાએ કહ્યું, ''મારા બાપને કહેવું હોય, તો તે જો સામેના ઝાડ પર કેરીઓ તોડે છે.''

ooo

ત્રણ મૂર્ખાઓ વાતે વળગ્યા.

પહેલો : આકાશમાં ખૂબ ચળકે છે તે સૂરજ કહેવાય.

બીજો : તું મૂર્ખ છે. ખૂબ ચળકે છે તે ચાંદો છે.

(ત્રીજાને : તારો શું મત છે ?)

ત્રીજો : તમે બન્ને મૂર્ખા છો. મત આપતા પહેલા ફાનસ કરીને જોવું જોઈએ કે ચાંદો ઊગેલો છે કે સૂરજ.

ooo

શિક્ષકે કનુને પૂછ્યું : ''નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પહેલો પગ મૂકીને પછી શું કર્યું ?

તો કનુએ કહ્યું : ''પછી તેણે બીજો પગ મૂક્યો.''

ooo

એક સરદારજીનો ડાબો હાથ કપાઈ ગયો એટલે તેમના મિત્રે આવીને કહ્યું. ''સારું થયું તમારો જમણો હાથ ન કપાઈ ગયો.'' એટલે સરદારજીએ કહ્યું ''મારો જમણો હાથ મશીનમાં ગયો હતો, પણ મેં ઝડપથી જમણો હાથ કાઢી ડાબો હાથ નાખ્યો.''

પ્રધાન પત્ની : મેં તમને કેટલી વાર કહ્યું કે, મારા ભાઈનાં લગ્ન હોવાથી મને પૂના મોકલવાની વ્યવસ્થા કરો.

પ્રધાનશ્રી : એ પ્રશ્ન મારી વિચારણા હેઠળ જ છે. હું તને ખાતરી આપું છું કે એ બાબતમાં હું મારાથી બનતું બધું જ કરી છૂટીશ.

ooo

એક સભામાં અધ્યક્ષે મુખ્ય મહેમાનનો પરિચય આપતાં કહ્યું : થાણા બે વસ્તુ માટે પ્રખ્યાત છે ! એક તો ગાંડાઓની હોસ્પિટલ માટે અને એક આ ચિત્રકાર માટે. ગાંડાઓની હોસ્પિટલ તો હું અહીં લાવી નથી શકતો, પણ...' શ્રોતાઓમાંથી કોઈએ મોટેથી કહ્યું : 'પણ તમે તો ત્યાં જઈ શકોને ?'

અધ્યક્ષે કહ્યું : 'તમે જો મારી સાથે હો, તો મારે ત્યાં જ જવું પડે.'

ooo

બેદરકારીથી મોટર હાંકતા અકસ્માત થયો. ડ્રાયવરને ખૂબ વાગ્યું. ડ્રાયવરને ભાન આવતાં બોલ્યો : 'હું ક્યાં છું ?'

જવાબ : રૂમ નંબર ૨૨ માં .

ડ્રાઈવર : 'જેલના કે હોસ્પિટલના ?'

ooo

એક દિવસ પત્નીને ભાન થયું કે, પોતે જ્યારે ગાતી હોય છે, ત્યારે એનો પતિ બહાર ઓટલા ઉપર જઈને બેસી જતો હોય છે. એટલે આ ભાન થતાં જ એણે પૂછ્યું : મેં હંમેશાં જોયું છે કે, જ્યારે હું ગાવા માંડું છું કે, તમે બહાર ઓટલે જઈને બેસી જાવ છો ; એનું કારણ શું છે ?

પતિએ જવાબ આપ્યો : ''કારણ તો શું હોય, પણ આપણા મૂર્ખા પાડોશીઓ એવું ન સમજી બેસે કે, હું તને મારી રહ્યો છું, અને તું રાડારાડ કરી રહી છે. માટે હું બહાર બેસું છું.

ooo

**કલ્યાણના ગ્રાહક બનો અન્યને બનવાની પ્રેરણા કરો.**

પૂજ્યતમ મહામહોપાધ્યાય શ્રીમદ્ યસોવિજયજી મહારાજા કૃત

# સમુદ્રવહાણસંવાદ

પૂ. મુનિરાજપ્રશમરતિ વિજયજી મહારાજ 'મહાયાત્રી'

**૫. સાયર ઉવાચ :**
**મોટાઈ રે માહરી સારે જગત પ્રસિદ્ધ**

મોંઘી વસ્તુને પ્રેમથી નકારીએ તો વિવેક જળવાય છે. મોંઘી વસ્તુ ભેટરૂપે આપનાર, તે વસ્તુને લેવાની તૈયારી ન બતાવનાર વ્યક્તિની નિસ્પૃહતા દ્વારા અંજાય છે. ખોટું લાગવાનો પ્રશ્ન રહેતો નથી. વ્યવહારમાં આવી રીતે ના પાડવાની આવડત ધરાવનાર વધુ વગદાર બને છે. કીમતી વસ્તુને વિનયથી નકારી શકાય, કીમતી વાતને નકારાય નહીં. કીમતી વાતોને એટલે કે કીમતી વાતો સમજાવતા શબ્દોને સાદર પરત કરવાની પરંપરા છે નહીં. હિતોપદેશને ઉવેખી શકાતો નથી. તે વાતો માનવી ન હોય તો વાતોમાં નબળાઈની હાજરી ઉપસાવવી પડે છે. છીંડું શોધતાં પોળ લાધે છે તે તો ક્યારેક જ, બાકી મોટે ભાગે તો એકાદ મજબૂત છીંડું મળી જ જાય છે.

સાગર વહાણને મફતનો ઉપદેશ ન આપવાની સલાહ આપે છે તો વહાણ ઉપદેશને મફતનો નહીં, પરંતુ કીમતી ગણાવે છે. કીમતી વાતને નકારાય નહીં. સાગરને છટકવું છે. હિતશીખ સ્વીકારીને પોતાની નિર્બળતાને પણ સ્વીકારવી પડે. તેવી પરિસ્થિતિ તેને નામંજૂર છે. વહાણે ગર્વ ન કરવાનો ઉપદેશ આપ્યો છે તે સારો છે કે સાચો છે કે ઉપયોગી છે કે અર્થહીન છે તે મુદ્દે સાગરે બોલવાનું રહે છે.

ધનવાન કે વિદ્યાવાન વ્યક્તિ ગંભીરતા જાળવીને વાતો કરે ત્યારે શોભે છે. ગંભીરતાને નાપસંદ કરનારા ગંભીરતાને જ ગર્વ ગણાવી દે છે કેમ કે તેમને ગંભીરતા કઠે છે તેથી વધુ ધનવત્તા કે વિદ્વત્તા ખટકે છે. ગંભીરતાને ગર્વ ગણાવી દેવાથી વ્યક્તિ ધનવાન કે વિદ્વાન મટી જાય નહીં. ગંભીરતા તો ધનવત્તાને અને વિદ્વતાને નવીન ગરિમા બક્ષે છે. આ ગરિમા સહન ન થાય તે વાત જુદી છે. - આ સૂરથી સાગર કહે છે કે 'ઘટતો રે ગર્વ કરું છું પામું છું ચિત્તિ પ્રમોદ.'

સાગર કહે છે : ગર્વ કરું છું તેવું તને લાગે છે કેમ કે તને મારો મોભો ઈર્ષ્યા કરાવે છે. ઈર્ષ્યાની નજરે ગુણો પણ દોષરૂપે દેખાવા માંડે છે. મારો ગર્વ તે માત્ર ગર્વ છે. ગર્વ તે કાંઈ અપલક્ષણ ન ગણાય. અપલક્ષણની ઉપસ્થિતિમાં તો મનને ખૂંચે, આઘાત લાગે. હું મનને ખૂંચે એવું કશું કરતો નથી. ઉપરથી હું તો મનને આનન્દ મળે તેવા મધુર ગર્જારવ કરું છું. મારા નીરના સુંદર સાદને સાંભળીને તને સંગીત નથી મળતું અને માત્ર ઘોંઘાટનો અનુભવ મળે છે તે મારી ભૂલ નથી, તારી ભૂલ છે. મારાં આ ગર્જારવની મોહકતા તો મને સંગીતવિશારદો માટે પૂજ્ય બનાવે છે. મારા આ મોભાને અનુરૂપ વર્તન હું કેમ ન રાખું ?

વહાણની હિતશિક્ષાને ઈર્ષ્યાંમૂલક ગણાવીને સાગર કહે છે કે મારી પાસે ગર્વ કરવાનાં પૂરતાં કારણો છે. હું ગર્વ કરું છું તો મને ગર્વ કરવાનો અધિકાર પણ છે. અધિકારને અનુરૂપ કામ કરનારને ઉપદેશ આપવાની બુદ્ધિ તને સૂઝી છે તે કરુણતા છે. ગર્વ કરનારને સતત ગર્વને અખંડ રાખવાની ચિન્તા કરવી પડે છે, ગમે તે પળે, ગમે તે રીતે ગમે તે પાત્ર દ્વારા ગર્વનું ખંડન સંભવિત છે, તેથી ચિન્તાથી આકુળવ્યાકુળ થઈ જવાય છે. ડગલે ને પગલે આવું ખંડન ટપકી પડવાની બીક આડી આવે છે. એ કારણે સ્વસ્થતા ટકતી નથી. સતત તાણ રહે છે. તું મારી હાલત જો, હું ગર્વ કરું છું પણ મારો ગર્વ માત્ર ગર્વ જ છે. એ અભિમાન નથી. ગર્વ જો અભિમાન બની જાય તો અખંડવાળી ચિન્તા નડી શકે. મારે તો ઓજ છે. કોઈ કરતાં કોઈ

ચિન્તા નથી. મારું મન તો પ્રસન્નતાથી છલોછલ છે. મને મારા માનની આરતી ઉતરે કે ન ઉતરે તેની કાંઈ જ પડી નથી. મારી મહત્તા વાસ્તવિક છે અને સ્પષ્ટ રીતે સુદૃઢ છે. એને ઊની આંચ પણ આવે એમ નથી. પછી મારે ચિન્તા શા માટે કરવી પડે. તું ભલે ગર્વને બટકણો કાચ કહે પણ મારો ગર્વ પારદર્શક હોવાં છતાં કાચને બદલે સ્ફટિકનો બનેલો છે. એની નિર્મળતાની તોલે કોઈ ન આવે. હું ફૂલણજી દેડકાની પેઠે ગજા બહારનું પેટ ફૂલવતો હોઉં તો તારી વાત બરાબર ગણાય કે, ભાઈ અવસરે માર ખાઈ જવાશે. મારું પેટ તો માફકસર છે અને ચરબી વિનાનું છે. મને અજીર્ણ થશે તે દિવસે તો આકાશ અને પાતાળ એક થઈ ગયા હશે. મને મહાન તરીકે ઓળખાવાનું મન થયું નથી. ઊલટાનું મારી જાણ બહાર હું મહાન બની ગયો છું. મેં દુનિયાની દીવાલે કાન ધર્યા ત્યારે મારી જ મહત્તા ગવાતી સાંભળવા મળી. 'મોટાઈ રે માહરી, સારે જગત પ્રસિદ્ધ.' કેવી રીતે-એમ પૂછવાની જરૂર નથી. 'સિદ્ધ અમર વિદ્યાધરી, મુજ ગુણ ગાઈ સમૃદ્ધિ.' મારા ગુણ સંભળાવવા માટે સિદ્ધજનો એટલે કે અજાયબ એવી મંત્ર-તંત્ર-યંત્રની ત્રિપુટીને સિદ્ધ કરનારા, અમર એટલે કે યુગોના યુગો સુધી જીવનારા દેવો, વિદ્યાધર એટલે કે હજારો લબ્ધિઓના ધારક મહાત્માઓ થાક્યા વિના મહેનત કરે છે. મહેનત કરવી પડે એટલી હદે ગુણોની બેહદ કક્ષા મેં સાધી છે. એને આંબતા તો થાકી જવાય. પણ આવા થાકને માણવામાં એ લોકો મશગૂલ છે. એ લોકોને મારી સમૃદ્ધિ ગમી છે અને સમૃદ્ધિ દ્વારા સર્જાતું મારું મહત્ત્વ પણ ગમ્યું છે. આથી જ હું પોતે પણ એમને પસંદ પડ્યો છું. વિરાટતા મારા ખોળે રમે છે. નિ:સીમનો પ્રસાર માત્ર મારો છે. જલની દુનિયા એજ મારી અન્તિમતા નથી. 'વહાણ, તું જો. મારી દુનિયા જલ સિવાય પણ વિસ્તરી છે. મારા સદાના સંગાથી અંતર્દ્વીપ સંખ્યામાં અખૂટ તો છે જ, તદુપરાન્ત એમનો વૈભવ અમૂલખ છે. એ દ્વીપો સોનાના અને ચાંદીના બનેલા છે. જાણે કે સોનાએ અને ચાંદીએ એ દ્વીપોમાં પોતાના રહેઠાણ ખડા કર્યાં છે. મહેલોમાં રાતની શરૂઆત થાય ત્યારે દીપમાળની રોશની પ્રકટાવાય છે. રાતનું સૌન્દર્ય આ દીપમાળ દ્વારા જમાવટ કરે છે. મારામાં વસેલાં સોનાનાં અને ચાંદીના મહેલોમાં પણ ઔષધિઓ દીપ બનીને રેલાય છે અને જમાવટ કરે છે. મારા ખોળે વિકસેલાં આ વિશ્વને જોનારા નરનારીઓને સર્વોત્તમ પ્રકારની વિવિધ સુન્દરતા જોવા મળે છે. એ જોતાં જોતાં એમને એટલું કૌતુક થાય છે કે, વાત જ પૂછ મા. એ લોકો આ વિશ્વ જોઈને સમગ્ર દુનિયાને જોઈ લીધાનો આનન્દ અનુભવે છે દુનિયાની દેખવા પાત્ર તમામ સુન્દરતા અહીં છે એથી અહીં આવીને નજરને ઠારનાર માટે આખી દુનિયાની લાંબી ખેપ જરૂરી રહેતી નથી. આ મારા દ્વીપોમાં તાજી એવી વનરાજીનો પણ પાર નથી. વહાણ, તને તો ખબર પણ નહીં હોય, એટલાં નામો મારી આ દુનિયાની વનસ્પતિને મળેલા છે. દરેક નામને સોહાવનાર વનસ્પતિનો લીલોછમ પ્રદેશ શ્વાસમાં ભરાતી ફોરમભરી સુવાસ રેલાવે છે. એમનાં નામો સાંભળ, એ નામમાં જ કેવી સુગંધ છે તેનો તને ખ્યાલ આવશે. કોમલ દલ ધરાવતા જાતિફલ, રસાળ અને લલિત, લવંગ, શ્રીફળ અને એલચી અને સોપારી અને સાથોસાથ નાગ ને પુંનાગ, નામ તો ઘણા બધાં છે પણ તે સાંભળવાની ધીરજ તારામાં નથી તેથી ટૂંકમાં કહું કે 'જોવા જેહવા જોઈએ તેહવા મુજ મધ્યભાગ, આ તો મેવાની વાત થઈ. ફૂલોની સૃષ્ટિ તો અદ્ભુત છે. અહીં હાજર છે ચંપક, કેતકી અને માલતી, જે સતત પરિમલનો ધોધ વરસાવે છે. અહીં હાજર છે બકુલ અને મુકુલના સઘન વૃન્દો. અને ? અને ભમરાઓના ગુંજારવથી વાચાળ બનેલા મચકુંદ. આટલું ઓછું છે. હજી તો સાંકળિયું બહુ લાંબુ છે. દમણો અને મરૂઓ અને મોગરો અને લાલવર્ણા અરવિંદ.. વહાણ, તારા માટે આ નામ નવા છે અને આ નામ ધરાવતાં ફળ અને ફૂલો જોવાના તારે બાકી છે. મારા આધારે જીવન ધરી રહેલા ઉપવનોમાં કંદની જાતિ ઘણી બધી છે. આ બધું અમથું પડ્યું રહેતું નથી. એ તો 'દિએ જનને આનંદ.' વળી, મારા શરણે રહીને સુખી રહેનારી આ વિદ્રુમની વેલ જોવા જેવી છે. એણે સાધેલો

લાલ વર્ણ સંમોહનની વેલ રચે છે. આમ તો એ વિદ્રુમની વેલડી છે પરંતુ એ એવી સુંદર છે કે એ જોનાર પરવશ બનીને, આંખને બીજે વાળી જ ન શકે. આમ આ વેલડી કોઈ મંત્રસાધના વિના સંમોહિત કરવાની શક્તિ ધરાવે છે. મુનિ ભગવંતો આ વિદ્રુમની બનાવેલી માળા દ્વારા મંત્રજાપ કરીને મોંઘેરા ફળ પામે છે. સંમોહક શક્તિથી સભર એવી માળા હાથમાં લેતાં જ કામ સીધે, તો તેના દ્વારા મંત્રસાધના થાય તો બાકી શું રહે ? આ તો અધ્યાત્મનું ક્ષેત્ર થયું. બાકી સંસારના ક્ષેત્રે આ માળાના મૂળમાં બેસેલાં વિદ્રુમ બહુ આગળ છે. વનિતાની લાવણ્યમય મુખમુદ્રામાં અગત્યનું સ્થાન લેનાર હોઠની સાથે, આની સરખામણી થાય છે. દરેકની ઝંખના જ્યાં કેન્દ્રિત છે ત્યાં વિદ્રુમનું સ્થાન છે. યોગીની ઝંખના મંત્રમાં કેન્દ્રિત તો વિદ્રુમ તો માળા બનીને હાજર અને કામીની ઝંખના હોઠમાં કેન્દ્રિત તો વિદ્રુમ ત્યાં ઉપમા બનીને હાજર. આ વિદ્રુમ તો આશ્ચર્યની પરાકાષ્ઠા છે. અને એનો જનમદાતા હું જ છું. પરવાળાની માળા ગણતા મુનિવરોને જુઓ કે પરવાળા જેવા હોઠનું વર્ણન કરતાં કવિને જુઓ, મારા આ વંશજની બોલબાલા તરત વર્તાશે. આ તો મારા આશરે ઉછરતી કુદરતી સંપત્તિની વાતો થઈ. દુનિયામાં મહત્ત્વની ગણાતી ઘણી ઘટનાઓમાં મારું નામ જોડાયેલું છે. મારા વિનાની એ ઘટનાઓ ચિરંજીવ ન જ બની શકત.'

(**એક સૂચના** : સમુદ્ર અને વહાણ બન્ને જણા વાત કરે છે તે નરદમ કલ્પના છે. કલ્પના દ્વારા બોધ આપવાનું ઉપાધ્યાયજી મ.ને અભિપ્રેત છે. આ રીતે બોધ આપવા માટે પૂ. ઉપાધ્યાયજી મ. બન્ને પાત્રોનાં મુખે પુરાણની વાર્તાઓ રજૂ કરે છે. જેમ સમુદ્ર વહાણની વાતચીત કાલ્પનિક છે, તેમ પુરાણકથા પણ કાલ્પનિક જ છે. એમાં કશી સચ્ચાઈ નથી. કલ્પના દ્વારા મળતો બોધ ઉપકારક નીવડી શકે છે, તેટલા પૂરતું જ કથાઓનું મહત્વ છે. મતલબ કે કથાઓ ગૌણ છે. બોધ મુખ્ય છે. જૈનેતર પુરાણોની વાતો કેમ આવે છે ? તેવી ફરિયાદ કરતાં પહેલાં યાદ કરી લેવું પડશે કે, આ ફરિયાદ પૂ. ઉપાધ્યાયજી મહારાજ સામે કરેલી ગણાશે. અને પૂ. ઉપાધ્યાયજી મ.ની સામે ફરિયાદ કરનાર જરૂર માનસિક રીતે નબળો ગણાય છે. સાચવજો ક્યાંક આવું ન થઈ જાય.)

સાગર પોતાની દંતકથા ગાય છે : કિઓરે ત્રિલોકી કંટક રાવણ લંકારાજ, મુજ પસાએ તેણે કંચન ગઢમઢ મંદિર સાજ.' ત્રણેય લોકને કાંટાની જેમ ખૂંચીને હેરાન કરનારા રાવણે પોતાની સુવર્ણનગરી લંકાની હાક ફેલાવી હતી કારણ કે એવડી એ લંકા મારા ખોળે મહાલતી હતી. એ લંકાની સોનાના ગઢવાળી અને સોનેરી મહેલોવાળી શોભાનો ઠાઠ મારા બળે અકબંધ રહેતો હતો. હું ન હોત તો એ લંકાની અનુપમ દંતકથાઓ સાંભળવા મળત જ નહીં. લંકાને અકબંધ પણ મેં જ રાખી છે અને એની મહાન પ્રસિદ્ધિને છેક આજ લગી મેં જ જીવાડી છે.'

'વળી હે વહાણ ! તને એ વાર્તા ક્યાંથી ખબર હોય કે આ જમીનદોસ્ત બનીને પડ્યા રહેતા ઊંચા પર્વતો એકકાળે આકાશમાં ઊડતા હતા. હા, આ પુરાણોએ કહેલી કથા છે. પર્વતોને પાંખો હતી અને વિકરાળ દેહયષ્ટિઓ તો હતી જ. તેઓ મન ફાવે ત્યારે આભને ઢાંકી દેતી ઊડાઊડ મચાવતા. એમનું આ તોફાન એકવાર ઈન્દ્રને નડ્યું. એ ગુસ્સે થયો. એણે નક્કી કર્યું કે આ પહાડોની પાંખ કાપવી જ જોઈએ. એમને પાંખનો દુરૂપયોગ કરતા સિવાય કાંઈ આવડતું નથી. એ તરત જ પોતાનું હોનહાર વજ્ર લઈને પર્વતો પર તૂટી પડ્યો. પર્વતોની પાંખો જોતજોતામાં કપાવા લાગી. આ જોઈને મેનાક નામનો ટચુકડો પહાડ સીધો મારી તરફ ધસી આવ્યો અને મારા અગાધ વારિમાં જોતજોતામાં ગરક થઈ ગયો. મારો પ્રભાવ એવો હતો કે મેનાકની પાંખો ન કપાઈ. એ બચી ગયો. મારો ઉપકાર ઓછો છે ?'

'અને, આટલેથી જ મારી વાત પૂરી નથી થતી. મારા પેટાળમાં તું ડોકિયું કરીશ, તો તને લક્ષ્મીનારાયણ દેખા દેશે. તને ખબર છે, આ દેવતાની માયાસૃષ્ટિ એ જ

આ જગત છે ! એ પીળા વસ્ત્રો ધારણ કરે છે અને મારા પેટાળમાં નાગરાજની શય્યા રચીને લક્ષ્મીદેવી સહિત આરામ કરે છે. દુનિયાના પાલનહારને મારો ખોળો આરામ આપે છે. 'હોડ કરે કુણ માહરી ? હું તિહુઅણ સિરતાજ' મારી તોલે આવવાની કોનામાં તાકાત છે ? હું તો ત્રણેય ભુવનને શિરે આભૂષણ બનીને બેઠો છું. મારી મહત્તા સમજવાની હેસિયત મહાન બનીને જ કેળવાય. ખાલી ખોટા ઉપદેશ આપવાની વૃત્તિતળે તું સાચી મહત્તાને ઓળખી શકતો નથી. તું કહે છે કે માનનો ભંગ થઈ જશે. પણ જરા, એ કહે તો ખરો કે, માનનો ભંગ કરવા માટે કેટલી શક્તિ જોઈએ ? મારું અનંત સામ્રાજ્ય સદાકાળ માટે અખંડ રહેવાનું છે. તારા જેવાની ચેતવણી ઈર્ષ્યાભાવમાંથી નીપજે છે. તને ઈર્ષ્યા થાય છે એ જ તો બતાવે છે કે મારું મહાનપદ કેવું છે. હું આટલો મહાન છું તો પણ મારું વજન જરાય નથી. એક હવાની લહેરખી પણ મને રમાડી શકે છે. જ્યારે તું કેવો છે તેની તને જ પૂરી ખબર નથી.'

સાગર કહે છે : 'વાહણ પાહણ પણિ મુજથી ભારે તૂં કહેવાય.' તારા તોસ્તાની વજનની વાત જ થાય એમ નથી. તું તો સાવ પથ્થરિયું છે. અને ખૂબી તો એ છે કે આટલાં જડ વજનની હાજરીમાં પણ તું 'હલુઓ પવન ઝકોલે ડોલે ગડથલાં ખાય.' પવનના એક ધક્કે આમતેમ ફંગોળાતું રહે છે અને ઊંચુનીચું થયા કરે છે. તારું બાહરી વજન પણ તને વજનદાર બનાવી ન શક્યું. જ્યારે તું જ વજનવિનાનું હોય તો તારી વાત તો ક્યાંથી વજનવાળી હોય ? તારા બોલ સાવ હલુઆ છે. હલુઆ એટલે હલકા. એનું કારણ એ પણ છે કે મૂળે તારું પેટ પણ એવું જ છે. 'હલુઓ છે તુજ પેટ.' તારી પાસે ભારપૂર્વક રજૂ કરી શકાય તેવી કોઈ જ વાત છે નહીં. તું સાવ એવો છે. તને હું કોણ છું, મારી મોટપ શી છે તેની ગમ પડતી નથી અને તોય તું તારી બુદ્ધિની જડ તાણતો જ જાય છે. તારે જો મોટા લોકોની ભૂલો કાઢવી હોય તો, પહેલાં મોટાના ગુણ જોતા શીખવું પડશે. એ માટે તારું વામન માનસ કામ લાગે નહીં. મોટાના ગુણ જાણવા માટે પણ મોટાઈ હોવી જોઈએ આપણામાં, આપણને મોટાની વાતોમાં ડૂબે તેવી ચાંચ મળી નથી તેથી આપણે મોટાને નગણ્ય માનીને તેમની શ્રેષ્ઠતાને પડકાર્યા કરીએ, તેમના ગુણોને ખોટા પાડતા રહીએ તે આપણી માનસિક નીચાઈ છે. ભણેલા માણસોનું ભણતર સમજી શકવા માટે ભણવાની મહેનત કરવા સુધી લંબાવું પડે. ભણવાની મહેનત કર્યા વિના જ ભણતરની ટીખળ કરનાર આપોઆપ મૂરખ કરે. વાંઝણી બાઈ જો પુત્રના પ્રસવની વાતોની ઠેકડી ઉડાવે તો કિંમત કોની થાય છે ? માટે હે વહાણ, તું પહેલાં કક્ષા કેળવ પછી વાત કર !'

**સદાબહાર કડીઓ :**

ગિરૂયાના ગુણ જાણે જે હુઈ ગિરૂઆ લોક
હલુઆને મનિ તેહના ગુણ સવિ લાગે ફોક,
વાંઝિ ન જાણે વેદના જે હુઈ પ્રસવતાં પુત્ર
મૂઢ ન જાણે પરિશ્રમ જે હુઈ ભણતાં સૂત્ર ૨.૧૦

-અપૂર્ણ

*ગણે નહિ ગંભીરજન, દુર્જનના અવાજ*
*શ્વાસ ભસે સો સામટા, ગણે નહિ ગજરાજ.*

o

*અશક્ત પણ શક્તિ ધરે, કરે સંપ-સંબંધ*
*જાય કાશીએ આંધળો, ધરી લૂલાને સ્કંધ.*

o

*સત્યવાદી સાચું વદે, હ્રદયે ન ધરીએ દોષ*
*નાક વિના નકટા દીસે, એમાં દર્પણનો શો દોષ ?*

o

*સાત વેંતના સર્વજન, કિંમત અક્કલ તુલ્ય,*
*સરખા કાગળ હૂંડીના, આંક પ્રમાણે મૂલ્ય.*

o

*દુર્જનને ગુણ દીજીએ, ઉલટો દુશ્મન થાય,*
*વાઘ પૂરેલો પાંજરે, કાઢનારને ખાય.*

o

*પાંપ છૂટાયા નવિ છુપે, છુપે ન મોટે ભાગ*
*દાબીદૂબી ના રહે, રૂએ લપેટી આગ.*

# ન્યાયમંદિરના વિનોદી પ્રસંગો

કેટલીક વખત કાયદાની ક્ષતિઓનો લાભ લઈને ગુનેગારો છટકી જાય છે, ત્યારે કેટલીક વખત પક્ષકારો પોતાના હક્કો સાબિત કરવા જતાં વિલંબ, ખર્ચ ને નિષ્ફળતા પણ અનુભવે છે. લોકોની આ માન્યતાને વ્યક્ત કરતા ઘણા 'ટુચકાઓ' અદાલતના ક્ષેત્રે પ્રસિદ્ધ છે. ખાસ કરીને આ પ્રકારના ટુચકાઓનો ભોગ ધારાશાસ્ત્રીઓ વધુ બને છે. એવા થોડા ટુચકાઓ જોઈએ :

●

અનેક ખૂની અને ડાકુઓને છોડાવી લાવનાર એક બાહોશ ધારાશાસ્ત્રીની કબર પ્રત્યે આંગળી ચીંધીને, કબરોનું નિરીક્ષણ કરી રહેલા એક પ્રવાસી સમક્ષ ભોમિયાએ આ શબ્દો ઉચ્ચાર્યા હતા :

'અહીં એક એવા મહાન ધારાશાસ્ત્રી ચિરનિદ્રામાં પોઢયા છે કે, જેણે પોતાના જીવનકાળ દરમિયાન ખૂન કરવાનું ખૂનીઓ માટે સરળ બનાવ્યું ને તેની તંદુરસ્તી સારી છે, એવી કાળજીભરી તપાસ કર્યા પછી ડાકુઓ પોતાની ડાકુગીરીની યોજના કરતા.'

●

એક બીજો પ્રસંગ આવો છે : ફોજદારી ગુનાઓમાં પ્રવીણ ગણાતો ધારાશાસ્ત્રી રાત્રે ચાલ્યો જતો હતો. બે બદમાશો તેને ઘેરી વળ્યા ને છરી બતાવી, તેના પાકીટની માગણી કરી. ધારાશાસ્ત્રી નાછૂટકે પાકીટ કાઢી આપતો હતો, ત્યાં એક બદમાશે તેને ઓળખ્યો ને પોતાના સાથીને કહ્યું :

'અલ્યા, આને જવા દે. આવતી કાલે આપણે જે ધાડ પાડવાના છીએ, તેમાં બચાવ કરવા માટે આપણે તેની જરૂર પડશે.' ને તેઓએ તેને જવા દીધો.

●

ઘણાનો કદાચ એવો ખ્યાલ હશે કે, અદાલતનું વાતાવરણ હંમેશાં ગંભીર અને ગ્લાનિમય રહેતું હશે. અલબત્ત સામાન્ય રીતે ત્યાં ગંભીરતા હોય છે. પણ અદાલતમાં ઘણી વખત હાસ્યની છોળો વહે તેવા પ્રસંગો બને છે. એવા કેટલાક પ્રસંગો અત્રે આપ્યા છે :

એક ધારાશાસ્ત્રીની ખૂબ લંબાણ દલીલથી કંટાળીને ન્યાયાધીશ બોલી ઊઠ્યો :

'મિ. તમે જે બોલો છો તે આ ડાબા કાનમાંથી પ્રવેશી આ જમણા કાનમાંથી બહાર ચાલ્યું જાય છે.'

'કારણ કે નામદાર,' વકીલે ઝડપથી ને ગુસ્સાથી કહ્યું : 'વચમાં તેને અટકાવનાર મગજ હશે નહીં.'

●

એક મોટર ખટારાએ એક ગધેડાને દીવાલ સાથે ચગદી મારી નાખ્યો. ગધેડાના માલિકે નુકસાનીનો દાવો કર્યો, ત્યારે ગધેડાને દોરી જનાર નોકરની જુબાની લેવામાં આવી.

'હવે અદાલતને કહો કે, આ બનાવ કેમ બન્યો. ખટારો ક્યાં હતો, ગધેડો ક્યાં હતો, દીવાલ ક્યાં હતી ?' ફરિયાદીના વકીલે પૂછ્યું.

'ધારો કે સાહેબ, આપ-' (પોતાના વકીલને ઉદ્દેશીને સાક્ષી બોલ્યો) 'દીવાલ છો.'

'હાં બરોબર.' વકીલે કહ્યું, 'હું દીવાલ છું.'

'ને સાહેબ, હું પોતે ખટારો છું.' સાક્ષીએ વાત આગળ ચલાવી.

'હા, તું ખટારો છે.' ન્યાયાધીશે કહ્યું,

'હવે આગળ ચલાવ.'

'ને આપ સાહેબ !' સાક્ષીએ ન્યાયાધીશ તરફ ફરીને કહ્યું : 'ગધેડું છો.'

સાક્ષીએ આ બધું એવી નિર્દોષ સ્વાભાવિકતાથી કહ્યું કે અદાલતમાં ભયંકર હાસ્યનું મોજું પથરાઈ ગયું ને ન્યાયાધીશે સાક્ષીને નીચે ઉતારી મૂક્યો.

●

એક સાક્ષીની ઊલટ તપાસ ચાલી રહી હતી :

'તમારી ઉંમર કેટલી ?'

'બોંતેર વર્ષ.'

'વીસ વર્ષ પહેલાં તમારી યાદશક્તિ હતી તેટલી જ આજે પણ છે ?'

'મને ખાતરી નથી પણ ઘણા ભાગે છે.'

'તમારી યાદશક્તિની કસોટી મારે કરવી છે.' ધારાશાસ્ત્રીએ દમામથી કહ્યું : 'બોલો બાર વર્ષ પહેલાંનો કોઈ બનાવ તમને યાદ છે ?'

'નામદાર !' સાક્ષીએ ન્યાયાધીશને કહ્યું :

'આવા પ્રશ્નો બરાબર નથી.'

'તમારે જવાબ આપવો પડશે.' ન્યાયાધીશે કહ્યું.

'તો સાંભળો ! બાર વર્ષ પહેલાં એક વખત હું મારી ઓફિસમાં બેઠો હતો, ત્યારે એક માણસ આવ્યો. તેણે કહ્યું કે તેના પુત્રને ધારાશાસ્ત્રીની પરીક્ષા આપવા જવું છે ને નવાં કપડાની જરૂર છે, તો ૨૦૦ રૂપિયા ઉછીના આપો. મેં આપ્યા. ને સાહેબ, મને બરાબર યાદ છે કે એ પૈસા હજુ સુધી મને પાછા મળ્યા નથી.'

'એ માણસ કોણ હતો તેનું નામ આપશો ?' વકીલે રોફમાં પૂછ્યું.

સાક્ષી જરા અચકાયો. ન્યાયાધીશ સામે જોયું ને તેની આંખની કરડાકી જોઈ જવાબ આપ્યો.

'સાહેબ, એ વ્યક્તિ આપના પિતા હતા.'

●

વકીલ : 'આ તમારા સાક્ષીઓ છે ?'

અસીલ : 'હા, સાહેબ'

વકીલ : 'તો તમે જીતી જશો.'

અસીલ (આશ્ચર્યથી) : કેમ ?'

વકીલ : 'કારણ કે આ સાક્ષીઓએ મને આ પહેલાં બે કેસમાં જીતાડયો છે.'

●

જુબાની આપતાં એક સાક્ષીએ ન્યાયાધીશને ઉદ્દેશી કહ્યું :

'સાહેબ, હું આપને એક શબ્દ કહી શકું ?'

'બોલ, શું કહેવું છે ?'

'સાહેબ, આ બે વકીલોને નીચે બેસાડી દો ને તેમને બે મિનિટ મૂંગા રહેવા હુકમ કરો તો એક ક્ષણમાં જ હું ખરી હકીકત કહી શકીશ.'

●

ન્યાયાધીશ : આ બધા ઝઘડાઓ તમોએ અદાલત બહાર જ પતાવવા જોઈએ.

આરોપી : અમે એમ જ કરતા હતા, પણ ત્યાં તો પોલીસ વચ્ચે પડી ને અમારે અહીં આવવું પડ્યું.

અમેરિકાના એક રાજ્યનો આ ટુચકો છે.

'તમને ખબર છે કે અમારા રાજ્યમાં એવો કાયદો કરવામાં આવ્યો છે કે કોઈ પણ દેવળ કે શાળાના ત્રણ માઈલના વિસ્તારમાં દારૂ વેચી શકાશે નહિ.'

'બહુ ખોટું થયું.'

'ખોટું થયું ? કે સારું ?'

'ખોટું. કારણ કે એને પરિણામે ત્રણ વર્ષમાં તમારા રાજ્યમાં એક પણ દેવળ કે શાળા રહેશે નહિ.'

●

એક વ્યક્તિની ધરપકડ કરતા પોલીસ સમક્ષ સંત ટોલ્સટૉય ગયા ને પોલીસને પૂછ્યું :

'તમે વાંચી જાણો છો ?'

'હા. સાહેબ.'

'તમે બાઈબલ વાંચ્યું છે ?'

'હા. સાહેબ.'

'બાઈબલમાં લખ્યું છે કે તારા પાડોશીને તારી પોતાની જેમ ચાહજે. તે ભૂલી ગયા ?'

સિપાઈ ઘડીભર સ્તબ્ધ થઈ ગયો. પછી સ્વસ્થતા પ્રાપ્ત કરી સામું પૂછ્યું :

'તમે વાંચી શકો છો ?'

'હા.'

'તમે પોલીસકાયદો વાંચ્યો છે ?'

'ના'

'તો વાંચી લેજો.' એમ કહી તેણે કેદીને લઈ ચાલવા માંડ્યું.

●

**કેશવલાલ મ. શાહ**

*યોગ્ય રીતે ઉપયોગથી દુર્ગુણ પણ વખણાય*
*કરીએ ક્રોધ અસત્ય પર, તો તે ગુણ કહેવાય.*

o

*નરમ-ગરમ મળીને નભે, નભે ન સરખા બેય*
*રહે રાખમાં દેવતા, દારૂમાં ન રહેય.*

o

*કાચ કટોરા નયન ધન, મોતી ઓર મન*
*ઈતના તૂટા સંધાય ના, લાખો કરો જતન*

# ભૂકંપમાં મંદિરો અડીખમ કઈ રીતે રહે છે ?

હરિપ્રસાદ હરગોવિંદદાસ સોમપુરા

મહારાષ્ટ્રમાં જે ભીષણ ધરતીકંપ થયો, તેમાં લાતુર જિલ્લાના બે પ્રસિદ્ધ શિવમંદિરોને જરાય નુકસાન થયું નહિ. થોડાક વર્ષો પહેલાં આન્ધ્ર પ્રદેશમાં વિનાશક વાવાઝોડુ થયેલું, ત્યારે ત્યાંના ઘણા આર.સી. સી. ના મકાનો પડી ગયેલાં. હજારો લોકોએ પથ્થરના બનેલા મંદિરોમાં આશ્રય લીધો હતો, જ્યાં કોઈ જાતની જાનહાનિ થઈ નહોતી.' ૧૯૬૭માં કોયનાના ધરતીકંપ વખતે પણ ઘણી મોટી ખુવારી થઈ હતી. આપણે ત્યાં દર સો વર્ષે દસેક મોટા ધરતીકંપો થયા છે, જેમાં મકાન મિલકતની ઘણી મોટી નુકસાની થાય છે. પણ પથ્થરના સ્થાપત્યો આબાદ બચી જાય છે. જેમકે મંદિરો, મહાલયો, વાવ-કૂવા, કિલ્લા વગેરે. આપણે ત્યાં ૧૨૦૦ વર્ષ જૂના મંદિરોમાં પણ હજી સુધી ધરતીકંપને કારણે ક્રેક નથી પડી. પછી ભલે તે સમયની થપાટોની સામે જીર્ણ થયા હોય કે વિધર્મી આક્રમણો સામે ખંડિત થયા હોય. ૧૦૦૦ વર્ષ જૂનાં ખંડિત રૂદ્રમહાલયના પ્રવેશ દ્વાર-ચોકી, વડનગરનું પ્રસિદ્ધ નરસિંહ મહેતાની ચોરીનું તોરણ કે દેલવાડાના ૧૨૦૦ વર્ષ જૂનાં મંદિરો કે નાસિકનું ત્રંબકેશ્વર મંદિર, આજે આટલા વર્ષેય કાળ અને ધરતીકંપ -વાવાઝોડાની સામે ટક્કર ઝીલી રહ્યા છે. શું એમાં કોઈ ચમત્કાર છે ?

ધરતીકંપની જાણ સૌથી પહેલાં ધરતી સાથે જેના પગ જોડાયેલા છે તે પ્રાણીઓને થાય છે. આ વખતના છેલ્લા ધરતીકંપની થોડીક પળ પહેલાં મુલુંડમાં કેટલાક કૂતરાઓ શેરીઓમાં કતારબંધ ઊભા રહી, અમુક ટી-પીકલ ટાઈપનું ભસીને અન્ય જાત ભાઈઓને ધરતીકંપની ખબર આપી રહ્યા હતા. ઘણા લોકોને નવાઈ લાગે છે કે, મનુષ્ય આટલો સાધન-સજ્જ છે, પણ તેના કરતા પ્રાણીઓને ધરતીકંપની કેમ વહેલી જાણ થઈ જાય છે ? એનું કારણ એ છે કે ધરતીના પેટાળમાં ધરતીકંપથી થોડીક હલન-ચલન-કંપ, ધ્રૂજારી. પેદા થવા લાગે છે. સ્વાભાવિક રીતે જ આ કંપ કે ધ્રુજારી ધરતીની સાથે જેના પગ જોડાયેલા હોય, તેને તરત જ સ્પર્શને કારણે 'ફીલ' થાય છે. પ્રાણીઓ ધરતીના આ કંપનથી જ જાગ્રત થઈ જાય છે.

તમે એ પણ જોયું હશે કે ધરતીકંપની સૌથી પહેલી ખબર ગ્રાઉન્ડ ફલોરના લોકોને, ચાલી કે ઝૂપડપટ્ટીમાં રહેતા લોકોને થાય છે. કારણ સ્પષ્ટ છે, વાઈબ્રેશન કંપ અહીં સૌથી પહેલો અનુભવાય છે. મલ્ટીસ્ટોરી બિલ્ડીંગો - બહુમાળી ઈમારતોમાં પણ આ ફીલીંગ ધરતીકંપ થયા પછી જ ધ્રૂજારીને કારણે અનુભવાય છે. ત્યાં પણ તમારા પગ ફ્લોરિંગ સાથે હોય તો તમને તે જ ક્ષણે ખબર ખડે, પણ જો તમે સૂતા હો તો હલન-ચલન - કંપ વખતે જ ખબર પડે.

હવે આપણે એ જોઈએ કે પથ્થરના મકાનો, પછી ભલે તે મંદિર હોય, મસ્જિદ હોય, ચર્ચ હોય કે વાવ-કૂવા, કિલ્લા કે મહાલયો હોય, પણ ધરતીકંપ વખતે કેમ તે જલદી પડી જતા નથી ? દર સો વર્ષે દસ મોટા ધરતીકંપ થાય છે, જેમાં સેંકડો મકાનો નષ્ટ થાય છે, છતાં હજાર-બારસો વર્ષ જૂનાં આ મંદિર-મહાલયો એમને એમ અડીખમ ઉભા છે, તેનું રહસ્ય શું હશે ?

અમદાવાદમાં આટલા વર્ષોથી ઝુલતા મિનારા ઝુલે છે, છતાં કોઈ ધરતીકંપ એને પાડીને નષ્ટ કેમ ન કરી શક્યો ? પિઝાનો ઢળતો મિનારો આટલા બધા ધરતીકંપોમાં પણ કેમ ઢળી ન ગયો ? અંતરિક્ષ પાર્શ્વનાથની આકાશમાં અદ્ધર રહેતી મૂર્તિ ધરતીકંપને કારણે જમીનદોસ્ત કેમ નથી થતી ?

વિવિધ પ્રદેશોના આ ઉદાહરણોમાં સ્થાપત્યવિદ્યાનું એક જ, વૈજ્ઞાનિક કારણ આ જાતના 'ચમત્કારો' કરાવે છે. આર.સી.સી.ના બિલ્ડીંગમાં લોખંડના સળિયાથી ઈમારત જોડાયેલી હોય છે, છતાં તે

પડી જાય છે, જ્યારે પથ્થરની ઈમારત પડતી નથી તેનું કારણ હવે આપણે વિગતે સમજીએ.

શિલ્પશાસ્ત્રના પ્રસિદ્ધ ગ્રંથ 'ક્ષીરાર્ણવ'માં 'સ્ટોન લોકિંગ 'સિસ્ટમ' વિગતે વર્ણવી છે. આશ્ચર્યની વાત તો એ છે કે પશ્ચિમ ભારતના આ લોકપ્રિય શિલ્પગ્રંથોનો સિદ્ધાંત દક્ષિણ ભારતની તદ્દન ભિન્ન એવી શિલ્પશૈલી - દ્રવિડ-ગોપુરમ વગેરે શિલ્પશૈલીમાં પણ બાંધકામને લગતો આ સિદ્ધાંત એટલે કે સ્ટોનને લોક કરવાનો સિદ્ધાંત પાળવામાં આવે છે. માત્ર આખા ભારતમાં જ નહિ, વિશ્વના તમામ દેશોમાં એટલે કે મેક્સિકો (મય સંસ્કૃતિ) કે ઈજિપ્તની પિરામીડોમાં કે પિઝાના ઢળતા મિનારામાં પણ આ જ 'સ્ટોન લોકિંગ સિસ્ટમ' અપનાવવામાં આવી છે. જેથી આટલી સદીઓથી આ સ્થાપત્યો ધરતીકંપ કે વિનાશક વાવાઝોડામાં આજે પણ અડીખમ ઊભા છે.

'સ્ટોન લોકિંગ સિસ્ટમ' એટલે એક પથ્થરને બીજા પથ્થરમાં 'લોક' કરી દેવો. જેને શિલ્પીઓની ભાષામાં 'સાલ પદ્ધતિ' કહેવાય છે. આ સાલ પદ્ધતિમાં સાંધામાં મેલ-પુરુષતત્ત્વ અને ફિમેલ-સ્ત્રીતત્વ હોય છે. એક પથ્થરમાં ખાંચો હોય તે ફિમેલ કહેવાય, જેમાં બીજા પથ્થરનો ઉપસાવેલો ભાગ સાલ-પરોવી દેવાનો હોય, આમ બે પથ્થર એક બીજામાં સલવાઈ જાય, લોક થઈ જાય.

પ્રાચીન કાળમાં આ સાંધા વનસ્પતિના રસથી જોડવામાં આવતા, બસો વર્ષ પહેલાં ચૂનાથી ને હવે સિમેન્ટથી સાંધા ભરવામાં આવે છે. પણ લોખંડ ક્યાંય વાપરવામાં આવતું નથી. કારણ કે કાળક્રમે લોખંડને કાટ લાગે છે ને તે બાંધકામને ધીરે ધીરે નષ્ટ કરે છે.

આ 'સ્ટોન લોકિંગ સિસ્ટમ'ને કારણે જ્યારે જ્યારે ધરતીકંપ થાય, ત્યારે ત્યારે ધરતીના કંપની સાથે લોક થયેલા બધાયે પથ્થરો એક સાથે જ હલશે આખી ઈમારત એક સાથે પાયામાંથી ડોલે, તો ઈમારત એમને એમ ધરતીના કંપની સાથે ડોલીને એની મૂળ જગ્યાએ કંપન પૂરા થયા પછી આવીને 'ઊભી' રહી જાય. ઈમારતના પથ્થરો એકબીજામાં પરોવાયેલા હોય, તેથી આખે આખી ઈમારતની સાથે ડોલે, પણ પડે નહિ.

ઉત્તરકાશી પાસે આવેલા ગઢવાલમાં વારંવાર ધરતીકંપ થાય છે. ત્યાં એક મંદિર બનાવવાનું હતું, ત્યારે ત્યાંના ટ્રસ્ટીઓને ચિંતા હતી કે, વારંવારના ધરતીકંપને કારણે મંદિર પડી તો નહિ જાય ને ? મેં કહ્યું, 'કંપ-પ્રૂફ મંદિર બાંધવાની વિદ્યા તો અમારા ઘરની છોકરીઓ પણ જાણે છે.' એ લોકોએ ચેલેંજ ખાતર મારી દીકરી પૂર્વી પાસે કંપ-પ્રૂફ મંદિરનો પ્લાન કરાવડાવ્યો. આ અગાઉ પૂર્વીએ મેંગલોર, કોચીન અને ઈંદોરના મંદિર નિર્માણમાં ભાગ લીધો હતો. ભારતની આ પ્રથમ મહિલા સ્થપતિએ જ્યારે ગઢવાલનાં 'કંપ-પ્રૂફ' મંદિરનો પ્લાન ટ્રસ્ટીઓને વિગતવાર સમજાવ્યો, ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા કે, આ કામ ભલભલા વૈજ્ઞાનિક કે એંજિનિયરો ન કરી શકે, તે કામ એક બાવીસ વર્ષની છોકરીએ રમતા રમતા કરી બતાવ્યું.

મહારાષ્ટ્રના દહાણુના મહાલક્ષ્મી મંદિરમાં પણ સ્ટોન લોકિંગ સિસ્ટમને કારણે આખો ઉપરનો પહેલો માળ અકબંધ રાખી, નીચેના આખા ગ્રાઉન્ડ ફ્લોરના ૫૮ થાંભલા બદલી નાખ્યા, ત્યારે તે વખતના મિનિસ્ટર ભાઉસાહેબ વર્તકે આ કાર્યને 'એક અદ્ભુત સ્થાપત્યકીય ચમત્કાર' ગણાવીને સ્થાપત્ય કાર્યના સર્વોચ્ચમાન સમો 'સુવર્ણરાજ' મને એનાયત કર્યો, ત્યારે મેં જણાવેલું કે 'આ માન મને નહિ સ્થાપત્ય-વિદ્યાના રચયિતાને મળે છે, જેનો હું એમના વતી સ્વીકાર કરું છું.'

ગુજરાતના ઉના પાસે તુલસીશ્યામ મંદિરમાં આ જ સ્ટોલ લોકિંગ સિસ્ટમથી હું આજે નિર્માણ કરી રહ્યો છું. એ પ્રેક્ટીકલી જોવા હજારો યાત્રિકો ત્યાં કુતુહલવશ આવી આશ્ચર્યચકિત થાય છે. આ સિસ્ટમને કારણે મંદિરો અડીખમ રહી શકે છે.

□ મુંબઈ સમાચાર'માંથી ટૂંકાવીને

*જેનું કારજ જે કરે, કદી બીજાથી ન કરાય,*
*દીપક પ્રગટે ક્રોડ પણ, રવિ વિના રાત ન જાય.*

o

*બડે ભયે તો ક્યા ભયા, સબસે બડી ખજૂર*
*બેઠન કો છાયા નહિ, ફળ લાગે તો દૂર.*

# સંગીત દ્વારા આરોગ્ય

પં. ગોવિંદવલ્લભ

જ્યારે દર્દીને દર્દમુક્ત કરવાના અનેકવિધ ઉપચારો પ્રસિદ્ધ થઈ રહ્યા છે, ત્યારે સંગીતના જુદા જુદા રાગો દર્દીને સંભળાવી, તેના વડે રોગમુક્ત કરવાના છૂટાછવાયા ઉપચારો આપણા જૂના ગ્રંથોમાંથી આપણને મળી આવે છે, પરંતુ તેની કડીબદ્ધ પદ્ધતિની કોઈ ગ્રંથ આપણી નજર સામે આવતો નથી. તેનાં કારણોમાંનું એક કારણ મધ્યયુગના મુસલમાની રાજ્યકાળમાં આપણા અસંખ્ય ગ્રંથો અગ્નિશરણ થયા, તે છે. ઉપરાંત ઘણા ગ્રંથો તેના સંરક્ષકોની બેદરકારીથી જીર્ણશીર્ણ થઈ નાશ પામ્યા છે, પરંતુ આયુર્વેદના ગ્રંથો ને અન્ય ગ્રંથોમાં જે કાંઈ રહ્યું છે, તેનું સંશોધન થવું આવશ્યક છે.

કર્મના આવરણથી આચ્છાદિત થયેલ આત્માને આવરણરહિત દશામાં લઈ જવા માટેના અને નાદબ્રહ્મ વડે આ વિશાળ જગતમાં વિલીન થઈ જવા માટેના પ્રયોગો આપણા પ્રાચીન ભારતીય સાહિત્યમાંથી આપણને મળી આવે છે. આયુર્વેદાચાર્ય ચરક કહે છે કે સુમધુર સંગીત, સુગંધિત પુષ્પ, સ્વચ્છ વસ્ત્રપરિધાન, હૃદયહારી વાર્તાલાપ અને હાસ્યવિનોદ આદિ પથ્યો વડે 'મદાત્યય' નામનો રોગ મટે છે. એ સિવાય અન્ય ગ્રંથકારોના અભિપ્રાય મુજબ સમયસર ગવાયેલાં રાગ ને રાગિણીઓથી કેટલાક રોગોનું નિવારણ થઈ શકે છે. તેનો આછો પરિચય આપવાનો અહીં થોડો પ્રયત્ન કર્યો છે.

**રાગિણી-આશાવરી** : માથાનાં દર્દો માટે ખૂબ અસરકારક પ્રભાવ બતાવે છે અને શારીરિક શિથિલતાને દૂર કરી, શરીરમાં ઉત્સાહનાં પૂર લાવે છે.

**રાગિણી-વિભાસ** : આ રાગિણી કફનાશક છે અને ક્ષયરોગના દર્દીને સારી અસર ઉપજાવે છે. એનાથી કફજવર શાંત થાય છે અને મસ્તક સંબંધી રોગ તથા અપસ્માર (મૃગીવાયુ)માં પણ લાભ થાય છે.

**રાગિણી-ભૈરવી** : આ રાગિણીમાં પૌષ્ટિક તત્ત્વનું પ્રમાણ વિશેષ હોવાથી તે નિર્બળ શરીરમાં શારીરિક શક્તિનો સંચય કરે છે. વળી આ રાગિણી ત્રિદોષ (વાત,પિત્ત અને કફ)નું પણ શમન કરે છે.

**રાગ-ભૈરવ** : આ રાગ ઉગ્ર, ગુણયુક્ત, અને વીરરસપૂર્ણ હોવાથી તેને કફનાશક માન્યો છે. ઉધરસના દર્દીને આ રાગ અવશ્ય લાભકારક છે.

**રાગ-ધનાશ્રી** : કફનો નાશ કરનાર, બળવર્ધક અને શરીરમાં ચૈતન્ય લાવનારો છે.

**રાગ-સારંગ** : આ રાગ પિત્તનાશક છે. પિત્તજ્વર વધી જતાં પરસેવો લાવી તાવને ઉતારી નાખવામાં ચમત્કારિક કામ કરે છે.

**રાગ-પૂર્વી, કાન્હડો, પીલૂ** : પેટનાં દર્દોનો નાશ કરવામાં આ રાગો અકસીર અસર પહોંચાડનારા છે અને કાન્હડાના જુદા જુદા સ્વરો સાંભળતાં નિર્બળતા દૂર થઈ શક્તિનો સંચાર થાય છે.

**રાગ-કલ્યાણ** : આ રાગ મદવર્ધક, બળવર્ધક અને શરીરમાં શક્તિ લાવનારો છે.

**રાગ-બિહાગ, કેદારો** : બન્ને રાગો અનિદ્રા રોગ મટાડે છે. જેની નિદ્રા ઘણા સમયથી જતી રહી છે, તેવો માણસ આ રાગ સાંભળતાં જ નિદ્રાધીન થવા માંડે છે.

**રાગ-માલકોષ, સોહની, કાલિંગડો ને પરજ** : આ રાગો વાયુ અને કફનાશક હોવાથી, જીર્ણ રોગોને નાશ કરવાની અદ્‌ભુત શક્તિ ધરાવે છે.

આવા રાગો સાંભળતી વખતે ચિત્તને તેમાં એકાકાર કરવું જોઈએ. બીજા વિચારો કે બીજી વાતચીતમાં ધ્યાન આપવું જોઈએ નહીં. કારણ કે એથી રોગો પર ધારી અસર થવા પામતી નથી.

ગુજરાતી ભાષા બોલનારી પ્રજાને ઝંડુ ભટ્ટજીની

ઓળખાણની શી જરૂર હોય ? એમને આપણે અર્વાચીનયુગના આયુર્વેદાચાર્ય કહીએ, તો પણ ખોટું નથી.

એક પ્રસંગે જશદણ રાજ્યના રાજા આલા ખાચરની પુત્રી ચિંતાજનક હાલતમાં માંદગીને બિછાને પડી હતી. આ પ્રસંગે રોગનિવારણ માટે ઝંડુભટ્ટજીને જશદણ બોલાવવામાં આવ્યા. જશદણની નજીકના ગામમાં ઝંડુભટ્ટજીના એક મિત્ર રહેતા હતા. તેઓ એક કુશળ ગાયક હતા. તે ઝંડુભટ્ટજીના જશદણ આવવાના સમાચાર જાણી, એક અપસ્મારના દર્દીને લઈને જશદણ આવ્યા. ઝંડુભટ્ટજીએ રોગીને દવા આપી તેને ગામ વિદાય કર્યો અને પેલા મિત્રને જણાવ્યું કે હાલ હું જ્યાં સુધી અહીં રહું ત્યાં સુધી તમારે મારી સાથે રહેવાનું છે. પેલા મિત્રે જણાવ્યું કે, અહીં રાજ્યમાં ઘણા કુશળ ગાયકો છે, ત્યાં મારી શી આવશ્યકતા છે ? ઝંડુભટ્ટજીએ જણાવ્યું કે હું દવાની મદદ સિવાય સંગીત વડે રોગ મટાડવાના પ્રયોગો તમને બતાવવા માગું છું. માટે તમારે મારી સાથે રોકાવું જરૂરી છે.

રાજાની પુત્રીના ઉપચાર તો ચાલી જ રહ્યા હતા અને તે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી રહી હતી, પરંતુ તેવામાં એક દિવસ રાજ્યના દીવાનના માથામાં અસહ્ય દર્દ થવા લાગ્યું અને ઝંડુભટ્ટજીએ જણાવ્યું કે,આજે આપના દરદને દવાથી નહિ, પણ એક બીજા પ્રયોગ વડે મટાડવાનો મારો ઈરાદો છે. એમણે પેલા ગાયક મિત્રને પોતાની પાસે બોલાવ્યો અને જણાવ્યું કે, તમે તમારી સિતાર લઈને આશાવરી રાગિણી વગાડવાનું ચાલુ કરો. સમય પણ રાગિણીને અનુકૂળ સવારનો હતો. જેમજેમ રાગિણી આશાવરીના સ્વરો દીવાનના કાનમાં જઈ મસ્તકમાં ઘૂમવા લાગ્યા, તેમતેમ દીવાનનું દર્દ ઓછું થતું ચાલ્યું અને થોડા સમયમાં તો દર્દ બિલકુલ જ મટી ગયું. આશ્ચર્યજનક પ્રયોગથી તો દીવાન મુગ્ધ થઈ ગયા. અંતે તેમણે એ હકીકત ઠાકોરસાહેબને જણાવી ને એ જ રાતના દરબાર હોલમાં, એ ગાયકનો જલસો ગોઠવવાનો દીવાનને હુકમ થયો. પરંતુ દૈવયોગે એ જ દિવસે રાજા સાહેબ તાવની બીમારીમાં સપડાયા. ઉપચાર માટે ભટ્ટજીને બોલાવવામાં આવ્યા. નાડી તપાસી ઝંડુભટ્ટજીએ જણાવ્યું કે, આજે સંગીતનો જલસો બંધ રખાવો, હું દવા આપું છું, તેથી આરામ થઈ જશે. પરંતુ ઠાકોરસાહેબે જણાવ્યું : 'મારા સાંભળવામાં આવ્યું છે કે, આપ સંગીત દ્વારા રોગને મટાડી શકો છો, તો આજે મારો આ રોગ સંગીતના પ્રયોગ દ્વારા જ મટાડી આપો. મારે પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા એનો ચમત્કાર જાણવો છે.'

ઝંડુભટ્ટજીએ તુરત જ પેલા ગાયક મિત્રને બોલાવી તેને જણાવ્યું કે, ઠાકોરસાહેબને પિત્તજ્વર ચઢ્યો છે, તો તમે સારંગ રાગથી શરૂકરીને ક્રમશ કાન્હડો, બિહાગ ને ખમાચ રાગો સંભળાવો.

સંગીત શરૂ થયું અને થોડો સમય ચાલુ રહ્યું, એક પછી એક રાગના સ્વરો છૂટવા લાગ્યા, તેમતેમ પિત્તજ્વરનું વિસર્જન થવા માંડ્યું. થોડા સમય બાદ ઠાકોરસાહેબે જ્યારે નાડી તપાસવા વૈદરાજને જણાવ્યું, ત્યારે તો તાવ બિલકુલ ઊતરી ગયેલો જણાયો. મહારાજાની આજ્ઞાથી સંગીત થોડો સમય ચાલુ રહ્યું. સંગીતનો પ્રભાવ અને વૈદરાજનું તે સંબંધીનું જ્ઞાન જાણી ઠાકોરસાહેબે તેમની ઘણી પ્રશંસા કરી.

ન્યુયોર્કમાં 'ડોરા જુંડેજ' નામની એક સ્ત્રીને નિદ્રારોગ લાગુ પડેલો, તે ઘણા ડૉક્ટરી ઉપચારો થવા છતાં મટતો નહિ, વાયોલીન પર સારો કાબૂ ધરાવનાર એક યુવક નામે હાફમેનને આ વાતની જાણ થતાં એ તે સ્ત્રીના મકાને આવ્યો અને તેના પલંગ પાસે તેણે વાયોલીનના સૂરો છેડવા માંડ્યા. થોડો સમય વાયોલીન ચાલુ રહ્યું, ત્યાં તો તે સ્ત્રીની આંખો બંધ થવા લાગી. ત્યારપછી ત્રણ દિવસ સુધી તે સ્ત્રીના પલંગ પાસે વાયોલીન વગાડવાનું ચાલુ રાખ્યું. પરિણામે તેને આ નિદ્રારોગ નાશ પામ્યો અને તેણે સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું.

હાલ એ દેશોમાં પણ સંગીત વડે રોગ મટાડવાના પ્રયોગો શરૂ થયા છે અને માનસિક આંદોલન દૂરદૂર સુધી ફેંકીને પણ રોગીને રોગમુક્ત કરનારી સંસ્થાઓ ત્યાં કામ કરી રહી છે. આપણા સંગીતાચાર્યો અને આયુર્વેદાચાર્યો પણ આ દિશામાં પોતાના પ્રયોગો શરૂ કરે તેમ ઈચ્છીશું

● -'જનકલ્યાણ'માંથી સાભાર

# પ્રાર્થના કરીએ સફળતાંને, કે આપણે જીરવી શકીએ એ પહેલા એ આવી ન પહોંચે

પૂ. પં. શ્રી રત્નસુંદર વિજયજી ગણિવર

લગ્નગાળો જોરદાર ચાલુ હોય, ચારેય બાજુથી જમણવારનાં આમંત્રણો મળતાં હોય, જમણવારમાં દ્રવ્યો ભારે સ્વાદિષ્ટ હોય, લલચાવનારાં હોય, પણ સમજુ માણસ ત્યાં જતાં પહેલાં પોતાના પેટને જુએ છે...એ જો બગડેલું હોય તો જમણવારમાં જવાનું એ માંડી વાળે છે... યજમાનના ભારે આગ્રહના કારણે કદાચ એ જમવા જાય છે તોય દાળભાત જેવો હલકો ખોરાક ખાઈને ઊભો થઈ જાય છે...ના...માલ સારો છે, સ્વાદિષ્ટ છે માટે એ ઝૂડવા નથી માંડતો...કારણ કે એને ખબર છે કે સારો માલ હોવા માત્રથી વાત પતી જતી નથી, એ માલને પચાવનારું પેટ સારું હોવું અતિ અતિ જરૂરીછે.....

જે વાત ગુલાબજાંબુ અને પેટ માટે છે એ જ વાત સફળતા અને પાત્રતા માટે છે...નબળા પેટે ગુલાબજાંબુ ખાવામાં શરીરમાં તાકાત આવવાની શક્યતા તો નથી પણ ઝાડા થઈ જવાની ઘણી મોટી શક્યતા છે...બસ, એ જ રીતે પાત્રતા વિના મળી જતી સફળતા જીવનનો વિકાસ તો નથી કરતી પણ કદાચ જીવનને વિનાશને માર્ગે લઈ જાય છે. પરંતુ, ખરી તકલીફ એ છે કે પેટની બાબતમાં તો અભણ પણ સાવધ રહે છે જ્યારે પાત્રતાની બાબતમાં તો અચ્છા અચ્છા ધુરંધરો ય ગોથાં ખાઈ રહ્યાં છે.

ક્ષેત્ર ચાહે શરીરનું હોય કે સત્તાનું, સંસારનું હોય કે અધ્યાત્મનું, અભ્યાસનું હોય કે રમતગમતનું, પહેલી વાત આ જ છે...પાત્રતા કેળવો, પછી સફળતાની વાત કરો...પહેલાં સારા બનો પછી સારું મેળવવાની વાત કરો.

આ બાબતમાં આજનો બહુજનવર્ગ થાપ ખાઈ ગયો છે...સારા બન્યા વિના સારું મેળવવા જતાં એ હતો એના કરતાં કદાચ વધારે દુ:ખી, ત્રસ્ત અને અશાન્ત બન્યો છે.

સ્વાદિષ્ટ દ્રવ્યોના ભોજન છતાં માંદગી વધી છે...સત્તાસ્થાને બેઠેલાંઓમાં ખરાબી વધી છે...શ્રીમંતાઈ સાથે શેતાનિયત વધી છે...અઢળક વૈજ્ઞાનિક સાધનોની ઉપલબ્ધિ છતાં જીવહિંસા વધી છે...? સફળતા મુખ્ય બની છે, પાત્રતા ગૌણ થઈ ગઈ છે...સફળતા પહેલાં મળી ગઈ છે...પાત્રતા આવી જ નથી.....પરિણામ ? સફળતા પહેલાં જે થોડી ઘણી પાત્રતા હતી એ તો ખતમ થઈ જ ગઈ છે પણ સામે પક્ષે અપાત્રતા વધતી ચાલી છે.

ખેર, બીજાની વાત છોડીએ...આપણે આપણી જ વાત કરીએ...જીવનમાં ડગલેને પગલે સફળતાને જ કેન્દ્રમાં રાખી છે એને બદલે હવે પાત્રતાને રાખીએ.

જ્યાં કેન્દ્ર બદલાશે ત્યાં પરિધિ આપોઆપ બદલાશે..વૃત્તિ ફરશે, પ્રવૃત્તિ અચૂક ફરશે ! સફળતા જ જ્યાં કેન્દ્રમાં હોય ત્યાં સિદ્ધાન્તની વાત મુખ્ય શી રીતે બને ?

શ્રીમંત બનવાની જ વાત મુખ્ય હોય છે ત્યાં નીતિ ગૌણ બની જ જાય છે...પહેલે જ નંબરે પાસ થવાની જ્યાં વાત હોય છે ત્યાં પ્રામાણિકપણે જ પરીક્ષા આપવાની વાત ગૌણ બની જાય છે...સત્તા જ મેળવવાની જ્યાં વાત હોય છે ત્યાં સરળતાની વાતને પ્રાધાન્ય મળવું મુશ્કેલ બની જાય છે.

જીવનને ઉન્નતિના શિખરે લઈ જવું છે ? તો ફેરવી નાખો કેન્દ્રસ્થાન, સફળતા નહીં, પાત્રતા ! નબળા પેટે મળતા અને ખવાઈ જતા ગુલાબજાંબુ બહુ બહુ તો શરીર બગાડશે પણ પાત્રતા વિના મળી જતી સફળતા ખુદના જીવન-ને તો બગાડશે પણ સાથોસાથ કેઈ નિર્દોષ જીવોના જીવનને પણ દુ:ખોથી ધમરોળી નાખશે, પાપોથી કલંકિત બનાવશે.

હિટલરને મળેલી સત્તાએ શું કર્યું ? ૬૦ લાખ જેટલા યહૂદીઓને ગેસચેમ્બર વગેરેમાં રીબામણ ભરેલાં અને ક્રૂરતા ભરેલાં મોત આપ્યાં....કેઈ માતાઓને પુત્રવિહોણી કરી તો કેઈ સ્ત્રીઓનાં સૌભાગ્યનાં સિંદૂર એણે ચૂંથી નાખ્યાં.....

અણુ વૈજ્ઞાનિકોએ ભેટ આપેલા અણુબોંબે શું કર્યું ? હિરોશીમા અને નાગાસાકિની હરિયાળી ભૂમિને એણે ગણતરીની પળોમાં સ્મશાનમાં ફેરવી નાખી...આખા જગતને કાયમ માટે એકબીજાથી ડરતું કરી નાખ્યા..

યુવતીઓને મળેલા 'વિશ્વસુંદરી'ના ઍવોર્ડોએ શું કર્યું ? અનેક સુશીલ અને ગભરુ બાળાઓને પોતાના રૂપના પ્રદર્શન માટે એણે લલચાવી અનેકનાં શીલ ચૂંથી નાખવામાં આગેવાની લીધી.

ના...ન જોઈએ આવી સફળતા, કહેવતમાં ખરી જ વાત કરી છે કે 'સફળતા ! તું આવજે જરૂર પણ તને હું જીરવી શકું એવી પાત્રતા મારામાં કેળવાયા પછી જ !' તું આવે છતાં જીવો સાથેની મૈત્રીમાં,. પ્રભુ પ્રત્યેની ભક્તિમાં, મારી પોતાની શુદ્ધિમાં જરાય ઓટ ન આવે એવી પાત્રતા મારામાં ઊભી થાય પછી જ !'

બગડેલા પેટે ગુલાબજાંબુ ન મળે એમાં જો તંદુરસ્તી છે તો બગડેલા મને સફળતા ન મળે એમાં તો જનમોજન-મની સલામતી છે..

એક જ વાત : પહેલાં પાત્રતા...બાકીની બધી ય વાત પછી...

# સર્જાતું સાહિત્યઃ સ્વીકાર અને સમાલોચના

શ્રી જ્ઞાનયાત્રી

● **દાસઃ દેવાધિદેવના :** કથાલેખક : પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશકઃ સંસ્કૃતિ પ્રકાશન, રમેશ આર. સંઘવી, 'રામવાટિકા' ૪૦૧, સમેતશિખર એપાર્ટમેન્ટ, ગોપીપુરા, કાજીનું મેદાન, સુરત-૩૯૫૦૦૨ ક્રા.૧૬ પેજી પેજ ૧૨૮ મૂલ્યઃ ૨૦-૦૦

૯ જૈનવાર્તાઓનો સુંદર સંચય સાર્થક નામાભિધાન પૂર્વક પ્રકાશિત થયો છે. કેમકે દેવાધિદેવના દાસ કેવા હોય, એનું કર્તવ્ય શું હોય ? એને સૂચવી જતી ૯ વાર્તાઓ આમાં સિદ્ધ હસ્ત કલમે કંડારાઇ છેં. પ્રથમવાર્તામાં મર્યાદાનું મહત્ત્વ જે રીતે અંકિત થયું છે, એ વાર્તાંકની મર્યાદા-હાનિથી સર્જાયેલો વિનાશ આજે જ્યારે નજરોનજર દેખાઇ રહ્યો છે, ત્યારે મહત્ત્વનું માર્ગદર્શન કરાવી જાય એવું છે. અર્થની અનર્થકારકતાનો સ્પષ્ટ વિચાર રજૂ કરતી દીર્ઘકથા પણ એટલી જ રોમાંચક છે. બીજી બીજી પણ વાર્તાઓ ખૂબ જ બોધપ્રદ છે, જેનાં બીજ જૈનશાસ્ત્રોમાં નિહિત છે. અતિ સુંદર ભાવવાહી મુખપૃષ્ઠ આ પ્રકાશનની ઉડીને આંખે વળગે, એવી વિશેષતા છે. આના સહપ્રકાશક બનવાનો લાભ શ્રી ઝેણીબેન અમૃતલાલ પરીખ, પરીખ વસંતલાલ અમૃતલાલ (સી.એ.) ૫૫, પ્રેમમિલન, ૮૭-બી, નેપીયન્સી રોડ, વાલકેશ્વર મુંબઇ-૬ દ્વારા લેવાયો છે.

● **ફૂલ નાનું શૂલ મોટી :** વાર્તા લેખક/પ્રકાશક આદિ ઉપર મુજબ પેજ ૧૩૨ મૂલ્ય : ૨૦-૦૦

એક જ ભવમાં બે બે તીર્થંકરોના સાક્ષાત્ દર્શન પામનારા બડભાગીઓના નામ શાસ્ત્રોમાં જવલ્લેજ જોવા મળતા હોય છે. કામગજેન્દ્ર આવો જ એક બડભાગી રાજકુમાર હતો. ભગવાન મહાવીરદેવના સમયમાં થઇ ગયેલા આ કામગજેન્દ્રકુમારને આ તારક ઉપરાંત સાક્ષાત્ સીમંધર સ્વામીના સાક્ષાત્કારનો પણ અમૂલ્ય લાભ સાંપડ્યો હતો. આવા આ કામગજેન્દ્ર- કુમારની રાગવિરાગના રંગથી ભરપૂર અદ્‌ભુત કથા પ્રસ્તુત પુસ્તકમાં ધારાવાહી રૂપે અંકિત થઇ છે. 'કલ્યાણ'માં વર્ષો પૂર્વે પ્રકાશિત આ વાર્તાએ વાચકોમાં જે રસ/આકર્ષણ પેદા કર્યું હતું, એજ અજબગજબનું હતું. એ વાર્તા આ રીતે પ્રથમવાર જ પુસ્તકાકાર ધરી રહી છે, એ ખૂબ આનંદવા જેવી બાબત છે. આમાં ફૂલ એ ભોગનું પ્રતીક છે અને શૂલ એ ભોગની પાછળ-આગળ રહેલી પીડા-વેદનાનું પ્રતીક છે. ભોગનું નાનકડું ફૂલ ચૂંટવા જતા વેદના પીડાની કેવી મોટી મોટી શૂલોના ડંખ સહન કરવા પડતા હોય છે, એની કરુણ દાસ્તાન આ સળંગ વાર્તાના પ્રકરણે પ્રકરણે અંકિત છે. અત્યાકર્ષક યથાર્થ ટાઇટલ આ પુસ્તકની અનેરી શોભા છે. આના સહપ્રકાશક બનવાનો જ્ઞાનલાભ શ્રી ફૂલચંદજી બોથરા સાંચોરવાળા (C/o. જવાહર પી. કાનૂંગો અભિલાષા બિલ્ડિંગ, ૪૬, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, ગોવાલિયા ટેંક, મુંબઇ-૩૬) એ લીધો છે.

● **કલ્યાણનો કુંભ :** લેખક/પ્રકાશક ઉપર મુજબ. પેજ ૧૨૮ મૂલ્યઃ ૨૦-૦૦

સંસ્કૃતિ પ્રકાશન તરફથી શ્રદ્ધેય લેખક પૂ.આ.શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજનું કથા-સાહિત્ય જેમ પ્રકાશિત થઇ રહ્યું છે, એમ 'કલ્યાણ' માસિકના આગવા આકર્ષણ રૂપ અગ્રલેખો જેવું ચિંતનાત્મક સાહિત્ય પણ પ્રકાશિત થઇ રહ્યું છે. આ ચાલુ અંકમાં પ્રકાશિત અગ્રલેખનો સળંગ અંક ૨૨૫નો છે. આવા અગ્રલેખોના બે પુસ્તકો 'કલ્યાણ યાત્રા' અને 'કલ્યાણ મંત્ર' આ પૂર્વે પ્રકાશિત થઇ ચૂક્યા છે. આ જ કક્ષાનું ત્રીજું પ્રકાશન 'કલ્યાણનો કુંભ' છે. આમાં ત્રીસેક અગ્રલેખો મુદ્રિત થયા છે. શુભાષિતો રૂપ સંતવાણીનો કલ્યાણકુંભ જેના હાથમાં આવીને હોઠ વાટે હૈયામાં પ્રવેશે છે, ત્યાં પ્રકાશ પ્રકાશ પથરાઇ જાય છે અને બાકીના અભાગિયા જીવો માટે અંધકારમાં આમતેમ અથડાવું અનિવાર્ય બની રહે છે, આવા ભાવને આબેહૂબ અંકિત કરતું ટાઇટલ/મુખપૃષ્ઠ આ અગ્રલેખોના સંચયને જે રીતે શોભાવી

રહ્યું છે, એ શોભા તો પુસ્તક હાથમાં લીધા બાદ જ અવલોકી શકાય એવી છે. આના સહપ્રકાશક બનવાનો પુણ્યલાભ શ્રીનટવરલાલ મૂળચંદ પાટિલ (ગોપાળ નિવાસ, પ્રિન્સેસ સ્ટ્રીટ રોડ, મુંબઇ-૨) પરિવારે લીધો છે.

**● શ્રી भक्ताम रस्तोत्र महाकाव्यम् : સંપાદક : પૂ. મુનિરાજ શ્રી યુગચન્દ્ર વિજયજી મહારાજ.** **પ્રકાશક : શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈન સંઘ, દેવકરણ મેન્શન ત્રીજે માળે, મુંબઇ-૪૦૦ ૦૦૨.** ડેમી સાઇજ પેજ ૨૦૦. મૂલ્ય : ૩૦-૦૦

ભક્તામર સ્તોત્રની પ્રભાવકતા સંઘમાં સુપ્રસિદ્ધ જ છે. આ અંગે કંઇ પણ વર્ણવવું, એ મા આગળ મોસાળનો મહિમા ગાવા જેવું ગણાય ! આ પ્રભાવક સ્તોત્ર પર મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિવરે વૃત્તિની, શ્રી કનકકુશલ ગણિવરે વ્યાખ્યાની તેમજ શ્રીગુણાકરસૂરિજી મહારાજે નિવૃત્તિની સંસ્કૃતભાષામાં રચના કરી છે. કાવ્યની શૈલીથી ભક્તામર સ્તોત્રનું અધ્યયન-અધ્યાપન કરવામાં આ રચનાઓ ખૂબ જ ઉપકારક બને એવી છે. આનું સંપાદન-સંકલન વર્ષો પૂર્વે શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયાએ કર્યું હતું અને જે શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા (સુરત) દ્વારા પ્રગટ થયું હતું. પણ એક પ્રકાશન જીર્ણશીર્ણ થઇ ગયું હતું અને અપ્રાપ્ય પણ હતું. એથી એના આધારે પૂ. મુનિશ્રીએ ખૂબ જ પરિશ્રમ પૂર્વક આ નવસંસ્કરણ તૈયાર કર્યું છે. સંપાદન જેમ બને એમ વધુ શુદ્ધ, સુંદર અને સુઘડ બને, એ માટે લેવાયેલી કાળજી પાનેપાને દૃષ્ટિગોચર બને છે. આજે સાધુસંઘમાં સંસ્કૃતના અધ્યયન બાદ કાવ્યનું અધ્યાપન કરાવાય છે. એમાં જૈનેતર કાવ્યોને પ્રાધાન્ય ન આપતા પ્રસ્તુત 'ભક્તામર' જેવા કાવ્યને પ્રાધાન્ય આપવું જરૂરી જણાય છે. અને એ માટે પાઠ્યગ્રંથ તરીકેની પૂર્તિ પ્રસ્તુત પ્રકાશન દ્વારા ખૂબ જ સારી રીતે થઇ શકે એમ છે. એથી આ નવસંસ્કરણોનો સંઘ સારી રીતે લાભ લે, એવી અપેક્ષા રાખવી અસ્થાને નહિ ગણાય. ભક્તામર સ્તોત્રનો પ્રભાવ વર્ણવતી કથાઓ પણ આમાં સંસ્કૃતભાષામાં સ્થાન પામી છે, એથી વાંચન માટે પણ આ પ્રકાશન ઉપયોગી નીવડશે. જ્ઞાનદ્રવ્યમાંથી પ્રકાશિત આ કાવ્યગ્રંથ પૂ.સાધુ સાધ્વીજી ભગવંતોને અધ્યયનાર્થે અને જ્ઞાનભંડારોને વસાવવા અર્થે સાદર સમર્પિત કરવાની ભાવના હોવાથી પ્રકાશકના સરનામે પત્ર લખવાથી મળી શકશે.

**● વંદના, પાપનિકંદના :** સંકલન : પૂ.મુનિરાજ શ્રી રાજરત્ન વિજયજી મહારાજ. પ્રકાશક : શ્રી શાંતિનાથ જૈન દહેરાસર પેઢી, એલ.ટી.રોડ, સ્ટેશન સામે, દહીંસર-પશ્ચિમ, મુંબઇ-૪૦૦ ૦૬૮. ફૂલ્સકેપ ૧૬ પેજી સાઇજ પેજ ૧૧૬. મૂલ્ય: ૫-૦૦

**આકર્ષક ગેટઅપમાં સુસજ્જ આ પ્રકાશનમાં ભક્તિભાવનો જે ધોધ પ્રવાહિત છે, એ માણવા જેવો છે. આમાં સકલાર્હત્ સ્તોત્ર, પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિકૃત શમીના પાર્શ્વનાથ સ્તોત્ર, શ્રી સોમપ્રભસૂરિકૃત સર્વજિન સ્તવન, શ્રી દેવેન્દ્રસૂરિજી કૃત યુગાદિજિન સ્તવન :** આટલી સંસ્કૃત રચનાઓ પૂ.મુનિરાજ શ્રી રાજરત્ન વિજયજી મહારાજ કૃત ગૂર્જર પદ્યાનુવાદ સહ રજૂ થઇ છે. તેમજ અરિહંત વંદનાવલિ, આત્મનિંદા દ્વાત્રિંશિકા, રત્નાકર પચ્ચીશી, ૨૦૦ જેટલી વિવિધ સ્તુતિઓ : આટલો સંગ્રહ આમાં શબ્દસ્થ બન્યો છે. આમ, લગભગ ૪૦૦ જેટલી ભાવવાહી સ્તુતિ-પ્રકારક રચનાઓ આમાં સંગૃહીત હોવાથી પ્રભુભક્ત માટે તો આ સંગ્રહ ગોળના ગાડા જેવા મીઠો બની રહેશે, એ નિઃશંક છે. પૂ.મુનિશ્રીની રચના-કુશળતા આમાં સુપેરે દર્શન દઇ રહી છે. ૪૦૦ ભક્તિ રસઝરતી સ્તુતિઓનો આ સંગ્રહનીય સંગ્રહ ખરેખર માણવા જેવો છે.

**● પગલું પડે તો પંથ ખુલે :** કથાલેખકઃ પૂ.મુનિરાજશ્રી રાજરત્ન વિજયજી મહારાજ. પ્રકાશકઃ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ બાવન જિનાલય, તીર્થ પેઢી, દેવચંદ નગર, ભાઇન્દર પશ્ચિમ, મુંબઇ-૪૦૧ ૧૦૧ ડેમી સાઇજ પેજ ૨૪+૨૦૮. પ્રતીક મૂલ્યઃ ૧૦-૦૦

''શત્રુંજય'' આ ગિરિરાજનું સૌથી વધુ સુપ્રસિદ્ધ પુણ્યનામ છે. આ નામાંકન પાછળ શુકરાજ અને ચન્દ્રશેખરની એક પ્રાચીન મહાકથા સમાયેલી છે. એ કથાનું રસિક-આલેખન પ્રસ્તુત પુસ્તકમાં થવા પામ્યું છે. ૨૬ પ્રકરણોમાં વિસ્તૃત આ કથાનક શત્રુંજયના મહિમા-વર્ણનથી ભરપૂર છે. કથાની ગુંથણી એવી તો રસ-ઝરતી બનવા પામી છે કે, પુસ્તકનું વાંચન શરૂ થયા બાદ પૂરું કર્યા વિના ચેન ન પડે. પ્રકરણોના અંતે વધતી જગામાં શત્રુંજયને લગતી અનેકવિધ માહિતી આપવામાં આવી છે, જે પ્રસ્તુત-પ્રકાશનની ઉપયોગિતામાં કંઇ ગણો વધારો કરે છે. વાંચતા વાંચતા શત્રુંજયના મહિમાને આંખ સામે ખડો કરી દેવા સમર્થ આ પ્રકાશન કથારસની જમાવટ માણવા પણ વસાવવા/વાંચવા જેવું છે. મુદ્રણની મનોહરતા પણ ઉડીને આંખે વળગે એવી છે.

# શંકા સમાધાન

રાજુભાઈ પંડિત, અમદાવાદ

**શંકા૦-૧૨૮** ફળ-નૈવેદ્યને બદલે પૈસા જ ચડાવીએ તો ચાલે કે નહિ ? (દેવદ્રવ્યના નુકસાનીથી બચવા માટે)

**સમા૦** ઘરઘંટી વસાવવાની ઈચ્છાવાળો શ્રાવક શું તર્ક કરતો હોય છે તે ખબર છે ? તે એમ તર્ક કરે છે કે 'બજારની ઘંટીમાં લોટ દળાવવામાં ઘઉંનો અને ચણાનો લોટ ભેગો થઈ જવાની શક્યતા હોય છે અને તેથી ઘઉંનો લોટ સાથે પણ કાચું દહીં ખાવામાં દ્વિદળની પૂરી સંભાવના છે.'' આ તર્કથી આપણને ખરેખર એમ જ લાગે કે- ''આ શ્રાવકને દ્વિદળથી બચવાની કેટલી બધી ઝંખના છે.'' પણ તેને ખરી રીતે તો ઘરઘંટી વસાવવાની જ પ્રબળ ઈચ્છા છે, તે આપણને લાગે જ નહિ. અને હકિકતમાં ઘરઘંટી વસાવવાની ઈચ્છા જ હોય છે માટે જ આવા ધાર્મિક તર્કો શોધી કાઢતા હોય છે.

લગભગ આવી જ દલીલો હવે ધર્મસ્થાનોમાં થવા લાગી છે. ભગવાનને ચડાવેલાં ફળ-નૈવેદ્ય વેચવાની કડાકૂટમાં પડવાની જરા પણ ઈચ્છા ન હોવા છતાં, તે વાત ન કરતાં તે લોકો દેવદ્રવ્યના નુકસાનનો સુંવાળો બુદ્ધિ ગમ્ય તર્ક આપે, એટલે ઘડીભર તે વાત સાચી માની લેવાનું મન થાય. પરંતુ આ દેવદ્રવ્યના નુકસાનનો તર્ક આપીને ફળ-નૈવેદ્યના બદલે પૈસા ચડાવવાની વાત કરનારે સુંદર શાસ્ત્રોક્ત વહિવટ કરવાથી પ્રાપ્ત થનારા તીર્થંકર નામ કર્મ આદિનો લાભ મેળવી નહિ શકવાના નુકસાનને આપમેળે જ સહર્ષ સ્વીકારી લીધું હોય, એમ નથી લાગતું ?

અક્ષતથી જ સ્વસ્તિકાદિ કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે. તેમાં જેમ અક્ષત ફરીથી વાવવાથી ઉગતા નથી, તેમ આપણે હવે ફરી આ ચારગતિમાં ભટકવું નથી, એવી ભાવના રહેલી છે, તેજ રીતે ફળ-નૈવેદ્યાદિથી પૂજા કરવા પાછળ મોક્ષફળની પ્રાપ્તિ તથા આહાર-સંજ્ઞાનો વિનાશ કરવાની ભાવના શાસ્ત્રોમાં બતાવેલી છે. હવે તેના બદલે પૈસા જ ચડાવી દેવામાં આવે, તો તે તે પૂજામાં રહેલા તે તે ભાવોને/પરિણામોને ઉત્પન્ન કરનારા દ્રવ્યો આપણી પાસે ન હોવાથી એવો ભાવ ઉત્પન્ન થાય ક્યાંથી ? કેમ કે દ્રવ્ય એ ભાવનું કારણ છે.

ફળ-નૈવેદ્ય ચડાવ્યા પછી પણ આખરે તેનું વેચાણ કરીને ધન જ ઉભું કરવાનું છે ને ? તો પછી પહેલેથી જ ફળ-નૈવેદ્યના બદલે પૈસા ચડાવી દેવા શું ખોટાં ? આવું કહેનાર વ્યક્તિ ધન વડે માલ ખરીદીને પછી ધન જ ઉભું કરવાની મહેનત કરે છે, છતાં તેમાં તેને કડાકૂટ લાગતી નથી. કેમકે વેપારમાં તેને રસ છે તથા નફો થતો લાગે છે. જ્યારે ફળ-નૈવેદ્યાદિ વેચવામાં કડાકૂટ લાગવા સાથે શાસ્ત્રીય પરંપરાનું આચરણ કરવાથી પ્રાપ્ત થતાં તીર્થંકર નામ કર્મના લાભને તથા જળવાઈ રહેતી શાસ્ત્રીય પરંપરાના લાભને તે વ્યક્તિ જોઈ શકતી નથી. ફળ-નૈવેદ્ય વેચવાથી કદાચ પ્રયત્ન કરવા છતાં પણ કિંમત ઓછી આવે, તો પણ દેવદ્રવ્યના નુકસાનનો દોષ લાગતો નથી.

આમ ફળ-નૈવેદ્યના બદલે પૈસા મૂકવાથી તે તે ફળ-નૈવેદ્ય પૂજાના ભાવને પ્રાયઃ ભાવી શકાતા નથી તેમ જ ''ફળ-નૈવેદ્ય વેચવાની કડાકૂટ મટી'' આવા ભાવના કારણે ફળ-નૈવેદ્ય પૂજાની આંશિક ઉપેક્ષા તેમ જ ફળ-નૈવેદ્ય વેચવાની શાસ્ત્રીય પરંપરાના થોડા ઘણા અબહુમાનથી લાગતા પાપોનો સ્વીકાર થઈ જાય છે.

કદાચ કોઈ ચાંદીના નાના-નાના ફળ અને નૈવેદ્ય (સફરજન અને પેંડો) બનાવડાવી રોજેરોજ તેનાથી ફળ-નૈવેદ્ય પૂજા કરે અને પાછુ પોતે લઈ લે અને બજારમાં તે ફળ અને નૈવેદ્યનો જે ભાવ ચાલતો હોય, તે કિંમત ભંડાર ખાતે જમા કરાવે, તો તે પણ ઉચિત જણાતું નથી. કેમકે ભગવાન સામે ધરે છે ત્યારે ચાંદીના ફળ-નૈવેદ્ય ધરે છે અને ભંડારમાં બજારમાં ચાલતા સફરજન અને પેંડાની કિંમત મૂકે છે. માટે ફોગટ પ્રશંસા-આજ્ઞા ઉલ્લંઘાદિ દોષ લાગે છે. વળી જે ભાવ

# શંકા સમાધાન

રાજુભાઈ પંડિત, અમદાવાદ

**શંકા૦-૧૨૮** ફળ-નૈવેદ્યને બદલે પૈસા જ ચડાવીએ તો ચાલે કે નહિ ? (દેવદ્રવ્યના નુકસાનીથી બચવા માટે)

**સમા૦** ઘરઘંટી વસાવવાની ઈચ્છાવાળો શ્રાવક શું તર્ક કરતો હોય છે તે ખબર છે ? તે એમ તર્ક કરે છે કે 'બજારની ઘંટીમાં લોટ દળાવવામાં ઘઉંનો અને ચણાનો લોટ ભેગો થઇ જવાની શક્યતા હોય છે અને તેથી ઘઉંનો લોટ સાથે પણ કાચું દહીં ખાવામાં દ્વિદળની પૂરી સંભાવના છે.'' આ તર્કથી આપણને ખરેખર એમ જ લાગે કે- ''આ શ્રાવકને દ્વિદળથી બચવાની કેટલી બધી ઝંખના છે.'' પણ તેને ખરી રીતે તો ઘરઘંટી વસાવવાની જ પ્રબળ ઈચ્છા છે, તે આપણને લાગે જ નહિ. અને હકિકતમાં ઘરઘંટી વસાવવાની ઈચ્છા જ હોય છે માટે જ આવા ધાર્મિક તર્કો શોધી કાઢતા હોય છે.

લગભગ આવી જ દલીલો હવે ધર્મસ્થાનોમાં થવા લાગી છે. ભગવાનને ચડાવેલાં ફળ-નૈવેદ્ય વેચવાની કડાકૂટમાં પડવાની જરા પણ ઈચ્છા ન હોવા છતાં, તે વાત ન કરતાં તે લોકો દેવદ્રવ્યના નુકસાનનો સુંવાળો બુદ્ધિ ગમ્ય તર્ક આપે, એટલે ઘડીભર તે વાત સાચી માની લેવાનું મન થાય. પરંતુ આ દેવદ્રવ્યના નુકસાનનો તર્ક આપીને ફળ-નૈવેદ્યના બદલે પૈસા ચડાવવાની વાત કરનારે સુંદર શાસ્ત્રોક્ત વહિવટ કરવાથી પ્રાપ્ત થનારા તીર્થંકર નામ કર્મ આદિનો લાભ મેળવી નહિ શકવાના નુકસાનને આપમેળે જ સહર્ષ સ્વીકારી લીધું હોય, એમ નથી લાગતું ?

અક્ષતથી જ સ્વસ્તિકાદિ કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે. તેમાં જેમ અક્ષત ફરીથી વાવવાથી ઉગતા નથી, તેમ આપણે હવે ફરી આ ચારગતિમાં ભટકવું નથી, એવી ભાવના રહેલી છે, તેજ રીતે ફળ-નૈવેદ્યાદિથી પૂજા કરવા પાછળ મોક્ષફળની પ્રાપ્તિ તથા આહાર-સંજ્ઞાનો વિનાશ કરવાની ભાવના શાસ્ત્રોમાં બતાવેલી છે. હવે તેના બદલે પૈસા જ ચડાવી દેવામાં આવે, તો તે તે પૂજામાં રહેલા તે તે ભાવોને/પરિણામોને ઉત્પન્ન કરનારા દ્રવ્યો આપણી પાસે ન હોવાથી એવો ભાવ ઉત્પન્ન થાય ક્યાંથી ? કેમ કે દ્રવ્ય એ ભાવનું કારણ છે.

ફળ-નૈવેદ્ય ચડાવ્યા પછી પણ આખરે તેનું વેચાણ કરીને ધન જ ઉભું કરવાનું છે ને ? તો પછી પહેલેથી જ ફળ-નૈવેદ્યના બદલે પૈસા ચડાવી દેવા શું ખોટાં ? આવું કહેનાર વ્યક્તિ ધન વડે માલ ખરીદીને પછી ધન જ ઉભું કરવાની મહેનત કરે છે, છતાં તેમાં તેને કડાકૂટ લાગતી નથી. કેમકે વેપારમાં તેને રસ છે તથા નફો થતો લાગે છે. જ્યારે ફળ-નૈવેદ્યાદિ વેચવામાં કડાકૂટ લાગવા સાથે શાસ્ત્રીય પરંપરાનું આચરણ કરવાથી પ્રાપ્ત થતાં તીર્થંકર નામ કર્મના લાભને તથા જળવાઇ રહેતી શાસ્ત્રીય પરંપરાના લાભને તે વ્યક્તિ જોઇ શકતી નથી. ફળ-નૈવેદ્ય વેચવાથી કદાચ પ્રયત્ન કરવા છતાં પણ કિંમત ઓછી આવે, તો પણ દેવદ્રવ્યના નુકસાનનો દોષ લાગતો નથી.

આમ ફળ-નૈવેદ્યના બદલે પૈસા મૂકવાથી તે તે ફળ-નૈવેદ્ય પૂજાના ભાવને પ્રાયઃ ભાવી શકાતા નથી તેમ જ ''ફળ-નૈવેદ્ય વેચવાની કડાકૂટ મટી'' આવા ભાવના કારણે ફળ-નૈવેદ્ય પૂજાની આંશિક ઉપેક્ષા તેમ જ ફળ-નૈવેદ્ય વેચવાની શાસ્ત્રીય પરંપરાના થોડા ઘણા અબહુમાનથી લાગતા પાપોનો સ્વીકાર થઇ જાય છે.

કદાચ કોઇ ચાંદીના નાના-નાના ફળ અને નૈવેદ્ય (સફરજન અને પેંડો) બનાવડાવી રોજેરોજ તેનાથી ફળ-નૈવેદ્ય પૂજા કરે અને પાછુ પોતે લઇ લે અને બજારમાં તે ફળ અને નૈવેદ્યનો જે ભાવ ચાલતો હોય, તે કિંમત ભંડાર ખાતે જમા કરાવે, તો તે પણ ઉચિત જણાતું નથી. કેમકે ભગવાન સામે ધરે છે ત્યારે ચાંદીના ફળ-નૈવેદ્ય ધરે છે અને ભંડારમાં બજારમાં ચાલતા સફરજન અને પેંડાની કિંમત મૂકે છે. માટે ફોગટ પ્રશંસા-આજ્ઞા ઉલ્લંઘાદિ દોષ લાગે છે. વળી જે ભાવ

તાજા ફળ-નૈવેદ્યમાં આવે છે તે ચાંદીના બનાવડાવેલા ફળ-નૈવેદ્યમાં આવતો નથી. તથા જે શુદ્ધ આશયથી સાચા ફળાદિ ચડાવવાના છે તે શુદ્ધ આશયથી ચાંદીના બનાવટી ફળાદિ ચડાવી શકાતા નથી. પ્રવચન સારોદ્ધાર ટીકા તથા શ્રાદ્ધવિધિમાં તો નૈવેદ્ય પૂજા અંગે આવશ્યક નિર્યુક્તિ આદિના પાઠ આપીને તે પૂજા સિદ્ધ કરી છે.

ફળ-નૈવેદ્યાદિ રૂપ દેવદ્રવ્યના વેચાણ નહિ કરવાથી થતાં દેવદ્રવ્યના નુકસાનને અટકાવવા માટે પૈસા મૂકીને ફળ-નૈવેદ્યાદિ પૂજા જ બંધ કરી દેવાય નહિ, પણ ફળ-નૈવેદ્યાદિને વેચવાનું શરૂ કરી દેવું જોઇએ. દેવદ્રવ્યના નુકસાનને અટકાવવાનું જેમ શાસ્ત્રમાં કહ્યું છે, તેમ તે નુકસાનને શાસ્ત્રોક્ત રીતે અટકાવવું, તેમ પણ શાસ્ત્રમાં જ કહેલું છે. વિધિમાર્ગનો ઉચ્છેદ કરવો તે માર્ગનો ઉચ્છેદ જ છે.

ફળ-નૈવેદ્ય વેચાણની વ્યવસ્થા ન હોય, ત્યાં ફળ-નૈવેદ્ય ચડાવ્યા પછી તેટલી જ રકમ પોતે ભંડારમાં ભરી દે, તો તો અતિ ઉત્તમ પણ આવી શક્તિ દરેકની ન હોય. છતાં પણ ફળ-નૈવેદ્યાદિ પૂજા બંધ કરી દઇને તેના બદલે પૈસા તો ન ચડાવાય. આહાર સંજ્ઞાને તોડી નાંખીને અણાહારી ફળ (મોક્ષ ફળને) પામવા માટે ફળ-નૈવેદ્યનું જ સમર્પણ યોગ્ય છે, ધનનું નહિ. ધનનો આહાર નથી કરાતો, આહાર તો ધાન્યનો જ કરાય.

જે સંઘમાં ફળ-નૈવેદ્યના વેચાણ તરફ ઉપેક્ષા સેવાતી હોય, ત્યાં ટ્રસ્ટીઓને સમજાવવાનો પ્રયત્ન કરી શકાય. (અથવા તો પોતાના ફળાદિ પોતે જાતે વેચી શકે તેમ હોય, તો ટ્રસ્ટીની રજા મેળવીને પોતે તે વેચાણથી આવેલું દ્રવ્ય દેવદ્રવ્ય ખાતે જમા કરાવી શકે છે. જોકે બને ત્યાં સુધી તો ટ્રસ્ટીને જ આ કામ કરવા સહકાર-પ્રોત્સાહન આદિ આપવું જોઇએ, જેથી અવ્યવસ્થા પણ ન થઇ જાય.)

ફળ-નૈવેદ્યના બદલે ધન મૂકવાનું વિચારવામાં તો એક નુકસાન એ પણ લાગે છે કે, ફળ-નૈવેદ્ય જેટલા રૂપિયાનું આવતું હોય, તેટલા રૂપિયા ભંડારમાં ભરતા ઘણીવાર જીવ ચાલતો નથી હોતો. પણ ફળ-નૈવેદ્યાદિ ચડાવી શકાતા હોય છે. અને આમ થાય તો ફળ-નૈવેદ્યાદિના બદલે ચડાવાતા પૈસા પણ આવતા બંધ થઇ જવાની પૂરી શક્યતા છે.

જે વિચાર ફળ-નૈવેદ્ય ચડાવ્યા પછી કરવાનો છે, તે ફળાદિ ચડાવ્યા પહેલા કરીને લઇને આપણે. નાહકના ફળાદિના બદલે પૈસા ચડાવવાના વિચારવાળા બની જઇએ છીએ.

**શંકા૦-૧૨૯:** મોક્ષને ઘણી જગ્યાએ પંચમી ગતિ અને ઘણી જગ્યાએ અષ્ટમી ગતિ તરીકે જણાવેલ છે તો તે કેવી રીતે ઘટે ?

**સમા૦** મનુષ્ય-દેવ-નરક અને તિર્યંચ ગતિ રૂપ ચાર ગતિમય સંસાર છે. અને તે સંસારથી મુકત થયા પછી સિદ્ધગતિ/મોક્ષગતિ પ્રાપ્ત થાય છે, આ મોક્ષ એ પાંચમી ગતિ ગણાય છે. તેમ જ એજ મોક્ષ અષ્ટમી ગતિ રૂપ પણ ગણાય છે, તેમાં એ કારણ હોઇ શકે કે, ''દેવ-મનુષ્ય તથા તિર્યંચ આ ત્રણે ગતિમાં મુખ્યત્વે પુલિંગ તથા સ્ત્રીલિંગ એમ બે-બે જાતિઓ મળે છે. માટે તે ત્રણે ગતિની કુલ ૬ જાતિ થઇ, તથા નરકગતિમાં એક નપુંસક જ જાતિ હોય છે. આ કુલ સાત જાતિ રૂપ ગતિથી ભિન્ન એવી આઠમી ગતિ મોક્ષ છે.''

**શંકા-૧૩૦:** ''સો આગમ સુણતાં છેદી જે ગતિ ચાર'' સ્તુતિની આ ગાથામાં એકસો આગમો કહ્યા છે તો ૪૫ આગમો જ કેમ કહેવાય છે ? પંચાંગીની વાત સમજાવવા વિનંતિ.

સમા૦ આ થોયમાં ''સો'' શબ્દ છે તે એકસો-ની સંખ્યાના અર્થમાં નથી. પણ ''તે'' એવા અર્થમાં છે. એટલે કે ''તે આગમ સુણતા...'' આ રીતે અર્થ કરવો.

પક્ખી સૂત્ર કે જે સાધુ-સાધ્વીજી ભગવંતો પક્ખી, ચોમાસી તથા સંવત્સરી પ્રતિક્રમણ વખતે બોલતા હોય છે. અને શ્રાવકોએ તે સૂત્ર બોલાતું હોય ત્યારે કાઉસ્સગ મુદ્રામાં ઉભા રહીને આ સૂત્ર સાંભળવાનું હોય છે. (પણ આમાં નવકાર ગણવાના નથી હોતા.) પહેલાં આપણે ત્યાં ૮૪ આગમો ઉપલબ્ધ હતા, તેમાનાં મોટાભાગના નામો આ પક્ખીસૂત્રમાં જણાવ્યા છે. (૬ આવશ્યકો, ૨૮ અંગબાહ્ય ઉત્કાલિક, ૩૬ અંગબાહ્ય કાલિક, ૧૨ અંગો, એ પ્રમાણે છે. ૧૨ અંગો દ્વાદશાંગી સિવાયના દરેક આગમો અંગબાહ્ય ગણાય છે.) ૧૪ પૂર્વો, બારમા દૃષ્ટિવાદ નામના અંગના સૂત્ર, પરિકર્મ, પૂર્વાનુયોગ,

પૂર્વગત તથા ચૂલિકા આ પાંચ ભેદોમાંથી ચોથા પૂર્વગત નામના ભેદમાં હતા. માટે તે અંગબાહ્ય નહિ, પરંતુ અંગપ્રવિષ્ટ જ ગણાતા હતા. આ ચૌદ પૂર્વોનું પ્રમાણ જાણવા માટે એમ કહેવાયું છે કે, પહેલું પૂર્વ એક હાથી પ્રમાણ શાહીથી લખાયેલું હતું. બીજું બે હાથી, ત્રીજું ચાર હાથી એમ આગળ છેક ૧૪મા સુધી ડબલ-ડબલ કરતાં જતાં ચૌદેય પૂર્વો ૧૬૩૮૩ હાથી જેટલી શાહીથી લખાય તેટલા પ્રમાણવાળા હતા. ''શ્રી કલ્પસૂત્ર'' નવમા પૂર્વમાંથી શ્રીભદ્રબાહુ સ્વામીજીએ ઉદ્ધર્યું છે. ચૌદેય પૂર્વો જો કે સંસ્કૃત ભાષામાં જ હતા. પરંતુ શ્રી ભદ્રબાહુસ્વામીજીએ ''શ્રી કલ્પસૂત્ર''ને પ્રાકૃતભાષામાં રચેલ છે. આગમો બધાં જ પ્રાકૃતભાષામાં છે, માટે શ્રી કલ્પસૂત્રને પ્રાકૃતભાષામાં ફેરવ્યું હોય, તો તે શક્ય છે.

શ્રી ભદ્રબાહુસ્વામીજીએ શ્રી કલ્પસૂત્ર ઉદ્ધર્યું તે પહેલા શ્રી સુધર્માસ્વામી આદિ પર્યુષણા સમયે નવમા પૂર્વમાંના શ્રી કલ્પસૂત્રના અધ્યયનને સાધુ-સાધ્વીજી ભ.ને (શ્રાવક-શ્રાવિકાને નહિ) સંભળાવતા હશે, તેવો ખુલાસો સેનપ્રશ્નોત્તરનો પાઠ મૂકવા પૂર્વક વિવિધ પ્રશ્નોત્તરમાં જણાવેલ છે.

વર્તમાન સમયે આપણા દુર્ભાગ્યથી બારમું દૃષ્ટિવાદ નામનું અંગ વિચ્છેદ થતાં ૧૪ પૂર્વો આદિ પણ વિચ્છેદ પામ્યા. તે સિવાય ૮૪ આગમોમાંથી કાળના પ્રભાવથી વિચ્છેદ થતાં થતાં અત્યારે આપણી પાસે માત્ર ૪૫ જ આગમો ઉપલબ્ધ રહયા છે. જો કે આ ૪૫ આગમથી શ્રીકલ્પસૂત્ર ભિન્ન આગમ છે. પણ તેનો ૮૪ આગમમાં સમાવેશ થાય છે.

''આ ''શ્રી કલ્પસૂત્ર'' આગમ રૂપ ન હોત તો આપણે તેને પ્રમાણભૂત ના ગણતાં'' તેવું હતું જ નહિ કે છે જ નહિ. કેમકે આ શ્રી કલ્પસૂત્ર તો આગમ રૂપ જ છે માટે સવાલ જ નથી. છતાંય જો પંચાંગી રૂપ કોઇ પણ ગ્રંથ હોય તો તેને પણ જૈનધર્મને પામેલા દરેકે આગમ જેટલો પ્રમાણભૂત માનવો જોઇએ. સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, અને વૃત્તિ એ પંચાંગી છે.

**૧) સૂત્ર** :- શ્રી તીર્થંકર પ્રભુએ અર્થથી કહેલા પદોને શ્રી ગણધર ભગવાને સૂત્ર રૂપ ગૂંથ્યા તે સૂત્ર.

**૨) નિર્યુક્તિ** :- સૂત્રોના અર્થવાળી ગાથાઓ તે નિર્યુક્તિ. તે પ્રાકૃતભાષામાં હોય છે. અને તેના રચયિતા ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી છે.

**૩) ભાષ્ય** :- સૂત્ર તથા નિર્યુક્તિની વાતને સ્પષ્ટરીતે સમજાવે તે ભાષ્ય. તે પ્રાકૃત ભાષામાં હોય છે.

**૪) ચૂર્ણિ** :- ઉપરના ત્રણેય અંગોની વાતોને વધુ સ્પષ્ટ કરે તે ચૂર્ણિ. તેમાં સંસ્કૃત-પ્રાકૃત મિશ્રભાષા હોય છે.

**૫) વૃત્તિ** :- ચારેય અંગોને આશ્રયીને જરૂર પૂરતું વિસ્તૃત સ્પષ્ટીકરણ કરે તે વૃત્તિ. વૃત્તિને ટીકા પણ કહેવામાં આવે છે તે સંસ્કૃત ભાષામાં હોય છે.

આ પંચાંગી પણ આગમ જેટલી જ પ્રમાણભૂત તરીકે જૈન શાસનમાં માન્ય છે. શ્રી વીતરાગ પરમાત્માના એક અક્ષરની પણ અશ્રદ્ધા તે સંસાર ભ્રમણનું કારણ છે.

શ્રી વીરનિર્વાણ પછી ૯૮૦ કે ૯૯૩ વર્ષ પૂર્વે સતત ૧૨/૧૨ વર્ષનો દુકાળ પડતા કેટલુંક શ્રુત ભૂલાઇ જવાથી પહેલાં મોઢે જ યાદ રખાતું શ્રુત શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે તથા શ્રી સ્કંદિલાચાર્યે જેટલું યાદ રહ્યું તે બધું પુસ્તકારૂઢ-પ્રત રૂપે ઉતરાવ્યું. તેમાંથી વિચ્છેદ થતાં થતાં વર્તમાન સમયે આપણી પાસે ઉપલબ્ધ છે, તે ૪૫ આગમોના નામ નીચે મુજબ જાણવા :-

**૧૧ અંગો** :- આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી (વિવાહ પન્નતિ), જ્ઞાતાધર્મકથાંગ, ઉપાસક દશાંગ, અંતગડ દશાંગ, અણુત્તરોવવાઇ દશાંગ, પ્રશ્નવ્યાકરણ, વિપાક સૂત્ર.

**૧૨ ઉપાંગો** :- ઉવવાઇ, રાયપસેણિય, જીવાભિગમ, પન્નવણા, જંબૂદ્વિપ પન્નતિ, સૂરપન્નતિ, ચંદ્ર પન્નતિ, નિરયાવલિ, કલ્પાવંતસક, પુપ્ફિયા, પુપ્ફ ચૂલિયા, વહ્નિ દશા.

**૧૦ પયન્ના** :- ચઉસરણ પયન્ના, આઉર પચ્ચક્ખાણ, ભક્તિ પરિજ્ઞા, સંથારગ, તંદુલવેયાલિઅ, ચંદાવિજ્જય, દેવિંદથુઇ, મહાપચ્ચક્ખાણ, મરણસમાધિ, ગણિવિજ્જા પયન્ના.

**૬) છેદસૂત્રો** :- નિસીથ, બૃહત્કલ્પસૂત્ર, વ્યવહાર, મહાનિશીથ, પંચકલ્પસૂત્ર, દશાશ્રુતસ્કંધ

**૪- મૂળસૂત્રો** :- દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આવશ્યક, ઓઘનિર્યુક્તિ.

૨- નંદીસૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર.

## આવો શિશુઓ વાતો કરીએ !

બાળમિત્રો ! પ્રણામ !

શિયાળો આવ્યો ને તમારા પહેરવેશમાં પલટો આવશે, ગરમ કપડાં પહેરવા કાઢશો, શાલ, કામળી, મફલર, ટોપી વાપરવાનાં શરૂ કરશો. બરાબરને ?

ઋતુ બદલાય એટલે પહેરવેશ બદલાય, તેમ વય બદલાય એટલે વર્તન બદલાય ! નાના હતા ત્યારે ધૂળમાં રમતા, હવે મોટા થયા એટલે એવી રમત ન કરાય. આજે મોટાભાગના બાળકોનો સમય રમત પાછળ પૂરો થઈ જતો હોય છે, પણ બાળમિત્રો ! રમતમાં કદી તમે સંતોષ મેળવી શકવાના નથી. ગમે તેટલું રમો ને ? તમને વધારે ને વધારે રમવાનું મન થવાનું. હવે તો રમત જ ન જોઈએ, એવો નિર્ણય કરો, તો જ સમય બચાવી શકો, બાકી જીંદગી આખી રમતમાં જ પૂરી થઈ જવાની.

આ કાળમાં તહેવારો પણ એટલા બધા છે કે એક તહેવાર પૂરો થાય એટલે બીજો આવીને ઊભો રહે છે. તમને જરાય સમય કાઢવા દે તેમ નથી. આજે મારે તમને એટલું જ કહેવું છે કે રમત એવી ન રમો કે તમે ધર્મ જ ન કરી શકો. વધુ ને વધુ ધર્મ કરનારા બનો એ જ મંગળ કામના.

**લિ. તમારો યુગબાળ**

## શબ્દશોધ હરિફાઈ નં.-૩૫

**ઈનામ : હીરાબેન ચંદુલાલ હેક્કડ સુરત**

(૧) શ્રી ઋષભદેવ ભગવાને કેટલા દિવસના વધુમાં વધુ ઉપવાસ એક સાથે કર્યા ?

(૨) શ્રી મહાવીર સ્વામી ભગવાને કેટલા દિવસના વધુમાં વધુ ઉપવાસ એક સાથે કર્યા ?

(૩) ઋષભદેવ ભગવાનની પુત્રી સુંદરીએ કેટલા આયંબિલ લાગલગાટ કર્યા ?

(૪) ચંપાશ્રાવિકાએ કેટલા મહિનાના ઉપવાસ કર્યા ?

(૫) નંદનઋષિના ભવમાં ભ. મહાવીરસ્વામીના જીવે કેટલા માસક્ષમણ કર્યા ?

(૬) વર્તમાનમાં વર્ધમાનતપની અજોડ આરાધના કરનારા મહાપુરુષનું નામ જણાવો અને છેલ્લા સમાચાર મુજબ એમની કઈ ઓળી ચાલુ છે ? જણાવો !

બાલમિત્રો ! ઉપરના પ્રશ્નોના સાચા જવાબ પાઠવનાર લકી વિજેતાને રૂ. ૧૫નું ઈનામ મોકલવામાં આવશે.

**બાલજગત સંપાદક શ્રી યુગબાળ**
**કલ્યાણ પ્રકાશન મંદિર વઢવાણ શહેર.**

## શબ્દશોધ હરિફાઈ નં. ૩૪ના સાચા જવાબો

(૧) ઉંમર (૨) સૂરજ (૩) અંબોડો (૪) દરવાજ (૫) રીંગણ

## શબ્દશોધ હરિફાઈ નં.- ૩૩ના લકી વિજેતા

**જયાબેન મહેતા,** મહાવીર સોસાયટી નં.-૨૨
મોરબી-૩૬૩ ૬૪૧ જિ. રાજકોટ

ધન્યવાદ સાથે રૂ.૧૫નું ઈનામ મોકલવામાં આવશે.

## સવાલ અમારા જવાબ તમારા નં.-૪૬

**ઈનામ : જિનપાલ એ. મેપાણી-સુરત**

(૧) શ્રી સિદ્ધગિરિના ૧૨ાા સંઘ કાઢનાર ભાગ્યશાળીનું નામ ? એમની રાજ્યમાં કઈ પદવી હતી ? એમના નામ સાથે બીજા કોનું નામ જોડાયું છે ? જેમનું નામ જોડાયું છે તેમના પત્નીનું નામ શું ? તેમના પત્ની આજે કયા ક્ષેત્રમાં છે ? કઈ અવસ્થામાં છે ? આ ત્રણેય ભાગ્યશાળીઓના એક ભગીરથ કાર્યની યાદ એક તીર્થ આપે છે તે તીર્થનું નામ જણાવો ?

બાળમિત્રો ! ઉપરના સવાલનો સાચો જવાબ પાઠવનાર લકી વિજેતાને રૂ. ૧૫નું ઈનામ મોકલવામાં આવશે.

## સવાલ અમારા નં. ૪૫ના સાચા જવાબો

(૧) જેઠ સુદ ૮ (૨) પંજાબ (૩) વિજયાનંદ સૂરિજી (૪) સ્થાનકવાસી, શ્વે. મૂ. તપગચ્છ (૫) ન્યાયાંબોનિધિ (૬) શ્રી બુદ્ધિ વિજયદાદા (૭) બુટ્ટેરાયજી મ.

## સવાલ અમારા નં. ૪૪ના લકી વિજેતા

**પુનિત-વૈરાગ એચ. સંઘવી**
મીડલસ્કુલ પાસે, ગોપીપુરા, સુરત-૨

ધન્યવાદ સાથે રૂ.૧૫નું ઈનામ મોકલવામાં આવશે.

## બાલજગત : પત્રપેટી

o મૌલિન પી. શાહ-ગોધરા

- તમે આજીવન ફટાકડા ફોડવાનો ત્યાગ કર્યો છે, તે બદલ બાલજગત વતી અભિનંદન પાઠવું છું, દરેક બાલસદસ્યોને તમે આદર્શ પૂરો પાડ્યો છે. ધન્યવાદ !

o ગૌરાંગ જે. શાહ-અમદાવાદ

- તમને બા. સ. બનાવેલ છે, નં. ૧૧૧૫ છે.

o રાજેશ જે. સંઘવી-મહુત્રા (બ.કાં.)
ભાવના જે. સંઘવી ,,
તરૂણા જે. સંઘવી ,,
જાગુ જે. સંઘવી ,,
ચેતન જે. સંઘવી ,,
દારૂખાનુ-ફટાકડા દિવાળીએ ન ફોડવાનો નિયમ લીધો ને પાળ્યો તે બદલ અભિનંદન !

o કવિતા પી. શાહ - મલાડ (પૂર્વ)
દીક્ષિતા પી. શાહ - ,, ,,

- તમને બા. સ. બનાવેલ છે, તમારો નં. ૧૧૧૬, ૧૧૧૭ છે.

૭૪૧ કેયૂર ફકીરચંદ શાહ
વાસુદેવનગર ગીરધરનગર અમદાવાદ-૧૦

૭૪૨ શીતલ ફકીરચંદ શાહ
વાસુદેવનગર ગીરધરનગર અમદાવાદ-૧૦

૭૪૩ પીન્કી ફકીરચંદ શાહ
વાસુદેવનગર ગીરધરનગર અમદાવાદ-૧૦

૭૪૪ ભરત એ. સંઘવી
આસોપાલવ ફ્લેટ્સ કતારગામ-સુરત

૭૪૫ અલ્પેશકુમાર ભાઈલાલ શાહ
મેપાણીવાસ જુનાડીસા-બનાસકાંઠા

## 'અમૃતબિન્દુ'

* જીવન એટલે જન્મ અને મૃત્યુ વચ્ચેનો ગાળો, માટે જીવનનો સદુપયોગ કરો.
* પુસ્તક એટલે વિશાળ સરોવરમાં ઉભી કરવામાં આવેલ દીવાદાંડી.
* વાનરને નર બનાવે તે સંસ્કૃતિ અને નરને નારાયણ બનાવે તે ધર્મ.
* લોકહિત અને આત્મહિત એ નદીના બે કિનારા છે.
* નિષ્કામ ભાવે કરેલી નિઃસ્પૃહ સેવા કદાપિ નિષ્ફળ જતી નથી.
* નમ્રતાથી અભિમાન જીતો અને શંતિથી ક્રોધને મારો.

પ્રેષક :- **પ્રવિણ સી. અજમેરા**, -વિંછીયા
૧૯, સત્યજીત સોસાયટી, સ્ટેશન રોડ, વિંછીયા-
૩૬૦ ૦૫૫ જિ. રાજકોટ

## રાજા ભોજ, કવિમાઘ અને ડોશીમા

એક વખત રાજા ભોજ અને કવિમાઘ સહેલ કરવા નીકળ્યા. જ્ઞાન, ગમ્મત અને કાવ્યની વાતો કરતા કરતા દૂર દૂર નીકળી ગયા. પાછા ફરવાનો સમય થયો, ત્યાં અંધારું થવા આવ્યું. નગરનો મારગ ભૂલી ગયા. બે-ત્રણ રસ્તા ફંટાયા, ક્યા રસ્તે જવું ? એ કોયડો થઈ પડ્યો, હવે શું થાય ? કોને પૂછવું. ત્યાં નજીકમાં એક ખેતરમાં ખૂબ જ વયોવૃદ્ધ ડોશીમા દાતરડાંથી ખડ વાઢી રહ્યા હતા. રાજા ભોજ અને કવિમાઘ તેની પાસે આવ્યા ને પૂછ્યું: માજી આ મારગ કઈ બાજુ જાય છે ?

માજીએ આંખ પર હાથની છાજલી કરી, બંનેની સામે જોયું ને પછી કહ્યું : મારગ તો બેટા ક્યાંય જતા નથી, એમને એમ રહે છે. હા, એ ખરું કે તેના પરથી થઈને મુસાફરો આવ-જાવ કરે છે. તમે કોણ છો ?

માજીનું આવું વિચિત્ર બોલવું સાંભળી ભોજ અને માઘને લાગ્યું : માજી જમાનાના ખાધેલા છે. તેમને થોડી ગમ્મત કરવાનું મન થયું ને બોલ્યા : માજી ! અમે મુસાફર છીએ.

ડોશીમાએ કહ્યું : બેટા ! મુસાફર તો આ જગતમાં બે જ છે ! એક ચાંદો અને બીજો સૂરજ. આમાંથી તમે કોણ ?

અમે તો માજી ! મેમાન છીએ. કવિ માઘે કહ્યું : માજીએ કહ્યું : પણ મેમાન તો બે જ છે : એક ધન અને બીજુ જોબન. આ બેમાંથી તમે કોણ ?

રાજા ભોજથી હવે ન રહેવાયું તેણે કહ્યું : માજી અમે રાજા છીએ, ડોશીમાએ તરત જ કહ્યું : રાજા તો બે જ છે, એક ઈન્દ્રરાજા અને બીજો મેઘરાજ. તમે કોણ છો ?

કવિ માઘે હસીને કહ્યું : માજી હવે બોલતા વિચારજો અમે ક્ષમાવાન છીએ. ડોશીમા ગાજ્યાં જાય, તેવા ન હતા. તેમણે કહ્યું : તમે ક્ષમાવાન કયાંનાં ? ક્ષમાવાન તો બે જ છે : એક ધરતી ને બીજી સ્ત્રી. બોલો તમે કોણ ?

ડોશીના પ્રશ્નથી રાજા ભોજ ને માઘ ખરેખરા મુંઝાયા. પછી કહ્યું : ડોશીમા અમે પરદેશી છીએ. માજીએ કહ્યું. હોય નહીં ! પરદેશી તો બે જ છે : એક ઝાડનું પાંદડું ને બીજો ખોળિયાનો જીવ. બોલો તમે કોણ ?

હવે રાજા ભોજ ને કવિ માઘ ખરેખરા મૂંઝાયા. ગમ્મત કરતાં પ્રશ્નને જવાબની હારમાળા ખડી થઈ. ડોશી હારે તેવા ન હતા. હજી પ્રશ્નોત્તરી લાંબી ચાલવાનો સંભવ

હતો એટલે હાર કબૂલ કરી કહ્યું : માજી ! તમે તો અમને હરાવ્યા. અમારી બુદ્ધિ હવે ચાલતી નથી, હવે તમે માર્ગ બતાવો. અમે તો તમારાથી હાર્યા !

છેવટે ડોશીએ હસીને કહ્યું : તો પછી હું કહું છું કે તમે રાજા ભોજ અને કવિ માઘ છો, જુઓ આ જમણી તરફનો મારગ સીધે સીધો ધારા નગરી તરફ જાય છે ને રાજા ભોજ ને માઘ હસતા હસતા વિદાય થયા.

**-વીતરાગ-સમકિત ડી. શાહ-સુરત**

## કોણ શું ખાય ?

| | | |
|---|---|---|
| વેપારી | - | વ્યાજ |
| અમલદાર | - | લાંચ |
| નોકર | - | પગાર |
| લેણદાર | - | ધક્કા |
| દાતા | - | દયા |
| ચિંતા | - | શરીર |
| રોગી | - | દવા |
| ઘોડો | - | ચાબુક |
| ગધેડો | - | ડફણું |
| બળદ | - | પરોણો |

**પ્રેષક : મોક્ષેશ આર. સંઘવી**

## આજની સાચી વ્યાખ્યાઓ

| | | |
|---|---|---|
| કલબ | : | નૂતન ખર્ચાળ ચોર |
| વિદ્યાર્થી | : | શિક્ષકનું માથું ખાનાર કીડો |
| વીંટી | : | આંગળીનો ફાંસો |
| કૂકડો | : | ગામનું ઘડીયાળ |
| ફેશન | : | આધુનિક સ્ત્રીની સખી |
| હોટલ | : | રોગનું પ્રવેશ દ્વાર |
| હિંસા | : | નરકમાં જવાની ફાસ્ટ ટીકીટ |
| સાસુ | : | બગડી ગયેલું ટેપ રેકર્ડ |
| ચા | : | મહેમાનોને ભગાડવાની ખાસ દવા |
| પેટ્રોલ | : | મોટરને પીરસવામાં આવતો રસ |
| કલ્યાણ | : | ધર્મનો ફેલાવો કરતું માસિક |

અમદાવાદ એ કોઈ વાદ નથી.
સંસાર કાંઈ સાર નથી.
ગુજરાત કાંઈ રાત નથી.

## ૧૦૦ ની કરામત

૧૦૦ડા પીવાય છે.
૧૦૦ની સોનું ઘડે છે.
૧૦૦ળમા તીર્થંકર શાંતિનાથ છે.
૧૦૦ મનાથ સૌરાષ્ટ્રમાં આવેલું છે
૧૦૦ મલ એક ઝેરનું નામ છે.
૧૦૦રી એટલે દિલગીરી

## હાસ્ય હોજ માણો મોજ

* એક કુંભારનો ગધેડો ખોવાયો. તેથી તેને એક ધોબીએ કહ્યું; 'અલ્યા ! તારો ગધેડો ખોવાયો, તેમાં તું પ્રભુનો પાડ માને છે ?''

કુંભારે કહ્યું 'કેમ પાડ ના માનું ? ગધેડા ઉપર હું બેઠો હોત તો હું પણ ખોવાઈ જાત કે નહિ ?

* સુધીર ''અરવિંદ ! રેસમાં ઘોડાઓનો ઉપયોગ થાય છે તો ગધેડાનો ઉપયોગ કેમ નહિ થતો હોય

અરવિંદ : અલ્યા ! એટલું ય જાણતો નથી ? જો એમ થાય તો પછી રમનાર અને દોડનાર વચ્ચે શું તફાવત રહે ?''

* વકીલ : ''તમને જેલની સજા કેમ થઈ ?

કેદી : મારાથી એક નાનકડી ભૂલ થઈ હતી.

વકીલ : નાની બાબતમાં તમને જેલ થઈ, એ અન્યાય કહેવાય ?

કેદી : બીજું કઈ ન હતું પૈસા બેંકમાં લઈ જવાના હતા, તે હું ઘરે લઈ ગયો.

**શ્રીપાળ એન. મહેતા-આગીયા (કચ્છ)**

## અનાગત ચોવીસીના પરમાત્માઓ

| | તીર્થંકર | જીવ |
|---|---|---|
| ૧ | પદ્મનાભ | શ્રેણિક મહારાજાનો જીવ |
| ૨ | સુરદેવ | ભગવાન મહાવીર પરમાત્માના કાકા શ્રી સુપાર્શ્વ શ્રાવક |
| ૩ | સુપાર્શ્વજિન | શ્રેણિક મહારાજાના પુત્ર ઉદાયન |
| ૪ | સ્વયંપ્રભ | ભગવાન મહાવીર પરમાત્માના પોટ્ટીલ નામના શ્રાવક |
| ૫ | સર્વાનુભૂતિ | દૃષ્ટાયુષનો જીવ |
| ૬ | દેવશ્રુત | કીર્તિનો જીવ |
| ૭ | ઉદય | ભગવાન મહાવીર પરમાત્માના શંખ શ્રાવક |
| ૮ | પેઢાલ | ભગવાન મહાવીર પરમાત્માના આનંદ શ્રાવક |
| ૯ | પોટ્ટીલ | શ્રી સુનંદનો જીવ |
| ૧૦ | શતકીર્તિ | ભગવાન મહાવીર પરમાત્માના શતક શ્રાવક |
| ૧૧ | મુનિસુવ્રત | કૃષ્ણ વાસુદેવની માતા દેવકીજી |

| | | |
|---|---|---|
| ૧૨ | અમમ | સત્યકીનો જીવ |
| ૧૩ | નિષ્કષાય | શ્રી વાસુદેવનો જીવ |
| ૧૪ | નિષ્પુલાક | બળદેવનો જીવ |
| ૧૫ | નિર્મમત્વ | ભગવાન મહાવીર પરમાત્માની ચુસ્ત શ્રાવિકા સુલસા |
| ૧૬ | ચિત્રગુપ્ત | રોહિણીનો જીવ |
| ૧૭ | સમાધિજિન | રેવતી શ્રાવિકા |
| ૧૮ | સંવરજિન | શતાલીનો જીવ |
| ૧૯ | યશોધર | દ્વૈપાયન ઋષિ |
| ૨૦ | વિજયજિન | શ્રી કૃષ્ણ વાસુદેવ |
| ૨૧ | મલ્લિજિન | નારદનો જીવ |
| ૨૨ | દેવજીન | અંબડ પરિવ્રાજક |
| ૨૩ | અનંતવીર્ય | અમરનો જીવ |
| ૨૪ | ભદ્રજિન | સ્વાતિબુધનો જીવ |

**પ્રેષક : તેજલ એ. ઝવેરી**
**હેમલ એ. ઝવેરી**

## હાસ્ય હોજ : માણો મોજ

નગીન : ડૉક્ટર સાહેબ, મારા ગાલમાં દર્દ થાય છે.

ડૉક્ટર : (ગાલ તપાસીને) દર્દ ક્યારે થાય છે ?

નગીન : શિક્ષક થપ્પડ મારે ત્યારે.

○

શિક્ષક : મુકેશ, તું બહુ તોફાન કરે છે. ચાલ કુકડો બનીને હવે ઉભો રહે જોઉ.

મુકેશ : સર, આજે બીજું કશું બનવાનું કહો, રોજ રોજ કુકડો બનીને હવે હું કંટાળી ગયો છું.

○

હર્ષદ : (મયુરને) એક થપ્પડ મારીશ ને તો સીધો રાજકોટ પહોંચી જઈશ.

મયુર : (વિનમ્ર બનીને) : જરા ધીરે મારજે ને યાર, મારે સુરેન્દ્રનગર જ જવું છે.

**અલ્પેશ બી. શાહ, મનીશ એમ. શાહ વિંછીયા**

○

શિક્ષક : બાળકો, કહો જોઈએ...નેત્રહીન કોને કહેવાય ?

રાજુ : જેને આંખો ન હોય તેને.

શિક્ષક શાબાશ, અને હવે કહો જોઈએ કે કાણો કોને કહેવાય ?.

રાજુ : જેને કાન ન હોય તેને ! વળી.

○

શિક્ષક : બોલો છોકરાઓ, હાથની કેટલી આંગળીઓ છે ?

ઈશાન : જો તમને એ પણ ખબર ન હોય તો તમે શિક્ષક શા માટે બન્યા ?

○

એક ભાઈએ ટાઈ બાંધી હતી, તે જોઈને એક ગામડિયાએ પૂછ્યું : આવું કેમ બાંધ્યું છે ?

સદ્દગૃહસ્થ : તમને ખબર નથી ?

ગામડિયો (વિચારીને) : હાં....બરાબર. તમે નાક લૂંછવા માટે ફેશનેબલ રૂમાલ ટીંગાડ્યો છે ને.

○

માલિક નોકરને : કાલે મને વહેલો ઉઠાડજે, મારે વેળાસર પહોંચવું છે.

નોકર : જી માલિક, પણ મને ઘડિયાળ જોતાં આવડતી નથી. તો તમે છ વાગે ઘડિયાળ જોઈને કહેજો ને એટલે હું તમને જગાડી દઈશ.

○

મમ્મી : બેટા જીગ્નેશ ! તું દરરોજ ચશ્મા પહેરીને શા માટે સૂવે છે

જીગ્નેશ : મમ્મી ! એ તો સપનું બરાબર દેખાય ને એટલા માટે.

○

નીતા : (સીતાને) : તમને ખબર છે ? મારા પતિને સામે ભલભલા ચમરબંધી માથું ઝુકાવે છે ?

સીતા ? કેમ ? એ કોઈ મોટો ઓફિસર છે ?

નીતા : ના....રે....ના એ તો હજામ છે.

○

શિક્ષક : કિંજલ, તું મારૂં મગજ કેમ ખાય છે ?

કિંજલ : માફ કરજો, સર હું તો શુદ્ધશાકાહારી છું !

○

માલિક (ઉમેદવારને) : હાલમાં હું તમને ૨૦૦ રૂપિયા પગાર આપીશ. છ મહિના પછી ૩૦૦ રૂપિયા કરી આપીશ.

ઉમેદવાર : તો પછી હું છ મહિના પછી જ જોડાઈશ.

**પ્રેષક : ગોદાની રક્ષા (મુંબઈ)**

## નવી વ્યાખ્યાઓ :

સ્કૂલ - પાંચ કલાકની જેલ
જેલ - ભાડા વગરનું ઘર
કોલેજ - બાપનો બગીચો
ગાઈડ - ડ્રીગી મેળવવાનો ટૂંકો રસ્તો
બજેટ - આધુનિક ખીસ્સા કાતરૂં

હજામ - વાળનો કટ્ટર દુશ્મન

પ્રેષક : ગોદાની રીના (મુંબઈ)

## ડાહી કહેવતો

* શેરીના કુતરાને પણ ગરીબ ઘરની જાણ હોય છે.
* કુશળ કારીગરોને રોજી રળવા દૂર દેશાવર જવું પડતું નથી.
* તેલ ખુટશે એટલે દીવો આપમેળે જ બુઝાવાનો છે.
* જેની આદિ છે તેનો અંત છે.
* સોયના નાકામાંથી આખુંય આકાશ ન દેખાય.
* પાસે રહેતો મિત્ર દૂર રહેતા સગાથી વધુ ખપનો.

અજમાવી જુઓ.

* ગધેડાની લાદનો રસ કાઢી લગાડવાથી પરજવું માટે છે.
* મોળુ દહીં ખાવાથી રતાંધળાપણું મટે છે.
* હળદરને લવીંગ પાણીમાં લસોટીને ચોપડવાથી આંઝણી મટે છે.
* સોનાગેરુને છાશમા વાટી ચોપડવાથી રતવા મટે છે.

## 'પાપ અને ધર્મનો પરિવાર'

* પાપનો બાપ લોભ - ધર્મનો બાપ જાણપણું
* પાપની માતા હિંસા - ધર્મની માતા દયા
* પાપનો પુત્ર ક્રોધ - ધર્મનો પુત્ર સંતોષ
* પાપની પુત્રી તૃષ્ણા - ધર્મની પુત્રી સમતા
* પાપની બહેન કુબુદ્ધિ - ધર્મની બહેન સુબુદ્ધિ
* પાપનો ભાઈ અસત્ય - ધર્મનો ભાઈ સત્ય
* પાપની સ્ત્રી કુમતિ - ધર્મની સ્ત્રી સુબુદ્ધિ
* પાપનુ મૂળ નિર્દયતા - ધર્મનુ મૂળ ક્ષમા

**શાહ નીપા વી. - પેટલાદ**

## એ પુત્રને ધિક્કાર છે.

મા બાપનું માને નહિ એ પુત્રને ધિક્કાર છે.
સેવા કરી જાણે નહી એ પુત્રને ધિક્કાર છે.
ભીના થકી કોરા કર્યા નાના થકી મોટા કર્યા
ઉપકાર ભૂલે માતનો એ પુત્રને ધિક્કાર છે.
દેવું કરી પરણાવીઓ વળી ઘરેણા અપાવીયા.
દેવું ભરે ના બાપનું એ પુત્રને ધિક્કાર છે.
પરણ્યા પછી જુદા રહે પત્ની લઈને સાથમાં
દુશ્મન પણ દાવો કરે એ પુત્રને ધિક્કાર છે.
મોજ કરે મન ફાવતી હોટલ સીનેમા જઈ
માતા મરે દાણા વિના એ પુત્રને ધિક્કાર છે.

**મોક્ષેશ/સમકિત આર. સંઘવી-સુરત**

## યોગ્યતા પ્રાપ્ત કરો

વસંતપુર નામે એક ગામમાં ધનરાજ નામે એક શેઠ રહે. શેઠાણીનું નામ સુભદ્રા. તેમને ત્રણ પુત્રો ધનલક્ષ, ધનાવાસ અને ધનચંદ્ર. પુત્રો મોટા થયા. શેઠ-શેઠાણીએ પુત્રોને પરણાવવાના લ્હાવા લીધા, ઘરમાં પુત્ર વધૂઓ આવી.

ઘરમાં પુત્રવધૂઓ આવી અને ધીરેધીરે ક્લેશ-કંકાસના લાવારસ ઉકળવા લાગ્યા. ધનરાજ શેઠ ચિંતામાં પડયા. આમ રોજ મહાભારતના યુદ્ધ સાસુ-વહુ વચ્ચે ખેલાય. વહુઓનાં ઉપરાણાં લઈ છોકરાઓ મા-બાપની આ-માન્યા તોડવા લાગે બિલકુલ ઉચિત નથી.

શેઠને થયું સાત પેઢીથી લક્ષ્મીજીની મહેર અમારા કુળ પર છે. પણ આ કપુત્રો અને ઝગડાખોર વહુઓના પાપે દરિદ્રાવસ્થા માથે પડવાની છે.

આવું ન થાય માટે પુત્રોની પરીક્ષા કરી. એમની લાયકાત મુજબ કામકાજ સોંપી, મારે નિવૃત્ત થઈ ધર્મ આરાધના કરવી યોગ્ય છે.

એક દિવસે શેઠે ઘરે ગામમાંથી ચાર-પાંચ આગેવાનોની હાજરીમાં ત્રણે પુત્રોને હજાર-હજાર રૂપિયા આપી ત્રણેની કસોટી કરવા દરેકને જુદા-જુદા નગરમાં મોકલ્યા ને કહ્યું કે વર્ષ પછી પાછા આવજો. દિકરાઓ ધન લઈ અલગ-અલગ દિશામાં ગયા. મોટો ધનયક્ષ પૂર્વ દિશામાં ચાલ્યો. ત્યાં વિશ્વપુર નામના નગરમાં ગયો. તેણે ત્યાં જઈને હજાર રૂ. જુગાર-વેશ્યા-મોજશોખમાં બધી રકમ ખરચી નાખી. ચીંથરેહાલ ચપ્પણિયું લઈ ભીખ માંગવાનો સમય આવી ગયો. વર્ષ પુરૂ થતા વસંતપુર જવા રવાનો થયો.

બીજો પુત્ર ધનાવાસ દક્ષિણ દિશા તરફ ગયો. એણે મુળ ધન રૂપિયા હજારમાંથી ધંધો કર્યો. તેમાંથી જે કમાયો તે વાપરી નાખ્યું. મુદ્દલ હજાર રૂપિયા લઈ પોતાના ગામ રવાના થયો.

નાનો પુત્ર ધનચંદ્ર પશ્ચિમ દિશામાં ગયો. તેને આળસ ખંખેરીને મહેનત કરી હજાર રૂપિયામાંથી આઠ હજાર કર્યા તેમાંથી બધા રૂ. સાથે લઈ પોતાના નગર તરફ ગયો.

વર્ષ પુરૂં થતા ત્રણે દિશામાંથી ત્રણે પુત્રો વસંતપુર આવ્યા. આ બાજુ ધનરાજે ગામમાંથી આગેવાનોને બોલાવી તેમની હાજરીમાં ત્રણેએ વર્ષ દરમ્યાન શું-શું કર્યું તેમની સમક્ષ પુછી યોગ્યતા પ્રમાણે ત્રણેને અલગ કામો સોંપ્યા. ધનયક્ષને ઘરની જવાબદારી માટે અયોગ્ય ઠરાયો. તેને

બહારનું પરચુરણ કામ સોંપ્યું. ધનાવાસને ઘરના મધ્યમ કક્ષાના કાર્ય કરવા નિમણુંક કરી. નાના ધનચંદ્ર મુળ રકમ જમણા પગ પાસે અને કમાણી ડાબા પગ પાસે મુકી નમસ્કાર કર્યા અને ઘરનો મુખ્ય બધો કારભાર તેને સોંપ્યો. ધનરાજ નિવૃત્ત થઈ ધર્મ આરાધનામાં લીન થઈ ગયા.

જેવી રીતે ધનચંદ્રે હજારમાંથી આઠ હજાર બનાવી ઘરનો લાડકો થઈ ગયો તેવી જ રીતે આપણે પણ ધનચંદ્ર જેવા બનીએ ધનયક્ષ જેવા નહીં.

**-દેવેન્દ્ર યુ. મહેતા**
**ગૌતમ યુ. મહેતા.**

## આજનો યુવાન

આજે યુવાનો વાઘની જેમ નખ વધારે છે. રીંછની જેમ બોચી પર જાફરા જેવા વાળ ઉછરે છે, ગેંડાની ચામડી જેવા બરછટ જીન્સ પહેરે છે. મીન્ક નામના પશુના ચામડાના જાકીટ અને જર્કિન્સ પહેરે છે. બકરીની જેમ તમાકુ અને નાગરવેલના પાન ચાવે છે. ભેંસની જમ બાથટબમાં પડ્યા રહે છે. ભૂંડની જેમ જ્યારે ને ત્યારે જે મળ્યું તે મોંઢામાં નાખનાખ કરે છે. ઉકરડે આળોટતા ગધેડાની જેમ સોફા પર એ આળોટ્યા કરે છે. ઉંટની જેમ હોંઠ લબડાવીને દિવાલ ધોળવાના કળીચુના સાથે સુક્કા પાંદડા મીક્સ કરીને એ વાગોળ્યા કરે છે. ચીક્કાર પેટ ભરીને સૂતેલા મગરમચ્છની જેમ બગાસા છોડે છે. શેરીના કુતરાની જેમ આખો દિ ભસ્યા કરે છે. અને ફણીધર નાગની જેમ એ વારંવાર ફુંફાડા માર્યા કરે છે. કોણ બચાવશે આજે આવા ગુમરાહ યુવાનોને !

**પ્રેષક : શાહ અલ્પા વિનોદચંદ્ર પેટલાદ**

## જાગો ! મનુષ્ય જમ્મ

જાગો ! તમે સમજતા નથી.
મત્યુબાદ જ્ઞાન થવુ દુર્લભ છે,
વીતી ગયેલી રાત પાછી નથી આવતી,
મનુષ્યજન્મ ફરીથી મળતો નથી.
'કર્મને આધીન'
''જીવનના સુખ અને દુઃખ
પોતે કરેલા કર્મોને આધીગ હોય છે''

## એક કટાક્ષ !

ગીફ્ટ ! ગીફ્ટ ! ગીફ્ટ !
ભવ્ય અને આકર્ષક ગીફ્ટ યોજના

''ઈંડા ખાઓ', ઈંડા ખૂબ ખાઓ, ઈંડા ખાનારા માટે ભવ્ય અને આકર્ષક ગીફ્ટ યોજના ! રોજનું એક ઈંડુ નિયમિત ખાનાર પણ નીચેમાંથી કોઈ એક બે કે ત્રણ કે તેથી વધારે ભેટ મેળવી શકશે. પંસદગી આપની.

| | |
|---|---|
| (૧) હાર્ટ એટેક | (૨) આતરડાનું કેન્સર |
| (૩) ચામડીનું કેન્સર | (૪) કુષ્ઠ રોગ |
| (૫) પરાલિસિસ | (૬) કાયમની કબજિયાત |
| (૭) ઢીંચણની બિમારીઓ | (૮) અતિસાર (ઝાડા) |
| (૯) ગ્રેન્ટો એન્ટાઈટીસ | (૧૦) ખરજવું વગેરે વગેરે |

**એક કહેવત :-**

''ગલી ગલીમાં શોર છે
ઈંડમાં તો ઝેર છે''

## મજાની વાર્તા

### -: પ્રમાણિકતાની પરાકાષ્ટા :-

મુંબઈના ફૂટપાથ ઉપર કરંડીયામાં કેરી ભરીને એક ફેરીયો બેઠો હતો. જતાં આવતાં માણસને વારંવાર પૂછતો : ભાઈ કેરી લેવી છે ? સંધ્યાકાળ સુધી ઘણી મહેનત કરી પરંતુ તેની કેરી વેચાણી નહીં. ફેરીયો ભરિ ચિંતામાં પડ્યો. કેમકે તેમના કુટુંબમાં માત્ર તેની મા અને નાની બહેન હતી. છેલ્લા કેટલાક દિવસથી મા માંદી હતી. તેને માટે દવા અને દૂધ....વગેરે લાવવા માટે બીજી કોઈ રકમ ન હતી. જ્યારે આ ટોપલાની કેરી વેચાય ત્યારે જ મા માટે દવા વગેરે લાવવા માટે રકમ છુટી થાય. આ માટે તે છેલ્લે છેલ્લે ભારે કાકલુદી...પૂર્વક, આજીજી કરીને કેરી લેવા માટે પાર્થના કરતો પરંતુ તેની આ વાત કોઈ ન સાંભળતું, બલ્કે લોકો તિરસ્કાર કરતા.

છેલ્લે છેલ્લે એક શેઠ પસાર થયો. તેને પોતાના હૈયાની દર્દીલી વાત કરી. શેઠનું મન પીગળી ગયું અને કહ્યું કે, 'લે આ પાંચ રૂપિયા...તારી મા માટે દવા લાવજે મારે કેરીની જરૂર નથી.'

ફેરીયો કહે ''શેઠ સાહેબ મારે મફતના, વગર મહેનતના પૈસા નથી જોઈતા. આ કેરી ખરીદો અને રકમ મને આપો.

શેઠની અનિચ્છા હોવા છતાં, તેના વખતને ધ્યાનમાં લઈ કહ્યું કે 'ચાલ મારી સાથે સામે બંગલામાં તારી કેરીનો ટોપલો મૂકી દે. બન્ને જણ ચાલ્યા શેઠના બંગલે પહોંચ્યા. કેરીનો ટોપલો યથાસ્થાને મુકાવ્યો. કેરીના ૧૦ રૂપિયા આપવાના હતા. શેઠ પાસે ૨૦ની નોટ હતી તેથી ૨૦ની નોટ પેલા ફેરીયાને આપી કે ૧૦ તારા લઈ બીજા છૂટા કરી ૧૦ મને પાછા આપ. ફેરીયો ૨૦ ની નોટ લઈ રોડ પર આવ્યો સામેની દુકાનેથી ૨૦ ના છૂટા કરવા રોડ ઓળંગવા ગયો ત્યાં જ એક ફિયાટવાળે કચડી નાખ્યો. હાથ લૂલા કર્યા

પગ ભાંગ્યો. તરત જ મોટુ ટોળું ભેગું થયું. હોસ્પિટલમાં દાખલ કર્યો. ફેરિયાના ઘરે સમાચાર મોકલ્યાં ઘરવાળા બાજુના ઘરેથી ઉછીના પૈસા લઈ હોસ્પિટલે આવ્યા. છોકરાને દેખી મા અને બહેન રડી પડ્યાં ! ફેરીયો ભાનમાં આવ્યો બધાને આવકાર્યા અને બહેનને કહ્યું : બહેન એક કામ કરીશ ? અને બહેને કહ્યું 'ભાઈ તું કહે તો પ્રાણ આપવા પણ તૈયાર છું ? બોલ શું કામ છે ? ભાઈએ કહ્યું : લે આ દશની નોટ ફલાણે જગ્યાએ બંગલો છે. ત્યાં શેઠ મારી રાહ જોઈને ઊભા હશે તેમને આ દશ રૂપિયા આપી કહેજે લો તમારા વધઘટના દશ રૂપિયા ! જે તમે કેરી ખરીદી હતી તેના. જા તરત જા. તે શું વિચારતા હશે કે સાલો દગાબાજ નીકળ્યો દશની નોટ લઈને ગયો. લુચ્ચો હતો સાલો. 'એમ કહેશે' તું તુરત જા અને બહેન સરનામાના ઓળખથી શેઠને બંગલે આવી. શેઠને દશ રૂપિયા આપી રવાના થઈ. શેઠે કહ્યું કેમ તમે કોણ છો ? ફેરીયાને અને તમારે શું સંબંધ છે ? ફેરિયો ક્યાં ગયો ? ત્યારે બહેને વિગતથી બધી વાત કરી ત્યારે શેઠ પણ રડી પડ્યા ! અને કહ્યું ચાલ હું પણ આવું છું. ક્યાં છે તારો વીરલો. શેઠે ગાડી સ્ટાર્ટ કરી બન્ને દવાખાને આવ્યા અને શેઠે ફેરીયાની સ્થિતી જોઈ ભારે ગંભીર હતી.

બહેને ભાઈને બોલાવ્યો જાણે કે આ સમાચાર સાંભળવા જ જીવ રોકાયો ન હોય...

મારા માડીજાયા વીરા શેઠને ૧૦ રૂપિયા આપી દીધા છે. શેઠ પોતે જ અહીં આવેલા છે. ફેરિયો ૧૦ રૂપિયા આપવાની વાત સાંભળી અત્યંત ખુશ થયો.

શેઠને માતાને બહેનને....હાથ જોડી, નમસ્કાર કર્યા. તેનો પુનિત પુણ્યશાળી મહાન વીરલ આત્મા આ દેહનો ત્યાગ કરી, સદ્દગતના માર્ગે ચાલતો થયો. પ્રાણ પંખેરૂં ઊડી ગયું.

ધન્ય હો તેની માતને ધન્ય હો તેના તાતને અને ધન્ય હે સત્યનિષ્ઠ એવા તેના આત્મા ને ! નમસ્કાર હો ! ગરીબ સ્થિતિમાં રહેલા, તેના શ્રીમંત હૈયાને !

સૌ તેના આત્માને પવિત્રતાને વખાણતા વીખેરાયા.

શેઠે મા દીકરીની જીવનપર્યતની આજીવિકાની વ્યવસ્થા કરી આપી.

**શાહ-સુરેશ બી. ભનશાલી-કમોડીવાળા**


સુરતની જૂની અને જાણીતી વર્ષો જુની
એક જ પ્રખર પેઢી જે આપની સેવામાં ૫૫ વર્ષથી ઉપસ્થિત છે.

**■ કેસર ■ સુખડ ■ બરાસ ■ અગરબત્તી ■ વાસક્ષેપ**
**■ બાદલું ■ સોનેરી ■ રૂપેરીવરખ આદિ**

- બીજી પણ શુદ્ધ-સામગ્રી મેળવવાનું સ્થળ -

**બી. એમ. સરૈયા**

**ભાગ તળાવ, સુરત-૩૯૫ ૦૦૩.**

**ગ્રાહકોને નમ્ર સૂચના**
યાદ રાખો, અમારી કોઇ શાખા નથી. ચેતતા રહેજો,
ભળતા નામથી કે લેભાગી જાહેરાતથી છેતરાશો નહિ.

# જીવદયા ખાતર જૈનો જાગૃત બને

શાહ ખેતશી પોપટલાલ
કચ્છવાગાડ મનફરાવાળા, મુંબઈ

ગુજરાત સરકારે સરદાર-સરોવર-યોજના જાહેર કરી છે. આ જંગી સરોવરમાં વર્ષે-દહાડે ૨૦ લાખ ટન માછલાં પેદા કરવાની ગણતરી છે. એક કીલોમાં નાના માછલાં ૫૦ના હિસાબે ગણીએ, તોય એક ટનમાં ૫૦ હજારની સંખ્યા થાય, તો ૨૦ લાખ ટનમાં કેટલી સંખ્યા થાય ? લગભગ ૧૫ આંકડાની સંખ્યા થાય, એટલે કે હજારો ખર્વની સંખ્યા થાય. વિચારવા જેવું છે કે, આટલી બધી જંગી હિંસા માત્ર પરદેશ-હૂંડિયામણની લાલચે જ થઈ રહી છે. નજીવા હૂંડિયામણ માટે નિર્દોષ એવા મૂકજીવોની કત્લે આમ ચલાવીને દેશના સંસ્કારનો આજે સર્વનાશ કરાવાઈ રહ્યો છે અને ઠેરઠેર હિંસાની હોળી સળગાવવામાં આવી છે.

'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ'ની કહેવત આ પળે યાદ આવે છે. ખરેખર કુદરત આ કૃત્ય સહન નહિ કરી શકે. એક મચ્છુડેમની કરુણ-ઘટનાને જ જો આંખ સામે લાવવામાં આવે, તો એ સત્યને સમજાઈ જતા વાર ન લાગે કે, કુદરત કદી આવી હિંસા નહિ સાંખી લે ! હૂંડિયામણથી ભેગો કરેલો પૈસો એક બાજુ મૂકો અને મચ્છુડેમની હોનારતથી થયેલી નુકસાનીના આંકડા બીજી તરફ મૂકો. તોય ખ્યાલ આવી જશે કે, લોહીનો વેપાર કરીને જે કમાણી કરી, એની સરખામણીમાં મચ્છુડેમ જેવી હોનારતથી થયેલી નુકસાનીના આંકડા કઈ ગણા વધુ છે.

મચ્છુડેમ ફાટ્યો, એથી સેંકડો વ્યક્તિઓએ જાન ગુમાવ્યા, અબજો-કરોડોની સંપત્તિનો સર્વનાશ થયો, કેટલીક બાબતોમાં અસરગ્રસ્તોને હજી પણ વળતર મળી શક્યું નથી. લગભગ ૨૦૦ કિ.મી. જેટલી લંબાઈ ધરાવતા સરદાર સરોવરની સરખામણીમાં તો જે સાવ નાનો એક ખાબોચિયા જેવો ગણાય, એવો મચ્છુડેમ જો આવો વિનાશ નોંતરી શકે, તો સરદાર સરોવર જેવી જંગીયોજનાનું ભાવિ તો કેટલું બધું ભીષણ-ભયંકર હોય, એ સહેજે કલ્પી શકાય છે.

કુદરત કદાચ ન રૂઠે, પણ આજના ભ્રષ્ટાચારના યુગમાં આવા જંગી બંધોનું ભાવિ વિચારતા જ કમ કમા આવી જાય એવું છે. ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. મત આપવો, એ હજી ફરજિયાત નથી બન્યું, ત્યારે આપવો જ પડે એમ હોય, તો અહિંસામાં આસ્થા ધરાવ- નારને જ આપવાનું વલણ અપનાવીએ, તો વહેલું-મોડું ધાર્યું પરિણામ લાવી શકાય. મહારાજા કુમારપાળ અને મહામંત્રી વસ્તુપાળ-તેજપાળ જેવા ધર્મવીરની આ ધરતી છે. નજીકનો જ ભૂતકાળ વિચારીશું, તોય આપણી હતાશા બરફની જેમ ઓગળી જશે. માટે અહિંસાથી અમર બનેલા આ દેશમાં અહિંસાના સામ્રાજ્યની પુનઃસ્થાપના સાટે આપણા પૂર્વપુરુષોને ફરી ફરી યાદ કરીને પ્રતાપી પૂર્વજોના જીવન કવંનમાંથી એવું પીઠબળ પામીએ કે, એની સામે પાપી સત્તાને નમવું જ પડે.

*મગજ જેનું પવન સમ, તેનો શો વિશ્વાસ*
*પવન કદી વૃષ્ટિ કરે, કદી વૃષ્ટિનો નાશ*

o

*ક્રોધે ચડેલા ક્રોધીને, નહિ દીજે ઉપદેશ*
*તેલ તળે જળ છાંટતા, સળગી ઉઠે અશેષ.*

o

# કર્મરાજાની ચાર નોટિસો

આપણા જીવનમાં કર્મરાજ ચાર નોટીસો મોકલે છે. પહેલી નોટીસ બુક પોસ્ટથી મોકલે છે. બીજી નોટીસ કવરમાં મોકલે છે. ત્રીજી નોટીસ રજીસ્ટર એ.ડી. થી મોકલે છે. ચોથી નોટીસ વી.પી. થી મોકલે છે.

પહેલી નોટીસ સફેદ વાળની મોકલે છે. જેમ બુકપોસ્ટમાં કોઈ ટપાલ છે, તે ગમે તે વાંચી શકે છે, તેમ માથામાં આવેલ સફેદ વાળ બધા જોઈ શકે છે.

બીજી નોટીસ દાંતની મોકલે છે, તે મોં ખોલી આપણને બતાવે ત્યારે જોઈ શકીએ છીએ.

ત્રીજી નોટીસ કાનમાં બહેરાશની અને આંખમાં ઝાંખપની મોકલે છે, જેમ રજીસ્ટર એ.ડી. માલિક પોતે સહી કરી છોડાવે. તેમ માલિક પોતે કહે કે મારાથી નથી સંભળાતું, નથી દેખાતું ત્યારે આપણને લાગે છે કે આ જીવ ઉપર ત્રીજી નોટીસ આવી.

ચોથી નોટીસ, શરીરમાં અશક્તિની મોકલાવે છે. જેમ પોસ્ટમાં આવેલ વી.પી. છોડાવવામાં સાક્ષીની સહી જોઈએ, તેમ શરીરમાં અશક્તિ છે તે બતાવવા હાથમાં લાકડી (દંડા)ની જરૂર રહે છે.

નિજ નાભિમાં કસ્તુરી, પણ સ્વાદ ન જાણે હરણી
ગળા સુધી ધૃત છો ભર્યું, પણ સ્વાદ ન જાણે બરણી.

o

કામ-ક્રોધ-મદ-લોભ કી, જબ લગ મનમેં ખાણ
તબ લગ પંડિત-મૂરખ હી, દોનો એક સમાન.

o

કબીર શરીર સરાય હૈ, ક્યો સૂતા સુખ ચેન
કૂચ નગારા શ્વાસ કા, બજ રહા દિનરેન.

o

# સુવિચાર-સાર

**પૂ. આચાર્યદેવ શ્રી પ્રભાકર સૂરીશ્વરજી મહારાજ**

- દુઃખોનો સમુદ્ર તેનું નામ આળસ ભવોભવ આળસ કરાવે ફારસ, માટે તું થઈ જા ધર્મનો વારસ, પછી તું થઈ જઈશ સદા માટે સરસ આરસ.
- આળસથી કટાઈ જવું તેનાં કરતાં આચરણથી છવાઈ જવું સારું છે.
- આળસ રૂપી પર્વત ઉપરથી દુઃખની નદી વહે છે.
- પ્રમુખ બનવાં કરતાં પ્રમાણિક બનવું, તેજ સાચું પ્રમુખપણું છે. બાકી તો પ્રકૃષ્ટપણે એ ખરપણું પ્રખટ-ચ્છપણું, એમ પણ કહી શકાય.
- ટોળું એટલે પ્રાયઃ અનેક હાથ પગવાળો છતાં માથા વગરનો રાક્ષસ !
- પહેલાં ચૂંટણી ન હતી, વરણી હતી. ચૂંટણીમાં નેતાને ચૂંટવામાં આવે છે અને પછી તે પ્રજાને ચૂંટી ખાય છે. ચૂંટણી એટલે પૈસાની ચટણી.
- પ્રવાહમાં ખેંચાય તે મડદું અને પ્રવાહમાં સામે તરે તે મરદ !
- જગતના પ્રવાહમાંથી છોડાવી જિન તરફ પ્રયાણ કરાવે, તેનું નામ જિનસાસન !
- દાન દેવા મોસમ કે મોકાની જરૂર નથી. એક પળ પણ કાફી છે.
- શ્રાવક શ્રૃંગી મત્સ્ય, હંસ અને ચાતક જેવા હોય છે.
- પર્વત ઉપર પાણી ટકતું નથી અને દુર્જનમાં ધર્મ ટકતો નથી.
- સર્પ અને વીંછીનું ઝેર ઉતારી શકાય, પણ દુર્જનનું ઝેર ઉતારવું કઠિન છે.
- ખોળામાં રમાડે તે માતા, ખોબામાં રમાડે તે રમા ! આવતો જુવે તે માતા, લાવતો જુએ તે પત્ની ! પોતાનું હીર આપીને ધાવતો કરે એ માતા, છઠ્ઠીનું ધાવણ કાઢી છક્કડ ખવડાવે તે પત્ની.
- આજે ટેકનોલોજી અને ટેકનીક ઘણી શીખવામાં આવે છે. પણ ધર્મ વિનાનું જીવન બનશે ધૂળ ધાણી અને ધક્કાપાણી.
- પવિત્રતામાં વીરતા હોય, તપસ્યામાં સમતા હોય, ભાવનામાં ભવ્યતા હોય તો ભવભ્રમણ ભાગી જાય અને આત્મા જલદી પરમાત્મા બની જાય.

# સમાચાર સાર

ગદગ : (કર્નાટક) પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ.મ.ની નિશ્રામાં ચાતુર્માસ પરિવર્તનાદિ કાર્યક્રમ ખૂબજ ભવ્ય ઉજવાયો. પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. ની ૯૨મી વર્ધમાન તપ ઓળીની પૂર્ણતા પ્રસંગે આ. વદ ૧૦મે વરઘોડો, ૩ સંઘપૂજનાદિ થયેલ. ચાતુ. પરિવર્તનનો લાભ શાહ કાંતિલાલ દલીચંદ અને અશોક કુમાર કુંદન પણને મળ્યો હતો. વદ બીજે વિહાર કરીને મહાવીર કોલોની પધારેલ. હોસ્પેટ થઈ પોષ સુદમાં દાવણગિરિ પધારશે. નૂતન સમવસરણ મંદિરમાં પ્રતિષ્ઠ અંજનશલાકાનો પ્રસંગ મહામહિને ઉજવાશે. પછી વૈશાખ મહિને ઉંટી તરફ પધારવાની સંભાવના છે. ત્યાં પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવાશે.

**અદ્‌ભુત ઉપધાનારાધના :** શ્રીપાલનગર : મુંબઈ : પૂ. આ. શ્રી રાજતિલક સૂરિજી મહારાજ તથા પૂ. આ. શ્રી મહોદય સૂરિજી મહારાજ આદિ મુનિગણની નિશ્રામાં પ્રારંભિત, સુરત વિશા ઓસવાળ જ્ઞાતીય શ્રેષ્ઠિવર્યો શ્રી કુમારપાળ બાબુભાઈ ઝવેરી, મોતીચંદ ઝવેરચંદ ઝવેરી, પાનાચંદ નાનુભાઈ ઝવેરી દીપચંદ લલ્લુભાઈ તાસવાળા, તથા જિતેન્દ્રભાઈ ઝવેરચંદ ઝવેરી : આ પાંચ પરિવાર દ્વારા શ્રીપાલનગર દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટના ઉપક્રમે આયોજિત ઉપધાન તપનો માલારોપણ પ્રસંગ પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી નરવાહન વિજયજી ગ., પૂ. ગણિવર્ય શ્રી પુણ્યયશ વિજયજી મ. પૂ. પ્રવચનકાર ગણિવર્ય શ્રી કીર્તિયશ વિ. મ. આદિની નિશ્રામાં ખૂબ જ શાસન પ્રભાવના સર્જક બનવા પામ્યો. શ્રીપાલનગરથી પૂ. આચાર્ય દેવોના ગુજરાત તરફના વિહાર બાદ ઉપરોક્ત ૫ ગણિવરોની નિશ્રામાં ઉપધાન તપની આરાધના અનેક વિક્રમો સર્જવા પૂર્વક આગળ વધવા પામી. શ્રી કીર્તિયશ વિજયજી ગણિવર્યના પ્રવચનોએ આરાધનાનું અનેરું બળ પૂરું પાડ્યું. જેથી વાલકેશ્વર જેવા શ્રીમંત એરિયાના આરાધકો મોટી સંખ્યામાં તપમાં જોડાયા હોવા છતાં કુલ ૨૫ ભાઈ-ઓએ સંપૂર્ણ કેશલોચનું કષ્ટ હસતા હસતા સહીને સુંદર આદર્શ પૂરો પાડ્યો. કુલ ૨૮૧ આરાધકોમાં માળની સંખ્યા ૧૯૧ (૫૭ પુરુષો) હતી. શાસ્ત્રીય મૂળવિધિથી ઉપધાન આરાધના લગભગ ૧૪ આરાધકોએ કરી. નાની ઉંમરના આરાધકો જોડાયેલ. બહેનોને સુંદર આરાધના પ્રવર્તિની પૂ. સાધ્વીજી શ્રી હંસશ્રીજી મ. તથા તેઓશ્રીના પરિવારે કરાવી.

મા. સુ. બીજથી અઠ્ઠાઈ મહોત્સવ આરંભાયો. માળની વિક્રમસર્જક બોલીઓ થવા પામી. સાચી જરીના ૧૦ છોડનું ઉદ્યાપન, ભવ્ય પૂજાપૂજનો અંગ રચનાઓ આદિથી મહોત્સવ ઓરજ દીપી ઉઠ્યો. મા. સુ. ૮મે માળનો વરઘોડો તથા સુદ ૯મે માળારોપણ પ્રસંગ હજારોની માનવમેદની વચ્ચે ઉજવાયો. શુદ્ધ આરાધના, અપૂર્વ ઉલ્લાસ, દિવસે દિવસે આરાધનાનો ચડતો ઉલ્લાસ, અનેરી ઉદારતા વગેરે અનેક વિરલ વિશેષતાઓથી આ ઉપધાનતપ અવિસ્મરણીય બની રહેશે.

### માલેગામ-ચાતુર્માસની ભવ્ય ઝલક

પૂ. આ. શ્રી પ્રભાકર સૂરીશ્વજી મહારાજે કરેલ ચાતુર્માસથી માલેગામ સંઘમાં અદ્‌ભુત અને અભૂતપૂર્વ જાગૃતિ આવવા પામી. જેની અનુમોદનીય ઝલક સકળ સંઘની અનુમોદનાર્થે પ્રસ્તુત છે.

-કેમ્પ વિસ્તારમાં પૂજ્યશ્રીના સદુપદેશથી જિનમંદિરનું નિર્માણ થઈ રહેલ છે, જેમાં શહેરના ડૉક્ટરો


## નવાં પ્રકાશનો :

**વહેલી તકે વસાવો**

**૦ વીરવિભુની અંતિમ દેશના ૦**

: પ્રવચનકાર :

**પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

મૂલ્ય : ૫૦-૦૦

પ્રકાશક : આદર્શગ્રંથમાળા, મોક્ષમાર્ગ પ્રકાશન

૦

મધબિન્દુની માયા

દાસ : દેવાધિદેવના

ફૂલ નાનું શૂલ મોટી

કલ્યાણનો કુંભ

**કથાલેખક : પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી**

મહારાજ, દરેકનું મૂલ્ય રૂ. ૨૦/૨૦

પ્રકાશક : સંસ્કૃતિ પ્રકાશન, સુરત.

સંપર્ક સરનામું :

**રમેશ આર. સંઘવી "રામવાટિકા"**

૪૦૧, સમેત શિખર એપાર્ટમેન્ટ,

કાજીનું મેદાન, ગોપીપુરા સુરત-૨.

ખૂબ જ સુંદર રસ લઈને તનમનધનનો ભોગ આપી રહ્યા છે. શિલા સ્થાપન/ખનનવિધિ થઈ ગયેલ છે.

-રાજસ્થાની આરાધકભાઈઓ તરફથી જિનમંદિર નિર્માણનું કાર્ય ઝડપભેર પ્રગતિ સાધી રહ્યું છે.

-સંઘમાં ચાલતા આયંબિલ ખાતાનો લાભ લોકો સુંદર લઈ રહ્યા છે. તપસ્વીને રોજની ૧૧ રૂપિયાની પ્રભાવના થાય છે.

-સંઘમાં ધર્મદ્રવ્યનો વહીવટ સુંદર ચાલી રહ્યો છે. શરતચૂકથી જીવદયાની મોટી રકમ બીજા ખાતામાં વપરાઈ ગઈ હોવાથી પૂજ્યશ્રીની પ્રેરણાથી એની શુદ્ધિ પણ થવા પામી છે.

-નૂતનપાંજરાપોળના નિર્માણના પ્રયત્નો ચાલી રહ્યા છે. કાર્યકરો સફળતા માટે આશાન્વિત છે.

-૬૮ તીર્થપટો, શ્રી ગૌતમસ્વામીજી, પૂ. આ. શ્રી દાનસૂરિજી મહારાજા આદિની ગુરુમૂર્તિઓ સહિતના ગુરુમંદિરની કાર્યવાહી ઝડપભેર આગળ વધી રહી છે.

-ફટાકડા ન ફોડનારા, સંસ્કારવર્ગમાં સુંદર માર્ક મેળવનારા, સંસ્કારાર્થી બાળકો-બાલિકાઓનું બહુમાન કરાયું હતું. વર્ધમાન નગરમાં રોજ, સામાયિક વર્ગમાં નિયમિત સામાયિક સારી સભામાં થઈ રહ્યા છે.

-માલેગામના ચારે જિનમંદિરોમાંથી આસોવદમાં લાઈટ-ફિટિંગ કાઢી નાખવા પૂર્વક ઘીના દીવાઓનો વપરાશ ચાલુ થયેલ છે. દીવા માટેની હાંડીઓના વપરાશથી વાતાવરણની પવિત્રતા વૃદ્ધિંગત બની છે, તેમજ સૂર્યોદય પ્રક્ષાલપૂજા આદિની વિધિ અમલી બની છે. પૂજા-પૂજનોમાં પણ માઈક, વીડીયો આદિનો પ્રતિબંધ સૌએ સહર્ષ સ્વીકાર્યા છે. આ માટે ઠરાવ પણ કરવામાં આવેલ છે.

-ચાર મહિના દરમિયાન બિયાસણા, ઉભય ટંક પ્રતિક્રમણ આદિ નાની મોટી આરાધના કરનારાઓનું બહુમાન ઉદારતા પૂર્વક યોજાયું હતું, જે ખૂબજ યશસ્વી બનવા પામ્યું.

-પૂજ્યશ્રીજીના સદુપદેશથી તેમજ પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજીની પ્રેરણા પામીને સંઘમાં ૧૨ વ્રત ૫૬ ભાવિકોએ સ્વીકાર્યા. ભવોભવના પુદ્ગલ વોસિરાવવાની ક્રિયામાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા.

-પૂજ્યશ્રીના પાંચ નવા પુસ્તકોનું પ્રકાશન કાર્ય ચાલુ છે, જેમાં વ્યવસ્થાપકોએ પીનો કે પ્લાસ્ટિક કોટેડનો વપરાશ ન થાય તથા દોરા દ્વારા જ બાઈન્ડીંગ આદિ, થાય, એ માટે સુંદર આયોજન કર્યું છે. જેથી પીનો આદિ ભવિષ્યમાં પશુઓના પેટમાં ન જવા પામે. પુસ્તક પ્રકાશકોએ આ બાબતમાં ખ્યાલ રાખવો ખૂબ જરૂરી છે.

-આમ માલેગામના આંગણે અદ્ભુત આરાધનાઓ-આયોજનો થવા પામ્યા. 'કલ્યાણ' આદિ માસિકોના પ્રચારાર્થે પણ સંઘ તરફથી ઉદારતા પૂર્ણ સહકાર સાંપડ્યો. પૂજ્યશ્રી માગસર વદ ત્રીજે પીપળ ગામ તરફ મહોત્સવ નિમિત્તે વિહાર કરશે. મહારાષ્ટ્રમાં ઘણા ગામોની વિનંતિ ચાલુ છે.

**અમદાવાદ-ગીરધરનગર** : પૂ. ઉપાધ્યાયશ્રી યશોભદ્રવિજયજી ગણિવર, તપસ્વીરત્ન પૂ. યોગીન્દ્ર વિજયજી મ. આદિની નિશ્રામાં નીચે મુજબના શ્રી જિનેદ્રભક્તિ મહોત્સવો ઉજવાયા.

(૧) સ્વ. શાહ તુલસીદાસ કાળિદાસના ધર્મમય જીવનની અનુમોદના અને લીલાબેનના જીવિત મહોત્સવ નિમિતક શ્રી લઘુશાંતિસ્નાત્ર, સ્વામી વાત્સલ્ય સહ પંચાહ્નિક મહોત્સવ (૨) શ્રી મંગલાબેન મુનિલાલ સોનગરાના ધર્મમય જીવનની અનુમોદના નિમિત્તક શ્રી લઘુ શાંતિસ્નાત્ર મહોત્સવ સહ પંચાહ્નિક મહોત્સવ (૩) ઉપરાવબેન તથા સોનમલજી કોઠારીના સુકૃતોની અનુમોદના નિમિત્તક ભક્તામર પૂજન, ૫૬ દિક્કુમારીકા-૬૪ ઈન્દ્ર સહ સ્નાત્ર મહોત્સવ, લઘુ શાંતિસ્નાત્ર, સાધર્મિક વાત્સલ્ય, ૧૧ છોડના ઉદ્યાપન સહ અષ્ટાહ્નિક જિનેદ્ર ભક્તિ મહોત્સવ.

મહોત્સવ દરમ્યાન કત્તલખાનેથી જીવો છોડાવવાની ખૂબ સુંદર કાર્યવાહી થઈ. આનાથી લગભગ ૪૦૦ ઉપર પંચેન્દ્રિય જીવોને મોતના મુખમાંથી છોડાવવાની સુંદર કાર્યવાહી થશે. પૂ. ઉપાધ્યાય મ. ની નિશ્રામાં અત્રેથી નીકળનાર શ્રી શત્રુંજય તીર્થના '૬' રી પાલક યાત્રાસંઘની ભવ્ય તૈયારીઓ શરૂ થઈ છે.

**અમદાવાદ :** શ્રી દાનસૂરિજી જ્ઞાનમંદિરમાં ચાતુર્માસ સ્થિત ગચ્છાગ્રણિ પૂ. આ. શ્રી સુદર્શન સૂરિજી મ., પૂ. પં. શ્રી ગુણશીલ વિ. ગ. તપસ્વી શ્રી પ્રમોદ વિ. મ. આદિના ચાતુર્માસ પરિવર્તનનો લાભ શ્રી પ્રવિણભાઈ ટીલચંદ પરિવારે લીધેલ. જ્ઞાનમંદિરમાં સામુદાયિક પટદર્શન બાદ ૮-૩૦ કલાકે સામૈયું શરૂ થયેલ, જે મહાવીર સ્વામીજી દેરાસરે દર્શન કરી, લાલાભાઈની પોળમાં પ્રવીણભાઈને નિવાસ સ્થાને આવેલ, ઉપાશ્રયમાં પ્રવચન બાદ ગુરુપૂજનાદિ થયેલ. સાધર્મિકભક્તિ પણ થયેલ. આ પૂર્વ કા. સુ. ૧૧ સે રંગસાગર સોસાયટીમાં સિદ્ધચક્ર પૂજન પ્રસંગે

પૂજ્યોની પધરામણી સસ્વાગત થવા પામી હતી. ચાતુર્માસિક આરાધનાઓની અનુમોદનાર્થે કા. વ. ૬ થી ૧૦ સુધીનો શાંતિસ્નાત્ર સહ પંચાહ્નિક મહોત્સવ ઉજવાયો હતો. જેમાં પ્રથમદિવસે વાગડવાળા, સા. શ્રી લાવણ્યશ્રીજી મ. ના સંયમજીવનના ૭૦મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે પ્રવચન-સંઘ પૂજનાદિનો કાર્યક્રમ જહાંપનાહની પોળમાં ગોઠવાતા સંઘની ઉપસ્થિતિ વિશાળ પ્રમાણમાં રહી હતી. મનસુખભાઈની પોળમાં પૂ. સા. શ્રી જયરત્નાશ્રીજીની તપશ્ચર્યા નિમિત્તે એમના સંસારી સંબંધીઓ તરફથી કા.વ. ૧૩ થી મા. સુ. ૨ સુધી શાંતિસ્નાત્ર શાહ ભવ્ય મહોત્સવ ઉજવાયો. મેમનગરમાં ઉજવાનાર અંજનશલાકા મહોત્સવની કેટલીક ઉછામણીઓના પ્રસંગે પૂ. પં. મહારાજ ત્યાં પધારેલ, એજ રીતે પૂજ્યશ્રી મા. સુ. ૬ઠે યોગેશ્વર નગરમાં પ્રભુજીના પ્રવેશપ્રસંગે પધારેલ. સુ. ૮મે હઠીભાઈવાડીની ચૈત્યપરિપાટીનો પ્રસંગ સુંદર ઉજવાયેલ. મૌન એકાદશી બાદ પૂ. પંન્યાસજી મ. પોષ દશમીની આરાધનાર્થે શંખેશ્વર તરફ વિહાર કરશે.

**મુંબઈ-લાલબાગ** : ભૂલેશ્વર મોતીશા જૈન ઉપાશ્રયના આંગણે મુમુક્ષુશ્રી જયકુમારભાઈ તથા મુમુક્ષુશ્રી પ્રભુદાસભાઈની પ્રવ્રજ્યાનો અનુમોદનીય પ્રસંગ પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂ.મ., પૂ. આ. શ્રી ચન્દ્રોદય સૂ. મ., પૂ. આ. શ્રીકનક શેખર સૂ.મ., પૂ. પં. શ્રી નરવાહન વિ. ગ., પૂ. ગણિવર્ય શ્રી કીર્તિયશ વિ. મ. આદિની નિશ્રામાં યોજાયો. આ નિમિત્તે મુમુક્ષુ પરિવાર તરફથી યોજિત પાંચ દિવસના મહોત્સવ દરમિયાન અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર, ૫૬ દિગ્કુમારીકા યુક્ત સ્નાત્ર મહોત્સવ, વર્ષીદાનનો વરઘોડો આદિ કાર્યક્રમ ખૂબ જ શાસન પ્રભાવક બનવા પામ્યો હતો. માગસર સુદ ૧૦ મે વર્ષીદાનનો વરઘોડો પૂર્ણ થયા બાદ ઉપાશ્રયમાં દીક્ષાવિધિનો પ્રારંભ થયો હતો. ભાવિકોની હાજરી ખૂબ જ સારી હતી. શ્રી જયકુમારભાઈને પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મ. ના. શિષ્ય તરીકે શ્રી જિનકીર્તિ વિજયજી મ. ના નામે તથા શ્રી પ્રભુદાસભાઈને પૂ. મુનિરાજ શ્રી યુગચન્દ્રવિજયજી મ.ના શિષ્ય તરીકે શ્રી પદ્મશ્રમણવિજયજી મ. ના નામે જાહેર કરાયા હતા. આ પ્રસંગે ઉપકરણો સમર્પિત કરવાની બોલી પણ સારી થવા પામી હતી. ઉપધાન આરાધના નિમિત્તે પદ્માબેન જયસુખલાલ તરફથી સુદ ૧૨ સે ખૂબ જ ભવ્યરીતે ૨૦ સ્થાનક પૂજનું આયોજન થયેલ. સુદ ૧૩ સે સાકરચંદ ખીમચંદ પરિવાર તરફથી શ્રી પંકજભાઈ સાકરચંદ ઝવેરી તથા કલ્પનાબેન પંકજભાઈ ઝવેરીની સ્વર્ગતિથિના ઉપલક્ષ્યમાં લઘુશાંતિસ્નાત્રનો કાર્યક્રમ યોજાયેલ. માગ સુદ ૧૪ સે પૂજ્યશ્રી વાલકેશ્વર ચંદનબાળા પધારતા ત્યાં પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મ. ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તક મહોત્સવનો પ્રારંભ થયેલ. ઉપરોક્ત પૂજ્યો ઉપરાંત આ પ્રતિષ્ઠા પ્રસંગે પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિજયજી મ. ઉગ્ર વિહાર કરીને પધારેલ. પ્રસંગ સુંદર ઉજવાયો હતો. વદ ત્રીજે પ્રતિષ્ઠાનો લાભ રસિકલાલ બાપુલાલ પરિવારે લીધેલ. ગુરુમંદિર-મૂર્તિ નિર્માણનો લાભ શ્રીમતી પ્રેમલતાબહેન કોઠારી તથા સુરચંદ હીરાચંદ ઝવેરી પરિવારે લીધેલ.

### ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રાનું આયોજન

સેંકડો વર્ષોના ઇતિહાસમાં સર્વપ્રથમવાર ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રાનું આયોજન અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વજી મ. ના વિદ્વાન શિષ્ય પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ. સા.ની પાવન નિશ્રામાં થયેલ છે. તા. ૮/૧૨/૯૪ થી તા. ૧૭/૩/૯૫ સુધી છ'રીના નિયમો પૂર્વક ૧૦૦ દિવસ સુધી રોજ યાત્રા કરવા માટે હાલના તબક્કે ૭૫ યાત્રિકો જોડાયા છે. તા. ૮/૧૨ના શુભ મુહૂર્તે સાફા વિગેરમાં સજ્જ સંઘપતિઓએ સોના રૂપાના ફુલડે ગિરિરાજને વધાવી, સોનાની ગીનીથી ગિરરાજનું પૂજન કરેલ. પૂ. ગણિવર્યશ્રી ૧૫ દિવસમાં ઉગ્ર વિહારો કરી અમદાવાદથી ગિરનાર પધાર્યા હતા.

**બોરડી :** પૂ. પં. શ્રી રત્નસુંદર વિજયજી ગણિવરના ચાતુર્માસથી સંઘમાં અભૂતપૂર્વ જાગૃતિ આવવા પામી. વીસેક વર્ષથી સંઘની સેવાનું કર્તવ્ય ખડે પગે બજાવતા શ્રી કેવળચંદ લાલચંદજી નાહરનો સન્માન પ્રસંગ વ્યાખ્યાન બાદ યોજતા સંઘે એમની સેવાને મુક્તકંઠે બિરદાવેલ. સંઘમાં સુંદર વહીવટ ચાલી રહેલ છે. મુંબઈ-અમદાવાદ વિહારમાં બોરડી વિહારનું એક મુખ્ય સ્થાન હોવાથી સંઘને ચતુર્વિધ સંઘની સેવાનો સુંદર લાભ અવારનવાર મળતો રહે છે. કેવળચંદ ભાઈની સેવાને બિરદાવવા પૂર્વક હજી પણ વધુ સેવા મળતી રહે, એવી શુભેચ્છા સૌએ વ્યક્ત કરી હતી.

**મુંબઈ-બોરીવલી** : ચંદ્રાવરકર લેન શ્રી મહાવીર-સ્વામી જિનાલયના પ્રાંગણે પૂ. આ. શ્રી વિચક્ષણ સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં જિનાલયની સાલગીરી તેમજ મુમુક્ષુ જીગીષા કુમારી તથા મુમુક્ષુ ફાલ્ગુની કુમારીની દીક્ષાનો પ્રસંગ ખૂબ જ સુંદર ઉજવાયો. માગ. સુ. ત્રીજથી પ્રારંભિત મહોત્સવમાં નિમંત્રક જોગમલભાઈ જેસીંગલાલ દાણી પરિવારે ખૂબ જ ઉદારતા પૂર્વક લાભ લીધો. સુદ ૪થે વર્ષીદાનનો વરઘોડો તથા સુદ

પમે દીક્ષાનો પ્રસંગ ઉજવાયો. મુંબઈ-સુરત આદિથી દીક્ષાર્થીના સ્વજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. સિદ્ધચક્ર પૂજનાદિ દ્વારા સુંદર જિનભક્તિ યોજાઈ હતી. ઉપકરણના ચડાવા સારા થવા પામ્યા હતા. ઉપજ સુંદર થઈ હતી. ભાવિકોની હાજરી ખૂબજ સારી હતી. પૂ. સાધ્વીજી શ્રી હંસશ્રીજી આદિ સાધ્વીપરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત હતો. એમના સમુદાયવર્તી પૂ. સાધ્વીજી શ્રી જયધર્માશ્રીજી મ. ના શિષ્યા તરીકે મુમુક્ષુ જિગીષાકુમારીને પૂ, સાધ્વીજી શ્રી ભવ્યસિદ્ધિશ્રીજી મ. તરીકે જાહેર કરાયા. અને મુમુક્ષુ ફાલ્ગુની કુમારીને પૂ. સાધ્વીજી શ્રી ભવ્યસિદ્ધિશ્રીજી મ. ના શિષ્યા તરીકે પૂ. સાધ્વીજી શ્રી ધર્મસિદ્ધિશ્રીજી મ. તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. જીવદયાના કાર્યો અંગે ફંડ સારું થવા પામ્યું હતું. વિનિયોગ પરિવારના કાર્યકરોએ સુંદર રજૂઆત કરીને કર્તવ્યનો ખ્યાલ કરાવ્યો હતો.

**થ: . ઢ** : પૂજ્યપાદ આ. શ્રી વિ. નરચંદ્ર સૂ. મ. સા. આદિ તથા પૂ. સા. શ્રી વિમલકીર્તિશ્રીજી મ. સા. આદિની શુભ નિશ્રામાં શ્રી સંઘના શ્રી અજિતનાથ પ્રભુજીના દેરાસરના બે ગોખલામાં શ્રી સીમંધર સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા મહુવાવાળા સ્વ. શ્રીમતી દિવાળીબેન જગ-જીવનદાસ પરિવારે તથા શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા ધીરૂભાઈ કોઠારી આદિ પરિવારે માગ. સુદ. ૫ના શુભદિવસે કરેલ. આ પ્રસંગે ત્રિદીવસીય મહોત્સવ રાખેલ. આ પ્રસંગે શ્રી સંઘના અગ્રણી કાર્યકર કોઠારી ધીરૂભાઈએ ધર્મપત્ની સાથે ચતુર્થવ્રત મા. સ. ૩ ના શુભદિવસે અંગીકાર કરેલ. અને મા. સુ. ૬ના દિવસે ૨૮ પુણ્યવંતોએ અતીત ભવ પુદ્ગલ વોસીરાવવાની ક્રિયા કરેલ. આ પુણ્યપ્રસંગે મુંબઈ, મહૂવા જેસર આદિ સ્થળેથી ઘણા ભાગ્યશાળીઓ આવેલ. પ્રાયઃ ૧૫૦ વર્ષબાદ આ પ્રતિષ્ઠાનો પ્રસંગ હોવાથી ખૂબ જ આનંદ હતો. આ પ્રસંગને યાદગાર બનાવવા સંઘના અગ્રણી ચીનુભાઈ ધીરૂભાઈ ભૂપતભાઈ શશીભાઈ આદિએ ભારે જહેમત ઉઠાવી હતી.

**રતનપર (સુરેન્દ્રનગર)** : પૂજ્ય આ. શ્રી વિ. નરચંદ્ર સૂ. મ. સા. ની નિશ્રામાં સંઘમુરબ્બી શ્રી જિનદાસભાઈએ સ્વ. ધર્મપત્નીના આત્મશ્રેયાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન મા. સુ. ૯ના શ્રી સંઘના શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવંતના દેરાસરમાં રાખેલ. વિધિકાર શ્રી મુકેશ ભાઈ વઢવાણવાળાયે પોતાની મંડળી સાથે પધારી ખૂબજ સુંદર રીતે ભણાવેલ. અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીના જિનાલયમાં શ્રી સંઘે ૨૪ દેરીઓ બનાવવાનો નિર્ણય કરેલ તે પૈકી પ્રથમ દેરીનું ખનનમુહૂર્ત અમુલખભાઈ પરિવારે મા. સુ. ૧૦ના મંગલ મુહૂર્તે કરેલ. ત્યારબાદ પૂજ્યપાદ આ. ભ. શ્રી વઢવાણ પધારેલ છે. ત્યાં મા.વ. ૧૦+૧૧ થી ૦)) સુધી પંચાહ્નિકા મહોત્સવ હોવાથી ત્યાંસુધી પૂજ્ય શ્રી વઢવાણ સ્થિરતા કરશે.

**થરાદ** : પૂ. આ. શ્રીમદ્વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.ના મુ.વિ. શ્રી જયાનંદ આજ્ઞાવર્તી પૂ. મ. સા. આદિ ઠાણાની પરમ પાવન નિશ્રામાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમ આઠદિવસના જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ અને અગ્યાર સ્વામિ વાત્સલ્ય સહ, સાનંદ પૂર્ણ થયા. અલકાબેન ચંપકલાલ દેસાઈ સા. શ્રી અક્ષયકલાશ્રીજી, ભારતીબેન ટીલચંદભાઈ દશાઈ સા. શ્રી ભાગ્ય કલાશ્રીજી, ચંદ્રિકાબેન કીર્તિલાલ વોહરા સા.શ્રી ચિરાગ કલાશ્રીજી, રમીલાબેન હાલચંદભાઈ વારીયા સા. શ્રી રશ્મિપ્રભાશ્રીજી, અલકાબેન કીર્તીલાલ વોહેરા સા. શ્રી આર્જવ કલાશ્રીજી, નયનાબેન રાજમલભાઈ સંઘવી સા. શ્રી નિર્વેદ કલાશ્રીજી, અમિતા બેન સેવંતિલાલ સંઘવી સા. શ્રી. આગમ કલાશ્રીજી, આ પ્રમાણે નૂતન દિક્ષિતોનું નામકરણ કરવામાં આવેલ. મહાસુદ ૩નો માળ મહોત્સવ સંપન્ન કરાવી મહાસુદ ૧૩ના ઉદ્યાપન મહોત્સવ અને જીવિત અઠ્ઠાઈ મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરશે.

## વિષયાનુક્રમ


| | | |
|---|---|---|
| વિપાકો દુઃખના... | પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્ર સૂ.મ. | ૫૮૯ |
| લેખ મીટે નહીં : | ,, | ૫૯૧ |
| કેવી ખુમારી ! | ,, | ૫૯૬ |
| હંસા ચરો મોતીનો ચારો : સંકલક | ,, | ૬૦૦ |
| પ્રભુ તારા સ્મિતમાં... | પૂ.મોક્ષરતિ વિ.મ. | ૬૦૧ |
| વિદ્વત્તાભર્યો વિનોદ : | | ૬૦૨ |
| સમુદ્ર વહાણ સંવાદ: | પૂ.મુ.શ્રી પ્રશમરતિ વિ.મ. | ૬૦૪ |
| ન્યાય મંદિરના વિનોદી પ્રસંગો : | શ્રી કેશવલાલ શાહ | ૬૦૮ |
| ભૂકંપમાં મંદિરો અડીખમ કઇ રીતે રહે છે ? | શ્રી હરિપ્રસાદ સોમપુરા | ૬૧૦ |
| સંગીત દ્વારા આરોગ્ય : | પં. ગોવિંદ વલ્લભ | ૬૧૨ |
| પ્રાર્થના કરીએ.. | પૂ.પં.શ્રી રત્નસુંદર વિ.મ. | ૬૧૪ |
| સર્જાતું સાહિત્ય : | શ્રી જ્ઞાનયાત્રિ | ૬૧૫ |
| શંકા સમાધાન : | શ્રી રાજુભાઇ પંડિત | ૬૧૮ |
| બાલજગત : | શ્રી યુગબાળ | ૬૨૧ |
| જીવદયા ખાતર... | શ્રી ખેતશીભાઇ પી. શાહ | ૬૨૯ |
| સુવિચાર સાર : | પૂ.આ.શ્રી પ્રભાકર સૂ.મ. | ૬૩૧ |
| સમાચાર સાર : | સંકલિત | ૬૩૩ |

KALYAN Regd. No. G-SEN-4


# CO-CO

## METAL FRAMES

૨૧મી સદીની
સુંદર, ટકાઉ અને લેટેસ્ટ ચશ્માની
ફ્રેઈમો એટલે CO-CO બ્રાન્ડ ફ્રેઈમો.
ભારતમાં પ્રથમ વખત જ BABY METAL FRAMES
અનેક વેરાયટીમાં બહાર
પડી ચુકી છે.

-: ભારતમાં સ્પ્રીંગ મેટલ ફ્રેઇમો પ્રથમ વખત બનાવનાર :-

-: CO-CO મેટલ ફ્રેઇમ વાપરવાનો જ આગ્રહ રાખો :-

**ક્રેસન્ટ ઓપ્ટીકલ કંપની ● ક્રાઉન ઓપ્ટીકલ**

સંદીપ મેન્શન, F-૧, ગ્રા. ફલોર, ભાંગવાડી, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ઓફિસ : ૨૦૫૪૮૮૦ : ૨૦૮૬૫૭૯ : ૨૦૫૮૧૮૮
ઘર : ૫૧૧૬૭૨૧ : ૫૧૩૦૭૦૪ : ૫૧૩ ૪૬૭૬